બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૩, અંક-૧૦, ડિસેમ્બર, ૨૦૨૫, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮

## બાળકેળવણીના જયોતિર્ધરો



તંત્રીઃ ડૉ. નીલેશ પંડ્યા | સંપાદકઃ ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## “ટીબી હારેગા, દેશ જીતેગા”



“ટીબી હારેગા, દેશ જીતેગા” થીમ અંતર્ગત ટીબી અવેરનેસ પ્રોગ્રામનું આયોજન પી.જી. અને પી.જી. ડિપ્લોમા વિભાગ તથા NSS યુનિટ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે થયું હતું. મુખ્ય વક્તા તરીકે ડૉ. મોનિકા જોશી (ટીબી અને એચ.આઈ.વી. કોર્ડિનેટર) ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આરોગ્ય વિભાગના શ્રી સંજયભાઈ અને શ્રી આનંદ પટેલે વિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ માહિતી આપી. આ સમગ્ર કાર્યક્રમ માનનીય કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષીની પ્રેરણા અને વિભાગ અધ્યક્ષ પ્રો. અશ્વિન નિસરતાના માર્ગદર્શન હેઠળ ડૉ. કૃષ્ણા ઠક્કર તથા ડૉ. શિલ્પા વાળાના સંકલનમાં યોજાયો હતો.

## રાષ્ટ્રગાન “વંદે માતરમ”ના ૧૫૦ ગૌરવશાળી વર્ષોની ઉલ્લાસભેર ઉજવણી



રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ’ના 150 ગૌરવશાળી વર્ષોની ઉલ્લાસભેર ઉજવણી મા. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સંસ્થામાં ‘વંદે માતરમ્’ના મૂળ સ્વરૂપનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌએ રોજિંદા જીવનમાં સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ તથા ખરીદી કરવાનો સંકલ્પ કર્યો હતો.

## “ઉન્નત ભારત અભિયાન” પ્રશિક્ષણ કાર્યશાળા



ઉચ્ચ શિક્ષણથી ગ્રામ્ય વિકાસ તરફ- યુવાનોમાં ગ્રામ્ય વિકાસની ચેતના પ્રગટાવતો પ્રેરણાદાયી વર્કશોપ પી.જી. અને પી.જી. ડિપ્લોમા વિભાગ દ્વારા “ઉન્નત ભારત અભિયાન” વિષયક એકદિવસીય તાલીમ વર્કશોપનું આયોજન થયું હતું, જેમાં મુખ્ય નિષ્ણાત તરીકે ડૉ. દિવ્યા એન. વસાવા અને સુશ્રી હિરલ પરમારે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તથા ટ્રાઈબલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ ભાવપૂર્વક ઉજવાઈ. જેમાં બિરસા મુંડા ભવન ખાતે રેલી કાઢી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને માનનીય કુલગુરુશ્રી ડૉ. ટી. એસ. જોષી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી તથા આદિજાતિ સંશોધન સંસ્થા, ગાંધીનગરના આસિસ્ટન્ટ રીસર્ચ ઓફિસરશ્રી ડૉ. તેજલબેન અધ્વર્યુ દ્વારા વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન થયું હતું.

# બાળવિશ્વ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**
**વર્ષ : ૧૩, અંક : ૧૦**
**ડિસેમ્બર, ૨૦૨૫**

તંત્રી
**ડૉ. નીલેશ પંડ્યા**
નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક
**ડૉ. કૃણાલ પંચાલ**
એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ
**ડૉ. નીતિન પેથાણી**
**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**
**ડૉ. ટી. એસ. જોશી**
**ડૉ. નીલેશ પંડ્યા**

ડિઝાઇન અને ટાઇપ સેટિંગ
**દિગ્વિજયસિંહ વાઘેલા**

**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar



પત્રવ્યવહારનું સરનામું
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**
જલારામ મંદિરની પાસે,
સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઇટ : www.cugujarat.ac.in

@crugandhinagar









## આ અંકમાં વાંચીશું... બાળકેળવણીના જ્યોતિર્ધરો


સંપાદકીય – ડૉ. કૃણાલ પંચાલ ૦૨
મહાત્મા ગાંધીજી : બાળકેળવણીના જ્યોતિર્ધર – ડૉ. મનહર ઠાકર ૦૩
બાળકેળવણીના જ્યોતિર્ધર રવીન્દ્રનાથ ટાગોર – ડૉ. જિજ્ઞાસા ચાવડા ૦૫
NEP-2020માં બાળકેળવણીના વિચારો – ડૉ. મગનલાલ મોલિયા ૦૮
જે. કૃષ્ણમૂર્તિનું બાળકેળવણીમાં પ્રદાન – ડૉ. દિનેશકુમાર ડી. પરમાર ૧૧
ગિજુભાઈ બધેકાનું ચિંતન અને શિક્ષકની પ્રતિમા – ડૉ. ઋતા પરમાર ૧૩
જુગતરામ દવેના શિક્ષણચિંતનને NEP-2020માં સ્થાન – ડૉ. ભાવના મહેતા ૧૬
ડૉ. મારિયા મોન્ટેસરીના સિદ્ધાંતોનું વિશ્લેષણ – ડૉ. મનીષા એચ. લાખાણી ૧૯
બાળશિક્ષણ ક્ષેત્રે જીન પિયાજેનું પ્રદાન – ડૉ. મયુર વી. ભમ્મર ૨૧
શ્રી નાનાભાઈ ભટ્ટની દૃષ્ટિએ શિક્ષક અને શિક્ષણ – અમીતકુમાર સુરતી ૨૩
શ્રી જુગતરામ દવેના બાલવાડી પ્રયોગો – મહેશ ધીમર ૨૫
ગિજુભાઈના બાળકેળવણીના પ્રયોગો અને ચિંતન – ડૉ. છાયા પારેખ ૨૭
કેળવણીકારોના જીવનની સાધના : બાળઉછેર – ડૉ. દિનુ ચુડાસમા ૩૦
ફ્રોબેલનું કિન્ડરગાર્ટન અને NEP-2020 – અશોકકુમાર બી. પ્રજાપતિ ૩૨
બાળકના વિચારોની દુનિયા : જિન પિયાજેની દૃષ્ટિએ – સાગર એ. ગાંધી ૩૫
શ્રી અરવિંદનું શિક્ષણ દર્શન અને NEP-2020 – ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી ૩૮
મારી જાદુઈ શાળા અને ગાંધીજીના કેળવણી વિચારો – ડૉ. નિષાદ ઓઝા ૪૨
બાળકેળવણીકારો અંગેનાં : સંશોધનોનો સારાંશ – સંદીપ પટેલ ૪૫
ગિજુભાઈ બધેકાનું બાળકેળવણી સંદર્ભે માર્ગદર્શન – હસમુખ બોરાણિયા ૪૮
બાળકના હૃદયનો ધબકાર અને ભારતનું "દિવાસ્વપ્ન" – વશરામભાઈ પટેલ ૫૦
બાળકની ઓળખ : માતૃભાષા – રઘુભાઈ એસ. રબારી ૫૧
બદલાતું પૅરેન્ટિંગ, શિક્ષક અને બાળકેળવણીકારો – ડૉ. ઉષા એસ. શારડા ૫૪
NEP-2020 અને ગિજુભાઈ બધેકાનું બાળકેન્દ્રી ચિંતન – ભાવિકા પટેલ ૫૭
જે. કૃષ્ણમૂર્તિના બાળપણમાંથી શીખવા જેવી વાતો – જાગૃતિ પંડ્યા ૬૦
વેડછીનો વડલો અને કેળવણીનો છાંયડો – વિનોદભાઈ આર. શિયાળ ૬૨
'બાળવિશ્વ' વિશે ૬૪


**બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-**
**ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.**

સંપાદકીય

# બાળકેળવણીના જ્યોતિર્ધરો



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

સમાજની સાચી પ્રગતિ તેની ઈમારતો, રસ્તાઓ કે ટૅક્નોલૉજીથી નહીં, પરંતુ તે સમાજનાં બાળકો કેવી રીતે ઘડાય છે તેના પરથી માપી શકાય છે. આપણે બાળકને માત્ર આવતીકાલના નાગરિક તરીકે નહિ પરંતુ ભવિષ્યની સંભાવનાના દીપક સમાન ગણવા જોઈએ. આ દીવાને જ્ઞાન, સંસ્કાર અને સંવેદનાથી પ્રજ્વલિત કરનાર મહાન વિચારકો, શિક્ષકો અને સમાજસેવકો છે, તેઓ જ સાચા અર્થમાં બાળકેળવણીના જ્યોતિર્ધરો છે. ભારતીય જ્ઞાન પરંપરામાં બાળકેળવણીને હંમેશાં પવિત્ર કાર્ય માનવામાં આવ્યું છે. પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાથી માંડીને આધુનિક શિક્ષણ પ્રણાલી સુધી, શિક્ષણનો મુખ્ય હેતુ માત્ર માહિતી આપવાનો નહીં પરંતુ માનવ ઘડતર કરવાનો રહ્યો છે. શ્રી ગિજુભાઈ બધેકા, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, મારિયા મોન્ટેસરી જેવા વિચારકોએ એક વાત સ્પષ્ટ કરી છે કે બાળકને સમજવું, તેને સ્વતંત્રતા આપવી અને તેની કુદરતી જિજ્ઞાસાને માન આપવામાં જ સાચી કેળવણી સમાયેલી છે.

શ્રી ગિજુભાઈ બધેકાએ તો બાળકના મનને સમજવાનો માર્ગ જ બદલી નાખ્યો. તેમણે કહ્યું કે બાળકને ડરથી નહીં, પ્રેમથી શીખવવું જોઈએ. વાર્તા, રમત, અનુભવ આધારિત પ્રવૃત્તિઓ અને સ્વાભાવિક અભિવ્યક્તિ દ્વારા શિક્ષણ આપવાની તેમની પદ્ધતિ આજે પણ એટલી જ પ્રાસંગિક છે. આપણા શિક્ષણના જ્યોતિર્ધરોએ શિક્ષણને પુસ્તકોમાંથી બહાર કાઢીને જીવન સાથે જોડ્યું છે. આજના સમયમાં જ્યારે સ્પર્ધા, પરીક્ષા અને પરિણામો શિક્ષણના કેન્દ્રમાં આવી ગયાં છે, ત્યારે બાળકેળવણીના આ જ્યોતિર્ધરો આપણને ફરી યાદ અપાવે છે કે બાળક મશીન નથી. દરેક બાળક અનોખું છે. તેની ગતિ, તેની રુચિ અને તેની ક્ષમતાઓ અલગ છે. શિક્ષણનું કાર્ય એ છે કે આ આંતરિક પ્રકાશને ઓલવવાનો નહીં, ફેલાવવાનો પ્રયત્ન કરીએ.

આજના શિક્ષકો, માતા-પિતા, આંગણવાડી કાર્યકરો, બાળસાહિત્યકારો અને સમાજસેવકો પણ આ પરંપરાના વાહક છે. જે કોઈ બાળક સાથે ધીરજ, સમજ અને સંવેદનાથી વર્તે છે, તે જ્યોતિર્ધર બની જાય છે. નાનકડા પ્રયત્નો, એક પ્રેરણાદાયી શબ્દ, એક સકારાત્મક દૃષ્ટિ, એક સહાનુભૂતિપૂર્ણ વર્તન બાળકના જીવનને સોળે કળાએ ખીલવવા માટે પૂરતું હોય છે. નવી શિક્ષણ નીતિ, બાળકેન્દ્રિત અભ્યાસક્રમ અને અનુભવ આધારિત શિક્ષણ જેવી પહેલો ત્યારે જ સફળ થશે જ્યારે તેના અમલમાં આ જ્યોતિર્ધરોની ભાવના જીવંત રહેશે.

પ્રસ્તુત અંક દ્વારા આપણે એ સૌને વંદન કરીએ છીએ, જેમણે બાળકેળવણીના માર્ગે પ્રકાશ પાથર્યો છે અને પાથરી રહ્યા છે. આવો, આપણે પણ આપણા આસપાસનાં બાળકો માટે એક નાનો દીવો બનીએ.

**બાલદેવો ભવ**

# મહાત્મા ગાંધીજી : બાળકેળવણીના જ્યોતિર્ધર



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

બાળકેળવણીના જ્યોતિર્ધર મહાત્મા ગાંધીજીની વિચારધારા અનુસાર બાળકને ક્રિયાના અનુભવમાંથી, પ્રવૃત્તિના અનુભવમાંથી, પ્રકૃતિના અનુભવમાંથી જ્ઞાન મળે છે. એટલે બાળકની કેળવણી માટે ક્રિયાનો અનુભવ આપવો, પ્રવૃત્તિનો અનુભવ આપવો અને પ્રકૃતિનો અનુભવ આપવો જરૂરી છે. આ સર્વેનો આધાર કર્મ-ક્રિયા- કામ પર છે. તેથી બાળકની કેળવણી માટે પ્રવૃત્તિમય અભ્યાસક્રમ રચવાની જરૂર છે.

**પ્રવૃત્તિ :**

ગાંધીજી કહે છે કે, કેળવણીમાં બીજાઓએ આપેલી નિષ્ક્રિય માહિતી નહીં પણ કામ કરતાં કરતાં શીખવાનું કેન્દ્ર સ્થાને છે. બાળક જે શીખે તે તેની વિકસતી પ્રવૃત્તિમાં એકરૂપ થાય તેમાંથી શીખે. બાળક પ્રવૃત્તિમાં અને તેને લગતા ચિંતન માટે રચ્યોપચ્યો રહે તો પરિણામે તે પૂર્ણ આજ્ઞાકારી અને શિસ્તમાં રહેતો થાય છે. વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર, પ્રવૃત્તિ આપનાર શિક્ષકે પણ પ્રવૃત્તિમાં રહેવું જોઈએ.

**ઉદ્યોગ :**

ઉદ્યોગમાં પ્રવૃત્તિ દ્વારા બાળકનું મન ઉચ્ચ તરફ જોડવું તેવો કેળવણીનો હેતુ ગાંધીજી જણાવે છે. બાળકનું મન કામમાં જોડાયેલું રહે તો ઉન્નતિ છે. માણસ માત્રને પ્રવૃત્તિ તરફ આકર્ષણ કે પ્રેમ છે. ગાંધીજી એવું કહે છે કે, બાળકને નાનપણથી પ્રવૃત્તિમાં રસ હોય છે. બાળક પ્રવૃત્તિમાં અનુકરણ કરે છે. બાળકને મળતી નાની મોટી પ્રવૃત્તિઓ જ્ઞાનપ્રાપ્તિનાં કેન્દ્રસ્થાનો છે. અક્ષરજ્ઞાન, અંકજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરેનું જ્ઞાન ઉદ્યોગ શિક્ષણમાંથી મળે. ઉદ્યોગ એ પ્રવૃત્તિમાં યોગ છે. કોઈ પણ હસ્તઉદ્યોગની આખી કલા અને તેનું આખું શાસ્ત્ર વ્યવહાર શિક્ષણ દ્વારા ઓળખાય છે. શિક્ષણમાં પહેલા વ્યવહાર આવે છે પછી શાસ્ત્ર આવે છે. એવા ઉદ્યોગો જેમાં અન્ન, વસ્ત્ર અને આવાસ જેવી મૂળભૂત જરૂરિયાતોનું શિક્ષણ આપવું. વણાટકામ આવાસ રચના વગેરે જેવી સહકાર મૂલક પદ્ધતિઓ અપનાવવી અને હાથ ઉદ્યોગ માટેની પ્રવૃત્તિઓ શીખવવી.

**પ્રકૃતિ દ્વારા શિક્ષણ :**

ગાંધીજીની વિચારધારા પ્રમાણે પ્રકૃતિનો માનવજીવન સાથે ગાઢ સબંધ છે. પ્રકૃતિ પોતાના વિવિધ સ્વરૂપે માણસને એક પ્રકારનું શિક્ષણ આપે છે, આનંદ આપે છે. પ્રકૃતિ નિયમિતતાનું શિક્ષણ આપે છે. પ્રાકૃતિક વાતાવરણ એ બાળકના સમગ્ર અસ્તિત્વનો એક ભાગ છે. પ્રકૃતિ સાથે એકરૂપતા સાબિત કરવા શાળા તથા વર્ગોમાં સૌપ્રથમ ઉત્સવો ઊજવીને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનું છે. જેનાથી પ્રકૃતિ વિશેની જિજ્ઞાસાને વેગ મળે. કેવળ પુસ્તકોમાં વર્ણવેલું પ્રકૃતિ વિશેનું જ્ઞાન બાળકને તેની પ્રતીતિ કરાવી શકતું નથી. પ્રકૃતિની વચ્ચે અનુભવજન્ય પ્રવૃત્તિલક્ષી જ્ઞાન મળે તેવું શિક્ષણ જરૂરી છે. જ્ઞાન જ્યાં સુધી અનુભવનો વિષય ન બને ત્યાં સુધી તે પ્રત્યક્ષ થતું નથી. પ્રત્યક્ષ ન થાય તો જ્ઞાન અસરકારક રહેતું નથી.

**શોધ પ્રવૃત્તિ :**

ગાંધીજીના કેળવણી વિષયક વિચાર મુજબ શિક્ષણમાં બાળકોને એવી પ્રવૃત્તિ આપવી જેમાં કાર્ય, પ્રવૃત્તિ અને શોધ હોય. શિક્ષણની પ્રવૃત્તિમાં બાળક સ્વપ્રયોગ કરે, તેવી પ્રવૃત્તિ આપવી. સ્વપ્રયોગ થાય ત્યારે સ્વાધ્યાય થાય, એ સ્વાધ્યાયથી શું તારણ મળે તે શોધ છે. પ્રકૃતિમાં જે પ્રાપ્ત છે, તેની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન એટલે શોધ છે. પ્રકૃતિની વચ્ચે પ્રવૃત્તિ એ પ્રયોગશીલ હોય અને પ્રયોગના અંતે મળેલું તારણ એ શોધ હોય. એવી શોધ સમાજના ઉપયોગ માટે હોય. શોધ આધારિત શિક્ષણમાં

બાળકને પ્રવૃત્તિ કે ક્રિયા કરવા શું કરવું તેની જાણકારી મળે. તેનામાં જિજ્ઞાસા ઊભી થાય. દા.ત. વિદ્યાર્થી મોટરના રમકડા વડે રમતો હોય તો એ રમકડાનું પોતે નિરીક્ષણ કરે, તે મોટરનાં પૈડાં છૂટાં પાડે, મોટરના ભાગો ખોલે, વળી પાછું એ જ પ્રમાણે બધા ભાગો ફિટ કરે. આ એક શોધ પ્રક્રિયાની પ્રવૃત્તિ જ છે.આ પ્રવૃત્તિ એને અસરકારક રીતે કેળવણી આપે છે. વિદ્યાર્થી જે શોધ પ્રવૃત્તિ કરે છે, તેમાં નિરીક્ષણ કરે, બાદ એને વિચાર આવે છે, ત્યારબાદ કલ્પના કરે છે, ત્યારબાદ પરિકલ્પના રચાય છે, તે પ્રમાણે પ્રવૃત્તિ કે કાર્ય કરે, પછી પરિણામ મળે ત્યાં સુધી કાર્ય કરે એ શોધની પ્રક્રિયા છે.

શોધ એ કશુંક શીખવાની પ્રવૃત્તિ પણ છે. શોધ એ સમાજ ઉપયોગી કાર્ય બની જાય છે. શોધ જ્ઞાનનો સુધારો કરે છે. શોધ દ્વારા વ્યક્તિ જ્ઞાન પ્રાપ્તિ માટે સ્વનિર્ભર બને છે. શોધ દ્વારા મળેલું જ્ઞાન ચકાસાય તેવું હોવાનું. શોધ બાળકને વાસ્તવિક જ્ઞાન તરફ લઈ જાય છે. શોધમાં પ્રત્યક્ષ પ્રક્રિયા થાય છે. બાળક સ્વપ્રેરણાથી આગળ વધે છે. તે સ્વાવલંબી બને છે. જ્ઞાનની બાબતે અને સ્વાવલંબી બને છે. મથવું અને મેળવવું એ જ્ઞાન સંપાદનની શોધના શબ્દો છે. શોધનો સિદ્ધાંત સમાજને ઉપયોગી બને છે. ઉત્પાદનલક્ષિતા ઉત્પન્ન થાય છે. શાળાઓમાં ગણિત, વિજ્ઞાનના મેળાઓ એ શોધ તરફ લઈ જાય છે. શોધમાં હૈયું, મસ્તક અને હાથ ત્રણેય કામ કરે છે.

**સંવાદ પદ્ધતિ :**

ગાંધીજીએ સૂચવેલો સંવાદ એ શિક્ષણની એક પદ્ધતિ પણ છે. સંવાદી જીવન વ્યાવહારિક અભિગમ છે. અહીં બાળક સંવાદી જીવન વ્યવહાર તરફ જાય એવી કેળવણી આપવાની વાત છે. વિવાદ નહીં પણ સંવાદ. સંવાદ એટલે જીવનની એકસૂત્રતા, એકમત. સંવાદ એટલે મનમેળ. સંવાદી પદ્ધતિથી મનની વિશાળતા, દરેકનો વિચાર સ્વીકારવાની ટેવ. બાળક સાથે સંવાદ ન થાય ને તેને માત્ર શ્રોતા જ બનાવી દેવાય તે યોગ્ય નથી. બાળકને કંઈક કહેતો કરવો, તે બોલતો થાય, વાતચીત કરતો થાય, તેની સાથે વાતચીતનો દોર ચલાવવો વગેરે આ પદ્ધતિનાં લક્ષણો છે, જેથી બાળક વિચારને ચોક્કસ શબ્દોમાં, ક્રમબદ્ધ ગોઠવતાં શીખે છે. તેથી તે પોતાની અંદર પડેલા વિચારોને વ્યક્ત કરતો થાય છે. તેને અભિવ્યક્તિની તક આપવામાં આવે. તે પોતાની પીડાઓ વિશે જણાવી શકે, મૂંઝવણો જણાવી શકે. જેની સાથે સંવાદ સધાય તે સાહચર્ય અનુભવે છે. તેથી સદ્‌ભાવ પેદા થાય છે. અરસપરસ સૌજન્યપૂર્વકનો વ્યવહાર શીખાય છે. સંવાદ કરવાથી અન્યને પ્રેરણા મળે, અન્યના વિચારનો સ્વીકાર કરવાની ટેવ પડે. આ ટેવ વડે બાળક ઘરમાં પોતાની આવડત પ્રગટ કરી શકે. સંવાદની તક મળતાં બાળક પ્રોત્સાહિત થાય. આ પદ્ધતિથી બાળક આત્મવિશ્વાસુ બને છે.

**સહશિક્ષણ :**

જેમાંથી નૈતિકતા અને પ્રેરણા આવે, સામાજિક સંબંધો ઊભા થાય, પ્રેમ, ભાઈચારો, હમદર્દી, સ્વશિસ્ત અને આત્મનિયંત્રણ આવે તેવા સહશિક્ષણની ગાંધીજી હિમાયત કરે છે. જ્યાં મુક્ત વાતાવરણ હોય, આચાર-વિચાર સંવાદી હોય, સંવાદી જીવનમાં સ્વાર્થ દૂર કરવાની ભાવના હોય તેવું બાળકેન્દ્રી શિક્ષણ જરૂરી છે.

**ગાંધીજીની બાળકેળવણી વિષયક વિચારધારાઓનો સમન્વય :**

શિક્ષણ એ આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્ર છે. તેને ધ્યાનમાં રાખીને ગાંધીજીની વિચારધારા પ્રમાણે તેમના બાળકેળવણી વિષયક વિચારોમાં ચાર વિચારધારાઓનો સંગમ છે : પ્રકૃતિવાદી વિચારધારા, આદર્શવાદી વિચારધારા, વ્યવહારવાદી વિચારધારા અને વાસ્તવવાદી વિચારધારા, પ્રકૃતિવાદી વિચારધારામાં પ્રકૃતિની સુંદરતામાંથી કેળવણી. આદર્શવાદી વિચારધારામાં ચારિત્ર નિર્માણ કરવાની કેળવણી અને સર્વ શક્તિમાન ઈશ્વરમાં શ્રદ્ધા, નૈતિકતા અને આધ્યાત્મિકતા, જે આત્મસિદ્ધાર્થે હોય. વ્યવહારવાદી વિચારધારામાં કંઈ પણ કરો એ પ્રયોગ તરીકે કરવું અને તેમાંથી તારણ મળે, તેમાંથી શીખવા મળે તે વ્યવહાર છે. વાસ્તવવાદી વિચારધારામાં અવાસ્તવિક નહીં તેમ જીવન દ્વારા શિક્ષણ, એ ગાંધીજીની બાળકેન્દ્રી કેળવણી છે.

# બાળકેળવણીના જ્યોતિર્ધર રવીન્દ્રનાથ ટાગોર



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

રવીન્દ્રનાથ ટાગોરની બાળકેળવણી વિષયક વિચારધારામાં સૌંદર્યની ઉપાસના છે. તેમની શિક્ષણની વિભાવનામાં સૌંદર્યબોધક શિક્ષણનું સ્થાન ઘણું ઊંચું છે. બાળકેળવણીમાં સંગીત, કલા અને નૃત્યની સૌંદર્યબોધક પ્રવૃત્તિઓના આનંદની મહત્તા; તેમના મતે આનંદની અભિવ્યક્તિ બાળકના સશક્ત જુસ્સાને જીવંત અને સર્જનશીલ રાખે છે. ટાગોરના મત મુજબ કોઈ શાળાના વર્ગખંડમાં બાળકને મોરનું ચિત્ર બતાવીએ અથવા ટેપ કરેલો મોરનો અવાજ સંભળાવીએ કે નૃત્ય કરતાં મોરની ફિલ્મ બતાવીએ તેના બદલે ઉપવનમાં નૃત્ય કરતો મોર અને તેના ટહુકાનો પ્રત્યક્ષ અનુભવ પ્રકૃતિ (નિસર્ગ )માં જ કરાવીએ તો એ ખરી બાળકેળવણી છે. વળી, ગુલાબનાં પુષ્પનું ચિત્ર કે નમૂનો વર્ગખંડમાં બાળક સામે દર્શાવીએ તેના બદલે બાગમાં છોડ પર ખીલેલા ગુલાબના પુષ્પનો પ્રત્યક્ષ અનુભવ આપીએ તથા તેની સુગંધ લેવડાવીએ તો બાળક સૌંદર્યબોધક કેળવણી પામે છે.

**કેળવણી દ્વારા જીવનની સમગ્રતાનો ખ્યાલ :**

બાળકેળવણીનો ટાગોરનો અભિગમ જીવનને તેની સમગ્રતામાં સ્વીકારવાનો હતો. તેમની દૃષ્ટિએ જીવનની પૂર્ણતા અનુભવની સમગ્રતામાં રહેલી છે. પૂર્ણતાની અભિવ્યક્તિ એ જ સભ્યતા છે. જો બાળકો માટેની શિક્ષણસંસ્થા જીવન અને પ્રકૃતિના સંયોગથી ઊભી થઈ હોય તો જ શિક્ષણ અને માનવજીવન, બન્ને પોતાની પૂર્ણતાઓ પ્રાપ્ત કરી શકે. કારણ કે બાળકનો જન્મ પ્રકૃતિ અને માનવસમાજ ઉભયમાં થયેલો છે. શિક્ષણ દ્વારા જીવનની સમગ્રતાની પ્રતીતિ થવી જોઈએ એ એમના ચિંતનનો પ્રધાન સૂર છે.

**માનવતાવાદી અભિગમ :**

ટાગોરે વિશ્વને માનવમય જોયું. વિશ્વ એક માળો છે, તેવું પોતે માને છે, જે બાળકને શીખવીએ. તેઓ મનુષ્યને વિશ્વમય જોવા આતુર હતા કારણ કે મૂલ્ય પ્રાપ્તિ કે પ્રીતિ મનુષ્યના માધ્યમથી જ થઈ શકે. આ વિશ્વ મનુષ્યનું વિશ્વ હોવાથી તેના વિશેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ મનુષ્યનો જ છે. તેથી બાળકેળવણીમાં તેઓ માનવજાતના વિશ્વમય ચિત્તનો વિચાર કરે છે. પોતે ઈશ્વરને પણ મનુષ્યના સ્વરૂપમાં જ નિહાળે છે. તેમના શબ્દોમાં ઈશ્વર ત્યાં જ રહેલો છે, જ્યાં ખેડૂતો ખેડે છે, જ્યાં રસ્તો બનાવનારા પથરા તોડે છે. મનુષ્ય માટેના પ્રેમમાંથી જ કદાચ પોતે બાળશિક્ષણ તરફ દોરાયા હશે અને આ નવતાવાદી દષ્ટિકોણે જ તેમનામાં આંતરરાષ્ટ્રીયતાવાદી વિભાવનાને જન્મ આપ્યો હશે.

**બાળકના માનસિક વિકાસમાં ગતિશીલતા અને સંવાદિતા :**

ટાગોરનો મત છે કે, બાળકનું શિક્ષણ માતૃભાષામાં અપાવું જોઈએ અને તે પણ શહેરના ધમાલિયા વાતાવરણથી દૂર પ્રકૃતિની ગોદમાં રહીને અપાવું જોઈએ. કેળવણી મેળવનાર બાળકને તન-મનનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવું જોઈએ. આ મોકળાશ જ તેનામાં નવી દૃષ્ટિ આપશે. પ્રકૃતિના સાહચર્યની સાથોસાથ સામાજિક સંપર્કોની તકો આપી તેનામાં સમાજસેવાની ભાવનાનો વિકાસ કરવો જોઈએ. બાળકોને મૌલિક સર્જન કરવા પ્રેરે તેવી રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા તેને આત્મપ્રદર્શનની તકો આપવી જોઈએ. ભારતીય સંસ્કૃતિ અને તેના ભવ્ય વારસાથી અવગત રહે તેવું રાષ્ટ્રીય શિક્ષણ અપાવવું જોઈએ. બાળકોના સર્વાંગીણ વિકાસ દ્વારા તેને પૂર્ણ માનવ બનાવે તેવી શિક્ષણવ્યવસ્થા ગોઠવવી જોઈએ. કેવળ પુસ્તકિયા જ્ઞાન વડે નહીં પરંતુ જ્ઞાનાર્જનના પ્રત્યક્ષ સ્રોતો દ્વારા, સ્વાનુભવે સ્વશિક્ષણ પ્રાપ્ત કરીને સ્વથી સમષ્ટિના કલ્યાણાર્થે પ્રવૃત્ત બને તેવું શિક્ષણ અપાવું જોઈએ. બાળકને

સ્વાસ્થ્ય અને શક્તિ બક્ષે તેવી કેળવણીની જરૂર છે. વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓના દ્વારા બાળકના માનસિક વિકાસમાં ગતિશીલતા અને સંવાદિતાનો ઉમેરો થતો હોય છે.

**બાળકેન્દ્રી કેળવણી વિશેનો અભ્યાસક્રમ** :

ટાગોરના વિચાર મુજબ બાળકના દૈનિક જીવનને સ્પર્શતા વિષયો, માત્ર બૌદ્ધિક જ નહિ, આર્થિક સમસ્યાઓને ઉકેલે તેવા વ્યાવસાયિક તાલીમના વિષયો ઉપરાંત બાળકોમાં આંતરરાષ્ટ્રીય સમજ રીતભાત તથા સાહિત્યની સમજ ખીલવે તેવા વિષયોને અભ્યાસક્રમમાં આવરી લેવા જોઈએ. તેઓએ ઈતિહાસ, ભૂગોળ, ખેતી, પ્રકૃતિ નિરીક્ષણ તથા વ્યાવહારિક વિજ્ઞાનની સાથે સાથે બાગાયતી કામ, પ્રયોગશાળા, ચિત્ર, મૌલિક કલાસર્જન, વિભિન્ન વસ્તુઓનો સંગ્રહ, વિવિધ ઉદ્યોગ જેવા કે હસ્તકલા, ચર્મકામ, કાંતણ-વણાટ, માટીકામ, પ્રદર્શન, નૃત્ય, નાટક, સમાજસેવા, સ્વયંશિક્ષણ જેવા વિવિધ વિષયો અને પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસક્રમને આધુનિકરૂપે ઘડવાની વાત કરી છે.

**શિક્ષણપદ્ધતિ** :

ટાગોરની શિક્ષણપદ્ધતિ વિશેની વિચારણા બહુધા માનસશાસ્ત્રીય વિચારધારા પર આધારિત હતી. તેઓ જ્ઞાત વસ્તુઓના જ્ઞાન પરથી અજ્ઞાત તરફ લઈ જતી શિક્ષણપદ્ધતિને અસરકારક માને છે. જે કંઈ પરિચિત છે તેને જો બાળક સંપૂર્ણ સમજી શકે તેના પરથી જે કંઈ અપરિચિત, અદૃષ્ટ છે તેને સમજી શકશે. આ ઉપરાંત શિક્ષણ પદ્ધતિ દ્વારા સ્વયં-વિકાસને પણ શિક્ષણની પદ્ધતિ પોતે માને છે. બાળકોને સરકસનાં પ્રાણીઓની જેમ જડ તાલીમ ન આપતાં મુક્ત શિક્ષણ પદ્ધતિની પોતે ભલામણ કરે છે. તેઓના મતાનુસાર બાળકોની રુચિ અને આવેગો અનુસાર જીવનની વાસ્તવિકતાઓ પર આધારિત જે કોઈ પદ્ધતિ હોય તેવી શિક્ષણ પદ્ધતિને તેઓ આવકારતા હતા.

**વાદ-વિવાદ તથા પ્રશ્નોત્તર પદ્ધતિ અથવા જવાબ પદ્ધતિ** :

ટાગોર સ્પષ્ટ કહે છે કે,ગોખણપટ્ટીના આધારે અપાતા જવાબો નહિ પણ વિચારપૂર્વક, સમજપૂર્વક અપાતા જવાબો વિદ્યાર્થીના ભીતરી જ્ઞાનને પ્રદર્શિત કરે છે. જેને જીવન અને સમાજનું વાસ્તવિક જ્ઞાન હોય તે જ પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા જ્ઞાનનું આદાનપ્રદાન કરી શકે છે. વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ પ્રકારની સમસ્યાઓ મૂકી તેના ઉકેલ માટે સંવાદ-ચર્ચા, પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ કરવાથી શિક્ષણનો હેતુ જળવાય છે.

**ચલન પદ્ધતિ** :

ભ્રમણ દ્વારા શિક્ષણની પદ્ધતિને ટાગોર ઉપયોગી પદ્ધતિ તરીકે ઓળખાવે છે. તેમના મતાનુસાર શૈક્ષણિક હેતુઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને આખાય ભારતનું ભ્રમણ કરાવ્યું હોય તો તેમની કેળવણી દૃઢ બને જ. ચલન પ્રવૃત્તિ અવલોકન દ્વારા અધ્યયનની ઘણી તકો પૂરી પાડે છે. જીવંત મનુષ્ય માટે આવું ગતિશીલ અધ્યયન ઘણું જ ફળદાયી છે.

**ક્રિયા વિધિ (પ્રવૃત્તિ પદ્ધતિ)** :

ટાગોરના મતાનુસાર ક્રિયા, શરીર તથા મન એમ ઉભયમાં શક્તિ પ્રદાન કરે છે. તે વિવિધ હસ્તકારીગરી, માટીકામ, સર્જકતાને પ્રેરે છે .તેવી અનેકવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા બાળકનું શિક્ષણકાર્ય સઘન બને છે.

**પ્રકૃતિની ગોદમાં કેળવણી** :

રવીન્દ્રનાથ ટાગોરના બાળકેન્દ્રી શિક્ષણમાં પ્રકૃતિવાદ અને આદર્શવાદની વિચારધારા સ્ફુટ થાય છે. પોતે સ્પષ્ટ માને છે કે પ્રકૃતિની ગોદમાં જ શિક્ષણ હોય. તેમનું બાળકેન્દ્રી શિક્ષણ અંગેનું ચિંતન પ્રકૃતિને બે રીતે નિહાળે છે : (૧) નૈસર્ગિક ( પ્રકૃતિ) અને, (૨) સ્વભાવ (પ્રકૃતિ).

**શારીરિક અને માનસિક કેળવણી** :

ટાગોરના જણાવ્યા પ્રમાણે એકદમ શિશુ અવસ્થાએ માનો ખોળો એ પણ પ્રકૃતિ છે. જ્યાં બાળક વાત્સલ્ય, પ્રેમ, સહાનુભૂતિ, કદર, અને સલામતી અનુભવે છે. પ્રકૃતિ જ ઉત્તમ શિક્ષણ છે. બાળક સ્વભાવે ચંચળ હોય છે. તેને નિષ્ક્રિયતા ગમતી નથી. પ્રવૃત્તિશીલતા એ તેમની મૂળભૂત પ્રકૃતિ છે. જો તેને પ્રવૃત્તિ ન આપીએ તો શક્તિ રૂંધાય છે. પ્રવૃત્તિ કરવામાં તેનું શરીર

નહીં પણ મન પણ સક્રિય હોય છે. એટલે તેનું મન કેળવાય છે. બાળકને ક્રિયા આપીએ તો શારીરિક અને માનસિક બંને ક્રિયા દ્વારા શિક્ષણ થાય. જો આ બંને વચ્ચે લય ન હોય તો જીવનમાં અસમાનતા ઊભી થાય. એટલા માટે બાળકને પ્રવૃત્તિશીલ શિક્ષણ આપીએ તો બાળવયથી તેને આ બંને વચ્ચે મેળ સાધવાનો સમય મળે છે.

**પ્રવૃત્તિની કર્મશાળા :**

શરીર અને મનનો લય જાળવવા ટાગોરે બાળકેન્દ્રી શિક્ષણમાં પ્રવૃત્તિનો આધાર લીધો છે. બાળકને ગૃહકલા શીખવવી, તેને હસ્તકલા શીખવવી, આસનના પટ્ટા બનાવતાં શીખવીએ, કામળી બનાવતાં શીખવીએ, કપડાનું રંગકામ કરતાં શીખવીએ અને કાગળ કામ પણ એમને શીખીએ. એ નાનકડા હાથથી કામ કરી શકે તેવી ગૃહકલા, મકાનોની સફાઈ  અને દેખભાળ, જેમાંથી પ્રવૃત્તિની કૃષિ કર્મશાળા ઊભી થાય. ખેતી, બાગાયત, જેમાંથી રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ભવન નિર્માણ તથા ભોજન બનાવતાં શીખે. ભોજન બનાવતાં  શીખે, પીરસવાનું શીખવવું, કપડાં સીવવાં, કપડાં ધોવાનું શીખવવું. સ્વચ્છતા અને સ્વસ્થતા શીખવવી.

**ભ્રમણ અને  કેળવણીનો અભિગમ :**

ટાગોરના મત મુજબ ચાલતાં, ફરતાં ફરતાં વાંચન ચિંતન કરે તેવી પદ્ધતિ બાળક માટે મહત્ત્વની છે. વાંચતી વખતે ટહેલવું,ભ્રમણ કરવું;  ભ્રમણ કરતી વખતે લેખન અને ચિત્રાંકન, નૃત્ય અને અભિનયને પણ ક્રિયા દ્વારા શિક્ષણમાં સ્થાન આપવું જોઈએ. ક્રિયા દ્વારા શિક્ષણ એ સહજ પ્રવૃત્તિ છે. એટલે ટાગોર ચલન પદ્ધતિના હિમાયતી છે.

**રમતગમત અને બાળ કેળવણી :**

બાળવયે શિક્ષણમાં રમતગમત પ્રવૃત્તિ આપવા પર ટાગોરે ભાર મૂક્યો છે. પ્રૌઢનો જેને રમત સમજે છે, તે બાળકને મન તો કામ અને પ્રવૃત્તિ છે. રમતગમતથી સંવેગનું પ્રશિક્ષણ થાય છે. રમતગમતથી સહાનુભતિ આવે છે. તેથી સંઘભાવના, સહકાર વગેરે ગુણો વિકસે છે. પ્રવૃત્તિઓ, કલા, હસ્તકલાઓ દ્વારા બાળકને કેળવણી પ્રાપ્ત થતી હોય છે.

---


**હવે**

# બાળવિશ્વ

**વાંચો અને**

# સાંભળો પણ..!



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યું છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્ય : અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# NEP-2020માં બાળકેળવણીના વિચારો



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૬૮૭૬૯૩૨૪૧

ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 દેશની શિક્ષણ પ્રણાલી માટે એક પરિવર્તનશીલ દૃષ્ટિકોણ રજૂ કરે છે, જેનો ઉદ્દેશ્ય બધા માટે સમાન, સમાવિષ્ટ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી શિક્ષણ તકોને પ્રોત્સાહન આપવાનો છે. તેના મૂળમાં, નીતિ શિક્ષણ પ્રત્યે બાળ-કેન્દ્રિત અભિગમને મૂર્ત બનાવે છે, જે યુવાન શીખનારાઓના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપે છે. ''બાળ કેળવણીકારના વિચારો'' વાક્યને દાર્શનિક આધાર અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો તરીકે અર્થઘટન કરી શકાય છે જે બાળકને શૈક્ષણિક પ્રક્રિયાના કેન્દ્રમાં રાખે છે. આ વૈશ્વિક અને સ્વદેશી શૈક્ષણિક વિચારકો પાસેથી લેવામાં આવ્યું છે જેઓ ગોખણપટ્ટી યાદ રાખવા કરતાં રમત, પૂછપરછ અને અનુભવ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. NEP 2020 મારિયા મોન્ટેસરી, જીન પિયાજે અને ફ્રેડરિક ફ્રોબેલ જેવા અગ્રણીઓના પ્રભાવને પ્રતિબિંબિત કરે છે, જેઓ બાળકોને જ્ઞાનના નિષ્ક્રિય પ્રાપ્તકર્તાઓને બદલે સક્રિય, જિજ્ઞાસુ સંશોધકો તરીકે જોતા હતા. નીતિમાં આ આંકડાઓનું સ્પષ્ટ નામ આપવામાં આવ્યું નથી, પરંતુ તેનું ધ્યાન બાળપણની સંભાળ, પાયાની કુશળતા અને શીખનાર-કેન્દ્રિત પદ્ધતિઓ પર કેન્દ્રિત છે. આ લેખ NEP 2020 આ વિચારોને કેવી રીતે સમાવિષ્ટ કરે છે, સુસંગત સારી રીતે, નૈતિક અને નવીન વ્યક્તિઓને ઉછેરવા માટે શિક્ષણનું પુનર્ગઠન કરે છે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે.

**દાર્શનિક પાયો : બાળકને સક્રિય શીખનાર તરીકે જોવું :**

NEP 2020 મૂળભૂત રીતે બાળકને માહિતીથી ભરેલા પાત્ર તરીકે નહીં પરંતુ જન્મજાત ક્ષમતાઓ ધરાવતી એક અનન્ય વ્યક્તિ તરીકે પુનઃકલ્પના કરે છે, જેને લવચીક અને આકર્ષક અનુભવો દ્વારા ઉછેરની જરૂર હોય છે. નીતિ ભારપૂર્વક જણાવે છે કે બાળકોમાં વિવિધ શક્તિઓ હોય છે - જ્ઞાનાત્મક, સામાજિક, ભાવનાત્મક અને શારીરિક - જેને સર્વાંગી રીતે ઉછેરવી જોઈએ. આ પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના તબક્કાઓ સાથે સુસંગત છે, જ્યાં બાળકો તેમના પર્યાવરણ સાથે ક્રિયાપ્રતિક્રિયા દ્વારા જ્ઞાનનું નિર્માણ કરે છે, અને મોન્ટેસરી તૈયાર વાતાવરણમાં સ્વ-નિર્દેશિત પ્રવૃત્તિ પર ભાર મૂકે છે. બાળકને એક સક્રિય સહભાગી તરીકે જોવામાં આવે છે જે પડકારો માટે વ્યક્તિગત સમર્થન, સમાનતા અને પ્રારંભિક હસ્તક્ષેપ માટે હકદાર છે, ખાસ કરીને અનુસૂચિત જાતિ, જનજાતિ, લઘુમતીઓ અને અપંગ બાળકો જેવાં સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથો (SEDG)ના લોકો માટે.

આ દૃષ્ટિકોણ શિક્ષણને એક-કદ-બંધબેસતા-બધા મૉડેલથી એવા મૉડેલમાં ફેરવે છે જે વ્યક્તિગત ગતિ, રુચિઓ અને સાંસ્કૃતિક સંદર્ભોનો આદર કરે છે. ઉદાહરણ તરીકે, નીતિ બહુભાષિતાને પ્રોત્સાહન આપે છે, ઓછામાં ઓછા ધોરણ ૫ સુધી માતૃભાષાનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરે છે, તે માન્યતા આપે છે કે બાળકો પરિચિત ભાષાઓમાં શ્રેષ્ઠ શીખે છે, જે જ્ઞાનાત્મક લાભોને વધારે છે અને અલગતા ઘટાડે છે. તે ભારતીય નૈતિકતાને પણ એકીકૃત કરે છે, તક્ષશિલા અને નાલંદા જેવી પ્રાચીન પરંપરાઓ પર આધારિત છે, જ્યાં બહુશાખાકીય શિક્ષણમાં કલા, વિજ્ઞાન અને વ્યવસાયોનો સમાવેશ થાય છે - રમત અને પ્રકૃતિ દ્વારા શીખવાની પદ્ધતિ ફ્રોબેલની ''કિન્ડરગાર્ટન'' ખ્યાલનો પડઘો પાડે છે.

**પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE) : વિકાસનો પાયો :**

NEP 2020માં બાળકેળવણીકાર વિચારોનાં સૌથી ઊંડાં પ્રતિબિંબોમાંનું એક એ છે કે તેનો પ્રારંભિક બાળપણ

સંભાળ અને શિક્ષણ (ECCE) પર ભાર મૂકવામાં આવ્યો છે, જે 3 થી 8 વર્ષની વયનાં બાળકોને લક્ષ્ય બનાવે છે. નીતિ સ્વીકારે છે કે 85% થી વધુ મગજ વિકાસ 6 વર્ષની ઉંમર પહેલાં થાય છે, જેના કારણે 2030 સુધીમાં ગુણવત્તાયુક્ત ECCE સુધી સાર્વત્રિક પહોંચ જરૂરી છે. આ તબક્કો લવચીક, બહુપક્ષીય અને રમત-આધારિત તરીકે ડિઝાઇન કરવામાં આવ્યો છે, જેમાં શારીરિક, જ્ઞાનાત્મક, સામાજિક-ભાવનાત્મક અને નૈતિક ક્ષમતાઓ વિકસાવવા માટે કોયડાઓ, ચિત્રકામ, સંગીત અને વાર્તા કહેવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

મોન્ટેસોરીના તૈયાર વાતાવરણ અને ફ્રોબેલની ભેટો (રમતસામગ્રી)થી પ્રેરિત, NEPમાં ECCE ભારતીય પરંપરાઓનાં તત્ત્વો - સ્થાનિક વાર્તાઓ, રમતો અને હસ્તકલા સાથે પૂછપરછ-આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપે છે. ECCE માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર માળખું (NCPFECE) આનું માર્ગદર્શન આપશે, જેમાં 0-3 અને 3-8 વર્ષની વયનાં બાળકો માટે પેટા-માળખાઓ હશે. ડિલિવરી મિકેનિઝમ્સમાં મજબૂત આંગણવાડીઓ, સહ-સ્થિત પ્રિ-સ્કૂલ અને 5-6 વર્ષની વયના બાળકો માટે બાલવાટિકાનો સમાવેશ થાય છે, જેમાં ECCE-લાયક શિક્ષકો અને સાક્ષરતા અને ગણિત માટે રમત-આધારિત મૉડ્યૂલનો સમાવેશ થાય છે.

આ નીતિ સમાવેશને પ્રાથમિકતા આપે છે, ખાસ જરૂરિયાતો ધરાવતાં બાળકો (CWSN) માટે રહેઠાણ ફરજિયાત બનાવે છે અને પ્રવેશ અને જાળવણીમાં અંતરને દૂર કરવા માટે SEDG ને લક્ષ્ય બનાવે છે. આ સર્વાંગી અભિગમ ECCE ને ફક્ત શાળા માટેની તૈયારી તરીકે જ નહીં પરંતુ જીવનભર શિક્ષણ, આરોગ્ય અને નૈતિક વર્તન માટેના પાયા તરીકે જુએ છે, જે બાળકેળવણીકારની શરૂઆતના તબક્કાથી જ સંપૂર્ણ બાળકનું પાલન-પોષણ કરવાની માન્યતાને પ્રતિબિંબિત કરે છે.

**પાયાગત સાક્ષરતા અને ગણિત : શીખવાની કટોકટીને સંબોધિત કરવી :**

NEP 2020 પાયાગત સાક્ષરતા અને ગણિતને ''તાત્કાલિક રાષ્ટ્રીય મિશન'' જાહેર કરે છે, જેનો હેતુ 2025 સુધીમાં ગ્રેડ 3 સુધીમાં સાર્વત્રિક સિદ્ધિ મેળવવાનો છે. આ એક કટોકટીને સંબોધે છે જ્યાં 5 કરોડથી વધુ પ્રાથમિક વિદ્યાર્થીઓમાં મૂળભૂત કુશળતાનો અભાવ છે, જે પિયાજે ના કૉંક્રીટ ઑપરેશનલ સ્ટેજમાંથી લેવામાં આવે છે જ્યાં બાળકોને ખ્યાલોને સમજવા માટે વ્યવહારુ અનુભવોની જરૂર હોય છે.

મૂળભૂત શિક્ષકની ખાલી જગ્યાઓ ભરવા, વિદ્યાર્થી-શિક્ષકનો ઓછો ગુણોત્તર (30:1 થી ઓછો) જાળવવા અને શિક્ષકો માટે સતત વ્યાવસાયિક વિકાસ (CPD)નો સમાવેશ થાય છે. અભ્યાસક્રમ પારસ્પરિક અસર કરનાર કાર્યક્રમ, પીઅર ટ્યૂટરિંગ અને સમુદાય સ્વયંસેવકો દ્વારા વાંચન, લેખન અને અંકગણિત માટે દૈનિક સમર્પિત સમય પર ભાર મૂકે છે. ધોરણ 1 માટે 3-મહિનાનો રમત-આધારિત તૈયારી મૉડ્યૂલ મૂળાક્ષરો અને સંખ્યાઓ જેવી મૂળભૂત બાબતોનો સહયોગથી પરિચય કરાવે છે.

DIKSHA પર રાષ્ટ્રીય ભંડાર, ભાષા અવરોધો માટે તકનીકી હસ્તક્ષેપ અને સ્થાનિક ભાષાના પુસ્તકો સાથે વિસ્તૃત પુસ્તકાલયો જેવાં સંસાધનો આને સમર્થન આપે છે. મધ્યાહ્ન ભોજન અને માનસિક સ્વાસ્થ્ય પરામર્શ જેવી પોષણ અને આરોગ્ય પહેલ, બાળકેળવણીકારના સર્વાંગી દૃષ્ટિકોણને રેખાંકિત કરે છે, ખાતરી કરે છે કે શારીરિક સુખાકારી જ્ઞાનાત્મક વિકાસમાં મદદ કરે છે.

**બાળ-કેન્દ્રિત શિક્ષણશાસ્ત્ર અને સર્વાંગી વિકાસ : ગોખણપટ્ટી શિક્ષણથી બહાર :**

નીતિનું શિક્ષણશાસ્ત્ર અનુભવલક્ષી, પૂછપરછ-સંચાલિત અને શીખનાર-કેન્દ્રિત છે, ગોખણપટ્ટી યાદ રાખવાથી વિવેચનાત્મક વિચારસરણી અને સર્જનાત્મકતા તરફ આગળ વધે છે - પરંપરાગત પદ્ધતિઓનો સીધો ઠપકો અને જોન ડેવી જેવા પ્રગતિશીલ શિક્ષકોનો સ્વીકાર. પુનર્ગઠિત 5+3+3+4 અભ્યાસક્રમ ડિઝાઇન (મૂળભૂતઃ 3-8 વર્ષની ઉંમર; તૈયારીઃ 8-11; મધ્યમઃ 11-14; માધ્યમિકઃ 14-18) કલા, વિજ્ઞાન અથવા વ્યાવસાયિક

વિષયો વચ્ચે કોઈ કઠોર વિભાજન વિના, લવચીકતાને ભાર આપે છે.

સાકલ્યવાદી વિકાસ વૈજ્ઞાનિક સ્વભાવ, સંદેશાવ્યવહાર, નીતિશાસ્ત્ર અને પર્યાવરણીય જાગૃતિ જેવી કુશળતાને એકીકૃત કરે છે.

કલા અને રમતગમત - 'કલા-સંકલિત' અને 'રમતગમત-સંકલિત' શિક્ષણ દ્વારા - સહયોગ અને સાંસ્કૃતિક જોડાણને પ્રોત્સાહન આપવા માટે, મોન્ટેસોરીની સંવેદનાત્મક સામગ્રી અને ફ્રોબેલની ચળવળ પર ભાર સાથે સંરેખિત થાય છે. ધોરણ 6-8થી વ્યાવસાયિક અનુભવ, જેમાં ઇન્ટર્નશિપનો સમાવેશ થાય છે, બાળકોને વાસ્તવિક દુનિયાના ઉપયોગ માટે તૈયાર કરે છે.

મૂલ્યાંકન યોગ્યતા-આધારિત બને છે, જેમાં સ્વ અને સાથી મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, જે પરીક્ષાના તણાવને ઘટાડે છે. આ શિક્ષણશાસ્ત્ર બાળકને ઉચ્ચસ્તરીય વિચારસરણી માટે સક્ષમ માને છે, "ભારતની ભાષાઓ" પર પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપે છે અને પ્રાચીન ભારતીય પ્રણાલીઓનું જ્ઞાન ગૌરવ અને એકતા જગાડે છે.

**શિક્ષકોની ભૂમિકા : સુવિધા આપનારા અને માર્ગદર્શકો :**

NEP 2020 માં, શિક્ષકો "શિક્ષણનું હૃદય" છે, જે પ્રશિક્ષકોથી સુવિધા આપનારાઓમાં વિકસિત થાય છે જે બાળકોની જરૂરિયાતો સાથે સહાનુભૂતિ ધરાવે છે અને સામાજિક-ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપે છે. ભરતી ગુણવત્તા, સ્થાનિક ભાષા પ્રાવીણ્ય અને ગ્રામીણ વિસ્તારો માટે પ્રોત્સાહનો પર ભાર મૂકે છે. શિક્ષકો શિક્ષણશાસ્ત્રમાં સ્વાયત્તતા મેળવે છે, બિન-શિક્ષણ ફરજોથી મુક્ત થાય છે અને શાસનમાં ભાગ લે છે.

CPD ને વાર્ષિક 50 કલાકની જરૂર પડે છે, જેમાં ઓનલાઈન પ્લૅટફૉર્મ દ્વારા પ્રાયોગિક પદ્ધતિઓ અને પાયાનાં કૌશલ્યોનો સમાવેશ થાય છે. શિક્ષક શિક્ષણ 4-વર્ષના સંકલિત B.Ed.માં ફેરવાય છે. 2022 સુધીમાં રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણો (NPST) સાથે બહુ-શાખાકીય યુનિવર્સિટીઓમાં કાર્યક્રમો.

આ ભૂમિકા બાળકેળવણીકારના આદર્શને પ્રતિબિંબિત કરે છેઃ શિક્ષકો એવા માર્ગદર્શક તરીકે જે પ્રતિભાઓને ઓળખે છે, વ્યક્તિગત જરૂરિયાતોને અનુકૂલન કરે છે અને સહાયક વાતાવરણ બનાવવા માટે માતાપિતા અને સમુદાયો સાથે સહયોગ કરે છે.

**પ્રભાવો અને વ્યાપક દાર્શનિક પ્રતિબિંબ :**

જ્યારે NEP 2020 ભારતીય બંધારણીય મૂલ્યો સમાનતા અને ન્યાયમાં મૂળ ધરાવે છે, ત્યારે તે વૈશ્વિક બાળ શિક્ષકોને ગર્ભિત રીતે પ્રતિબિંબિત કરે છે. રમત-આધારિત ECCE મોન્ટેસરીના બાળ-સંચાલિત સંશોધન અને ફ્રોબેલની કિન્ડરગાર્ટન ફિલસૂફીને પ્રતિબિંબિત કરે છે. પિયાજેનો પ્રભાવ સ્ટેજ્ડ, પ્રાયોગિક શિક્ષણ અને ટાગોરના સર્વાંગી, પ્રકૃતિ-સંકલિત શિક્ષણ (શાંતિ-નિકેતનથી)માં નીતિના સાંસ્કૃતિક અને વ્યાવસાયિક ભારમાં દેખાય છે.

આ નીતિ NCERT ના સંશોધન અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ પર પણ આધારિત છે, જેમાં સમાવેશ માટે RPWD અધિનિયમ 2016નો સમાવેશ થાય છે. ટૅક્નોલૉજી, સમુદાય સંડોવણી અને લવચીક અભ્યાસક્રમને એકીકૃત કરીને, NEP બાળકોને 21મી સદીનાં કૌશલ્યો સાથે નૈતિક વૈશ્વિક નાગરિકો તરીકે તૈયાર કરવાનો હેતુ ધરાવે છે.

NEP 2020 કઠોર માળખાં કરતાં રમત, સર્વાંગીણતા અને શીખનાર એજન્સીને પ્રાથમિકતા આપીને બાળ કેળવણીકારના વિચારોને આબેહૂબ રીતે પ્રતિબિંબિત કરે છે. તે એક એવી શિક્ષણ પ્રણાલીની કલ્પના કરે છે જ્યાં બાળકો જિજ્ઞાસુ, દયાળુ વ્યક્તિઓ તરીકે ખીલે છે, જે વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે સજ્જ છે. અમલીકરણના પડકારો હજુ પણ છે, જેમકે સંસાધન ફાળવણી અને શિક્ષક તાલીમ, પરંતુ નીતિના બાળ-કેન્દ્રિત સિદ્ધાંતો ભારતના યુવા શીખનારાઓ માટે ઉજ્જવળ ભવિષ્યનું વચન આપે છે. 2030 સુધીમાં, જો આ સાકાર થાય, તો આ શિક્ષણને આનંદદાયક, સશક્તીકરણ યાત્રામાં પરિવર્તિત કરી શકે છે.

# જે. કૃષ્ણમૂર્તિનું બાળકેળવણીમાં પ્રદાન



- ડૉ. દિનેશકુમાર ડી. પરમાર
મદદનીશ શિક્ષક, મૉડેલ સ્કૂલ રાણપુર
મો. ૯૯૨૪૫૩૮૨૮૨

જે. કૃષ્ણમૂર્તિ શિક્ષણની ખૂબ જ રસપ્રદ વ્યાખ્યા આપતાં જણાવે છે કે, 'એક ક્ષણથી બીજી ક્ષણ સુધીની જાગ્રત અવસ્થા એટલે શિક્ષણ.' શિક્ષણ મનુષ્યને જાગ્રત, ભયમુકત, સર્જનશીલ બનાવે છે. શિક્ષણ વિચારવાની દિશા ખોલી આપે છે તેમજ વિસ્તરવા માટે ખુલ્લું આકાશ આપે છે. પ્રકૃત્તિ સાથે જોડાઈ રહીને જીવનના વાસ્તવિક બોધપાઠોને સાકારિત કરી આપે છે. સાચી કેળવણી બાળકને પોતાની સ્વતંત્ર ઓળખ આપે છે. પોતાના વ્યક્તિત્વનો સોળે કળાએ વિકાસ કરી આપે તે પ્રકારનું મુકત ભાવાવરણ રચી આપે છે. જે. કૃષ્ણમૂર્તિએ ચીલાચાલુ શિક્ષણની જગ્યાએ બાળક મુકત રીતે વિચારી અને વિસ્તરી શકે તે અંગેના ઠોસ વિચારો રજૂ કર્યા છે. વિશ્વના ઉત્તમ શિક્ષણવિદ તરીકે જે. કૃષ્ણમૂર્તિની ગણના થાય છે.

જે. કૃષ્ણમૂર્તિ શિક્ષણના પ્રવર્તમાન પરંપરાગત માળખાને પડકારીને બાળકેળવણી, વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક ઉત્તરદાયિત્વ સંદર્ભે નવાં સીમાચિહ્નો રચે છે. 'બાળક માત્ર સમાજની જરૂરિયાતોને પૂરી કરનાર મજૂર નથી, પરંતુ બાળકનું પોતાનું એક સ્વતંત્ર, અલાયદું, જાગૃત, સંવેદનશીલ,સર્જનશીલ અને આગવું વ્યક્તિત્વ છે.' આ બાબત તેઓની વિચારધારાનું હાર્દબિંદુ છે. કેળવણીનું મૂળભૂત ધ્યેય બાળકને કંઈ બનાવવાનું નથી, પરંતુ કેળવણીથી પોતાની જાત, ક્ષમતા અને વ્યક્તિત્વને વધારે ઊંડાણપૂર્વક સમજીને સુંદર ઓપ આપવાનું છે.

બાળકના સર્વાંગીણ વિકાસમાં સૌથી વધારે આડખીલીરૂપ બાબત જો કોઈ હોય તો તે બાળક પાસે રખાતી અસામાન્ય અપેક્ષાઓ છે. બાળકની ક્ષમતાને પારખ્યા વિના બાળકને અપેક્ષાઓના બોજ તળે કચડી નાખવામાં આવે છે. સમાજ, શાળા અને માતાપિતાની અયોગ્ય, બિનવ્યાવહારિક અને અવાસ્તવિક અપેક્ષાઓના કારણે બાળકમાં તણાવ, ભય અને પૂર્વગ્રહ ઊભો થાય છે. કેળવણીનું કાર્ય માત્ર શુકવિદ્યાના પાઠ કંઠસ્થ કરાવવાનું નથી, પરંતુ બાળકમાં સર્જનાત્મકતા, સંવેદનશીલતા અને શાલીનતા નિર્માણ કરવાનું છે. બાળકને સ્પર્ધા, ભય અને તણાવમાંથી મુક્ત કરી બાળક પૂર્ણ રીતે વિકસી, વિસ્તરી અને વિચારી શકે તેવા સંજોગો ઊભા કરવાનું છે. જે. કૃષ્ણમૂર્તિ બાળકેળવણીના પરિપ્રેક્ષ્યમાં એક સુંદર વાત કહે છે કે, 'ખરી કેળવણી એ છે કે જેમાં બુદ્ધિ અને સંવેદનશીલતાનો સુભગ સમન્વય હોય.' વ્યક્તિમાં માત્ર બૌદ્ધિક સંપન્નતા હોય તે પૂરતું નથી, પરંતુ તેનામાં સંવેદનશીલતા પ્રગટે તે પણ એટલું જ જરૂરી છે.

બાળકને પૂર્ણરૂપે ખૂલવા અને ખીલવા માટે સ્વતંત્રતા આપવી અનિવાર્ય છે. જયારે બાળકની અનન્યતાને પૂર્ણપણે સ્વીકારી એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે તેને અવલોકવામાં આવશે ત્યારે તે પોતાના વ્યક્તિ-વિકાસમાં કાઠું કાઢી શકશે તે નિર્વિવાદ બાબત છે. બાળક માત્ર માતાપિતા, શાળા અને સમાજની અપેક્ષાઓ કે સ્વપ્નો પૂર્ણ કરનાર સાધન જ નથી, પરંતુ પોતે એક અનન્ય વ્યક્તિત્વ ધરાવનાર આ સૃષ્ટિનું એક અદ્ભુત ઈશ્વરીય સર્જન છે. આ બાબત સમજવામાં અને અનુસરવામાં જેટલું મોડું કરીશું તેટલું નુકસાન વેઠવા માટે તૈયાર રહેવું પડશે તે બાબત પણ નિઃશંકપણે સાચી છે. બાળકને આપણા અભિપ્રાયો કે પૂર્વગ્રહથી મુકત રાખીને સ્વનિરીક્ષણ અને કુતૂહલતાથી પ્રશ્નો પૂછી શીખી શકે તે પ્રકારનું ભયમુકત શૈક્ષણિક અને પારિવારિક ભાવાવરણનું નિર્માણ કરવું અનિવાર્ય છે. ભય, દંડ, શારીરિક કે માનસિક સજા, તુલના, સ્પર્ધા અને દબાણ જેવાં અનિષ્ટોને વહેલી તકે

શાળા, સમાજ અને કુટુંબમાંથી તિલાંજલિ આપવી એ જ બાળકના સર્વાંગી વિકાસ માટે હિતાવહ છે.

જે. કૃષ્ણમૂર્તિ પોતાના ઉમદા વિચારો જણાવતાં કહે છે કે, 'ભય, દંડ અને સ્પર્ધા બાળકને યંત્રવત્ બનાવે છે.' બાળકની સર્જનાત્મકતા અને સંવેદનશીલતાને બુઠ્ઠી કરે છે, બાળકની જિજ્ઞાસાને નંદવે છે. બાળકને શીખવા માટે પાઠ્યપુસ્તક સિવાયનું બાહ્યજગતનું જ્ઞાન અને અનુભવો પણ પૂરા પાડવા જોઈએ. બાળક શક્ય તેટલું સ્વાનુભવ અને સ્વનિરીક્ષણથી શીખે તે તેના જીવનમાં ચિરસ્થાયી બની રહે છે. જે. કૃષ્ણમૂર્તિ આપણી શૈક્ષણિક મૂલ્યાંકન પદ્ધતિ પર જનોઈવઢ ઘા કરતાં કહે છે કે, 'આજની પરીક્ષાપદ્ધતિ બાળકને યંત્ર સમજે છે, પરંતુ મૂલ્યાંકન પદ્ધતિ વ્યવહારુ, નિરીક્ષણ અને સંવાદ આધારિત હોય તો બાળકનો ઊર્ધ્વગામી વિકાસ શક્ય બને છે.' બાળક પોતાની જાતથી વધારે નજીક પહોંચે અને પોતાની ક્ષમતાઓને પિછાણે એ જ કેળવણીનું પ્રમુખ ધ્યેય છે. આના માટે શિક્ષણ બાળકેન્દ્રી હોવું એ પણ એટલું જ જરૂરી છે. આપણે સૌએ બાળકના નિયંત્રક નહીં, પરંતુ માર્ગદર્શક બની રહેવાનું છે.

જે. કૃષ્ણમૂર્તિએ માત્ર ઠાલી અને ખાલી શિક્ષણની વાતો નથી કરી, પરંતુ તેમની વિચારધારા અને સ્વપ્નો પ્રમાણેની શાળાઓ સ્થાપીને તેને મૂર્તિમંત પણ કરી છે. તેમણે સ્થાપેલી મહત્ત્વની શાળાઓની યાદી તપાસીએ તો, રાજઘાટ (વારાણસી), રિશીવેલી (ચિત્તુર), બ્રોકવુડ પાર્ક (યુ.કે.), ઓહાઈ (કેલિફોર્નિયા) જેવી શાળાઓ દેશમાં અને વિદેશમાં સ્થાપીને બાળકેળવણીમાં ખૂબ જ જુદા પ્રકારનું અને અદ્વિતીય કાર્ય કર્યું છે. તેમણે સ્થાપેલી શાળાઓનું ગુરુત્વ મધ્યબિંદુ બાળક છે.

તદુપરાંત પ્રકૃતિ સાથેનો બાળકનો નેડો જળવાઈ રહે તેની પણ તેમણે પૂરતી ખેવના રાખી છે. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે, પ્રકૃતિનું સાંનિધ્ય બાળકની સંવેદનશીલતા અને ચિત્તની શુદ્ધતાને ઉજાગર કરે છે. શિસ્ત બાબતે તેઓએ થોપાયેલી શિસ્તને કોરાણે મૂકી સ્વયંશિસ્તને અગ્ર હરોળમાં મૂકીને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. બાળક બાહ્ય પ્રેરણાથી પોતાના વર્તનને સંયમિત કરે તેના કરતાં આંતરિક પ્રેરણાની છાંટ તેના વર્તનવ્યવહારમાં ઊપસે તે બાબતની પણ ખાસ કાળજી લેવામાં આવી છે. બાળકના સર્વાંગી વિકાસમાં કળા, સંગીત અને સર્જનશીલ પ્રવૃત્તિઓને પણ ખાસ જગ્યા આપી છે. કળા એ માત્ર આંખ અને કાનને જ સંતોષ આપે છે એટલું જ નહીં, પણ તે આત્માને પણ સંતોષ આપે છે તે બાબતને સાર્થક કરવાનો પ્રયાસ થયો છે.

જે. કૃષ્ણમૂર્તિએ આપેલી શૈક્ષણિક વિચારધારા આજે પણ પ્રસ્તુત છે. આજના ભાગદોડવાળા જીવનમાં બાળકોને ભયમુકત, સ્પર્ધામુકત અને દબાણમુકત બનાવીને શારીરિક અને માનસિક તંદુરસ્તીની દિશામાં અગ્રેસર કરી શકાય છે. અવલોકન કેન્દ્રિત શિક્ષણ પ્રણાલીને કારણે બાળકની સર્જનાત્મકતા અને નાવીન્યને પ્રોત્સાહન મળી રહે છે. પર્યાવરણીય શિક્ષણને કારણે કુદરતી સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની દૃષ્ટિ કેળવાય છે. તેઓએ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધમાં અધિકારભાવના અને આજ્ઞાપાલન વચ્ચેનો છેદ ઉડાડી બંનેમાં સમાનતાનાં મૂલ્યો સ્થાપિત કર્યાં છે. શિક્ષક પણ આજીવન વિદ્યાર્થી છે તે બાબત પર પણ ભાર મૂક્યો છે. કેળવણીની યાત્રામાં બન્ને સાથે ચાલીને ઇચ્છિત મંજિલ પાર કરે તે માટે વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચે ભયમુકત અને તંદુરસ્ત સંબંધો પર વધારે ભાર આપ્યો છે.

જે. કૃષ્ણમૂર્તિની વિચારધારાની થોડી ઘણી ટીકાઓ પણ થઈ છે. આજના આધુનિક યુગમાં સ્પર્ધાને એક બાજુ મૂકી કારકિર્દીનિર્માણ કરવું અતિદુષ્કર કાર્ય છે. તેઓએ ગણિત અને વિજ્ઞાન જેવા મહત્ત્વના વિષયોની સાપેક્ષે દર્શનશાસ્ત્ર પર વધારે ભાર મૂક્યો છે. તદુપરાંત તેમણે આપેલી પેડાગોજી મુજબ શિક્ષણપ્રણાલી રચવા માટે શિક્ષકોને વિશેષ તાલીમ આપવી અનિવાર્ય બને છે. ઉપરોક્ત ખામીઓ હોવા છતાં તેઓએ વિશ્વને આપેલી શૈક્ષણિક વિચારધારા આજે પણ પ્રાસંગિક છે. તેમની શૈક્ષણિક વિચારધારામાં ઘણા શિક્ષણના સળગતા પ્રશ્નોનો ઉકેલ સમાયેલો છે.

# ગિજુભાઈ બધેકાનું ચિંતન અને શિક્ષકની પ્રતિમા



- ડૉ. ઋતા પરમાર
આસિ. પ્રોફેસર શિક્ષણશાસ્ત્ર વિભાગ
સરદાર પટેલ યુનિ., વલ્લભવિદ્યાનગર.
મો. ૯૪૨૭૭૨૧૦૨૫

'બાળકોની મુછાળી મા', 'બાળકોના ગાંધી', 'બાળસાહિત્યના બ્રહ્મા', 'બાળશિક્ષણના શિલ્પી' આવી અનેક ઉપાધિઓથી ખરા અર્થમાં વિભૂષિત એવા શ્રી ગિજુભાઈની સમગ્રતાલક્ષી શિક્ષક તરીકેની પ્રતિમા બાળશિક્ષણ ક્ષેત્રે કાર્ય કરનારા આપણા સહુ માટે પ્રેરક અને અનુકરણીય છે. પ્રસ્તુત લેખમાં શ્રી ગિજુભાઈના શિક્ષકત્વને તમામ વિચારસરણીઓના દર્પણમાં જોવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**વિચારવાદી શિક્ષક :**

વિચારવાદી શિક્ષક તરીકે ગિજુભાઈ માનતા હતા કે બાળક વિશ્વાત્માના ચરમ સ્વરૂપનો અંશ છે તથા પોતાની આગવી બીજભૂત શક્તિઓના પ્રગટીકરણ માટે સમર્થ છે. તેઓ બાળકોમાં રહેલાં ઉત્તમ લક્ષણો/અંશોને જાણીને કેળવણીની પ્રક્રિયામાં બને તેટલું તેનું જતન કરવાનો પ્રયત્ન કરે છે. તેથી તે ક્યારેય બાળકોમાં જ્ઞાન ઠાલવી દેવાનો પ્રયત્ન કરતા નથી.

તેઓ પોતાના વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે આંતરક્રિયાનું વાતાવરણ ઊભું કરતા, જેને કારણે ઓછી પરિપક્વ પ્રતિભા વધુ પરિપક્વ પ્રતિભાના અનુભવ પ્રદેશની સહભાગી બને કે સહભાગી બનવા પ્રેરાય. તેઓ વિદ્યાર્થીઓ સમક્ષ વિશાળ, ગહન અને વધુ રસપ્રદ અનુભવોમાં સહભાગી બનવાના ભાગરૂપ સમસ્યાનું સર્જન કરતા હતા. જેથી વિદ્યાર્થીઓ તેની આંતરસૂઝ વધુ વિકસાવી શકે. તેઓ ભિન્ન ભિન્ન વિદ્યાર્થીઓ દ્વારા અભિવ્યક્ત વિભિન્ન દૃષ્ટિકોણના સંદર્ભમાં પ્રત્યેક મુદ્દાની વિગતે ચર્ચા કરતા હતા. આમ, તેઓ વિદ્યાર્થીઓને વિસ્તાર કરતા, સમીક્ષા કરતા તથા પોતે કરેલી સંરચનાઓ પર આધાર રાખતા શીખવતા હતા. વિદ્યાર્થીઓ સ્વયં ઉકેલો પસંદ કરતા તથા તેની અન્ય ઉકેલો સાથે તુલના કરતા. આમ, વિદ્યાર્થીઓમાં એવી શ્રદ્ધાનો સંચાર કરતા હતા કે તેમના 'સ્વ'ના વિકાસનો કોઈ અંત જ નથી તથા તે પોતે સતત વિકસી રહ્યો છે.

ગિજુભાઈની આ વિચારસરણીનું મુખ્ય બીજ સ્વાધીનતા છે. સ્વાધીનતા એટલે સ્વાવલંબન. બાળકનો સ્વભાવ અનુકરણશીલ હોવાને કારણે ધીરે ધીરે તે પણ પોતાનાં બધાં કામ જાતે કરવા પ્રયત્ન કરે છે. આપણે પણ તેની સાથે એવી રીતે વર્તવું જોઈએ કે પોતાના જીવન વ્યવહારનાં નાનાં-મોટાં કામો તે જાતે કરતાં શીખે. તેમને બધું તૈયાર પૂરું પાડીને આપણે બાળકોને પંગુ બનાવવા જોઈએ નહીં. બિનજરૂરી મદદ બાળકના સ્વાભાવિક વિકાસમાં અડચણરૂપ બને છે.

**નિસર્ગવાદી શિક્ષક :**

કુદરતના પરિચય દ્વારા બાળકનો વિકાસ થાય છે, આ વિચારનું મહત્ત્વ ગિજુભાઈના દિલમાં મોન્ટેસરી કરતાં પણ વધુ ઊતરી ગયેલું દેખાય છે. તેથી જ નિસર્ગવાદી શિક્ષક તરીકે ગિજુભાઈ બાળક અને કુદરત એટલે કે વિશ્વ વચ્ચે સંવાદિતા સ્થાપિત થાય તેવી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતા હતા. એટલે જ એમણે અનેક નાના મોટા બાળપ્રવાસો, પશુ-પંખીના ઉછેર, વૃક્ષો અને વનસ્પતિનો પરિચય, તારાદર્શન, પતંગિયા-ઉછેર, પક્ષીના માળા શોધવા, ઈયળોનું અવલોકન કરવું આવી-આવી અનેક પ્રવૃત્તિઓથી બાલમંદિરને ભરી દીધું. બાગકામને બાલમંદિરના રોજિંદા કાર્યક્રમમાં સ્થાન આપ્યું. તેઓ માનતા કે બાળકના શિશુત્વ યા બાળપણની પ્રલંબતાની બને તેટલી માવજત કરવી જોઈએ. કારણ કે બાળપણનું લંબાવવું કેળવણીના સમગ્ર જીવનમાં નૈસર્ગિકતાને કાર્યાન્વિત થવામાં પણ સહાયક થનારું છે. કેળવણી આનંદદાયિની હોવી જોઈએ. બાળકો જ્યારે કશુંક કરતાં

હોય, તેમની મનોશારીરિક સજ્જતા જ્યારે તેમને કશુંક કરવા માટે તત્પર કરતી હોય એ સમયે જ તેમના માટે ઉત્તમ સમય હોય છે. તેમની રુચિ દ્વારા વિશિષ્ટ પ્રવૃત્તિઓ માટેની તેમની તાલાવેલી સાબિત થતી હોય છે. તેઓ કેળવણી વખતે બાળકની સ્વયંભૂ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરતા હતા. કેમકે મોટાભાગે તો બાળક પોતે જ પોતાને કેળવતું હોય છે. તેનું મોટાભાગનું જ્ઞાન લોકો તથા વસ્તુઓ સાથેના પોતાના સક્રિય સંબંધમાંથી એ જે કાંઈ શોધે છે તેના પર જ આધારિત હોય છે. પ્રત્યક્ષ જ્ઞાન બાળપણના અસંપ્રજ્ઞાત પ્રયત્નો દ્વારા જ લગભગ પૂરેપૂરું વિકસે છે પરંતુ તે જ્ઞાનની યાંત્રિકતા મહદંશે આપણા પ્રૌઢ અનુભવ દ્વારા રૂઢ થાય છે. તેથી પ્રૌઢ વ્યક્તિ શિક્ષક તરીકે બાળકોની સ્વપ્રવૃત્તિને શીખવવાની ક્રિયાની સહચરી તરીકે સાંકળી ન લે તો તે મૂર્ખ જ ગણાય આવું તેઓ સ્પષ્ટ માનતા હતા. આવું કરવા માટે તેમની સલાહ છે કે અધ્યયતાને બને તેટલું ઓછું કહો તથા તેને બને તેટલું વધુ શોધવા (discovery) માટે પ્રેરો.

**વ્યવહારવાદી શિક્ષક :**

વ્યવહારવાદી શિક્ષક તરીકે તેઓ વિદ્યાર્થીઓને અમુક દૃષ્ટિકોણ સ્વીકારી લેવાની ફરજ પાડતા ન હતા. તેઓ તેમના અનુભવ જગત પર ભાર મૂકે છે. અહીં પ્રત્યેક બાળકનું અનુભવ જગત મહત્ત્વનું છે. તેમના મતે 'બુદ્ધિની પદ્ધતિ' જ જ્ઞાન પ્રાપ્તિની યોગ્ય રીત છે. આપણે સમસ્યાની સ્થિતિ નક્કી કરી, એ સમસ્યા ઉકેલીને જ પરિસ્થિતિને સારામાં સારી રીતે આત્મસાત્ કરી શકીએ. શિક્ષકે સમસ્યા વિશેષના પરિવેશમાં અધ્યયન પરિસ્થિતિનું નિર્માણ કરવું ઘટે. એ સમસ્યાઓનો ઉકેલ જ વિદ્યાર્થીને પોતાના સામાજિક તેમજ ભૌતિક પર્યાવરણની સાચી સમજ તરફ દોરી જઈ શકે. એટલે કે વિષયવસ્તુ આત્મસાત્ કરવાની પરંપરાગત ઘટમાળમાંથી બહાર નીકળી સમસ્યાના ઉકેલમાંથી ઉપયોગી સાબિત થતા જ્ઞાનને તાકવું એ વધુ મહત્ત્વની બાબત છે. વાંચન, લેખન, ગણન જેવા કૌશલલક્ષી અધ્યયનમાં પણ આ જ પ્રક્રિયાનું અનુસરણ થવું ઘટે. વ્યવહારવાદી ગિજુભાઈની દૃષ્ટિએ બધા જ વિષયોનો વિદ્યાર્થી પોતાની રુચિ અને આવશ્યકતાને સંતોષવાના સાધન તરીકે ઉપયોગ કરી શકે તો જ તે અર્થપૂર્ણ બની રહે તથા સહેલાઈથી તજ્જ્ઞતા પ્રાપ્ત થઈ શકે. બીજાઓ દ્વારા નિર્ધારિત વિષયવસ્તુ શીખવવાને બદલે શિક્ષકે વિદ્યાર્થી જે બાબતમાં જિજ્ઞાસા ધરાવતો હોય તે શીખવા તેને ઉત્તેજન આપવું તથા જિજ્ઞાસાને સંતોષે તેવા વિષયો તરફ તેને દોરી જવો.

**વાસ્તવવાદી શિક્ષક :**

તેઓ માનતા કે કેળવણી જીવનની નરી વાસ્તવિકતાઓ સાથે સંકળાયેલી હોવી જોઈએ. સુખી જીવન માટે જરૂરી એવાં કૌશલ અને જ્ઞાનની પ્રાપ્તિ વ્યક્તિને કેળવણી દ્વારા થવી જોઈએ. તેથી ગિજુભાઈનો વર્ગખંડ બાળકેન્દ્રી જોવા મળે છે. તે વિદ્યાર્થીઓની રુચિનો ઉપયોગ કરીને વિષયવસ્તુને બાળકના અનુભવ સાથે સાંકળીને તેને એટલે કે વિષયવસ્તુને યથાશક્ય મૂર્ત બનાવવા માટે પ્રયત્ન કરતા હતા. તેઓ વિદ્યાર્થીઓની લબ્ધિના પ્રયત્નોનો પુરસ્કાર કરીને, બાળકોના ધ્યાનને નિયંત્રિત કરીને તથા તેઓને સતત સક્રિય રાખીને શિસ્તનું નિર્વાહ કરતા હતા.

ગિજુભાઈએ બાળકના સર્વાંગીણ વિકાસમાં ઇન્દ્રિય શિક્ષણને ખૂબ જ આવશ્યક ગણ્યું છે. મોન્ટેસરીના મંતવ્ય સાથે સંમત થતાં એ નોંધે છે કે ઇન્દ્રિયોના વિકાસ પછી બુદ્ધિનો યથાર્થ વિકાસ જન્મે છે. બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ ઇન્દ્રિયોના વિકાસ પર જ અવલંબે છે. ઇન્દ્રિયોની કેળવણીના આ મજબૂત અને વ્યવસ્થિત પાયા ઉપર જ બાળકનું વિશુદ્ધ અને દૃઢ માનસ બંધાય છે. બાળકને જીવનશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિથી યોગ્ય કેળવણી આપવી હોય તો તેની ઇન્દ્રિયોની સર્વાંગી કેળવણીનો પ્રબંધ પ્રથમથી થવો જોઈએ.

વિદ્યાર્થી જીવનનો પાયો શારીરિક સ્વચ્છતા છે. ગિજુભાઈ તો પોતાના વિદ્યાર્થીઓના નખ ઉતરાવતા, બટન ટાંકી દેતા. આ બધી જ સુટેવોને તેઓએ ભણતરની સાથે જ સાંકળી લીધી અને વિદ્યાર્થીઓને સ્વયં સ્વચ્છતાના આગ્રહી બનાવ્યા.

ગિજુભાઈ ઉપરોક્ત સિદ્ધાંતો અંગે નોંધે છે કે આ

વિચારસરણી એ કેવળ શિક્ષણપદ્ધતિ નથી. આ વિચારસરણી તો સમગ્ર જીવનની ફિલસૂફી છે. ગિજુભાઈએ આ ફિલસૂફી પ્રમાણે આચરી બતાવ્યું, જીવન જીવી બતાવ્યું. એટલે એમના શબ્દોમાં અનુભવનો રણકો સંભળાય છે અને જેમ જેમ વર્ષો વીતતાં જાય છે તેમ તેમ આ ફિલસૂફીનું મહત્ત્વ વધુ ને વધુ સમજાતું જાય છે અને તેનું આચરણ અનિવાર્ય લાગતું જાય છે.

**અસ્તિત્વવાદી શિક્ષક :**

એક અસ્તિત્વવાદી શિક્ષક તરીકે તેઓ વિદ્યાર્થી જે કંઈ શીખે છે તેમાં સામાજિક અને બૌદ્ધિક રીતે તન્મય થઈ જાય તેવી પ્રવૃત્તિઓ કરાવતા હતા. તેઓ ક્યારેય વિદ્યાર્થીઓ પર મૂલ્યો લાદતા નહીં પણ પોતે જે સિદ્ધાંતોમાં માને છે તે તેમને બતાવતા. તેનાં કારણો પણ આપતા. અસ્તિત્વવાદી શિક્ષક તરીકે તેઓ પ્રત્યેક વિદ્યાર્થીને તેની સ્વ-પ્રતીતિ અથવા સ્વ-સાક્ષાત્કાર પ્રતિની યાત્રામાં સહાયક થવાનું શીખવતા. પોતાની પાસે આવનાર વિદ્યાર્થીનો સ્વતંત્ર અને સર્જનાત્મક વિકાસ ઉત્તેજવા તથા અનુરાગી અભિનિવેશપૂર્વક જીવનના અર્થ તથા વિદ્યાર્થીઓને પોતાના જીવનની ગુણવત્તાના અર્થઘટનની પ્રેરણા આપવા માટે પ્રેરિત કરતા. એ પોતાના વિદ્યાર્થીઓને ક્ષતિથી ડરી જઈ નાહિંમત ન થવાની જ સલાહ આપે છે. તેઓ વિદ્યાર્થીઓને બીજાના વિચારો કે અભિપ્રાયો આંખો મીંચીને માની લેવા કે રજૂ કરવાની બાબતથી હંમેશાં ચેતવ્યા કરે છે.

સ્વાતંત્ર્ય અને વ્યક્તિજગત માટેની નિષ્ઠાને કારણે જ તેઓ પોતાના વિદ્યાર્થીઓમાં તેના 'સત્' ને સમજવાની ઉદ્યમશીલતાનો સંચાર કરી શકે છે.

**સંરચનાવાદી શિક્ષક :**

સંરચનાવાદી શિક્ષક તરીકે ગિજુભાઈ પોતાના વિદ્યાર્થીઓને સ્વયં જ્ઞાનનું સર્જન કરવાની તક સંપડાવતા હતા. આ માટે તેઓ વિદ્યાર્થીઓને અવલોકન, વિશ્લેષણ, સંશ્લેષણ કરવાની પ્રવૃત્તિઓ, રમતો આપતા હતા. તેઓ માટે તો વિદ્યાર્થીની આત્મપ્રતીતિના ક્ષિતિજ વિસ્તારની ઝંખના જ મહત્ત્વનું કાર્ય હતું. તેથી તેમનો વર્ગ કલાકારીગરીના શિક્ષણ, સંગીત શિક્ષણ, ચિત્ર શિક્ષણ, કુદરતની વિવિધ અજાયબીઓના શિક્ષણથી સભર હતો. તેઓ બાળકની ધૂળમાં લીટા કાઢવા, ચોમાસામાં ગારાના ગોળા વાળવા, ભીની રેતીમાં પગ નાખી કૂબા કરવા, ધૂળના પાળા બાંધી વરસાદના પાણીને રોકવું, પથરાને ગારાનું નાનું એવું ઘર ચણવું, ક્યાંક ઢોળાયેલા પાણી કે દૂધમાં આંગળીથી ચિત્રો દોરવાં, લોટની સૂંડલીમાં હાથની છાપ પાડવી, જાતજાતની ભાત પાડવી, થાળીમાં ચોખા કાઢ્યા હોય તો તેમાં ખાડા પાડી રંગોળી કે મંડળ રચવું, પેન્સિલથી કાગળ ઉપર કે કોલસાથી ભીંત ઉપર આડાઅવળા લીટા તાણવા, કાતરથી પોતાના કે બીજાના વાળ કાપવા, કાગળ કાપવા, લૂગડાંના કટકા કરવા, નવી નવી કોતરણીઓ કરવી, વણેલી રોટલી ઉપર વાટકી કે બીજા આકારો મૂકી રોટલીમાંથી નવી નવી ભૌમિતિક આકૃતિઓ બનાવવી, ફૂલોની ગોઠવણી, ઘરનાં વાસણો ગોઠવવાં, બાપાની ચોપડીઓને તો કોઈક વાર મહેમાનોના જોડાઓને ગોઠવવાં, બીજાના આબાદ ચાળા પાડવા, બારણાની સાંકળના ટિનટિનાટમાંથી ધ્વનિસંગીતને ઝીલવું, નાના બાળકની વાસણ પછાડી અવાજનો પરિચય કરાવવાની કૌતુકતા વગેરે બાળસહજ લીલાઓને સર્જનશીલતાના ઉદ્ઘાટક તરીકે જોતા હતા અને માબાપોને પણ તેનું જતન કરવાની ભલામણ કરતા હતા. આમ, બાળકની આવી બધી પ્રવૃત્તિઓને તેઓ ઉત્તેજન આપતા અને આ બાલસર્જનોને સન્માનતા.

આમ, ગિજુભાઈ બાળકના વિકાસ માટે એક સમગ્રતાલક્ષી વિચારસરણીના ધણી હતા અને તેને પોતાનાં કાર્યોમાં ચરિતાર્થ કરી બતાવીને બાળશિક્ષણના ક્ષેત્રમાં અતુલનીય પ્રદાન આપ્યું હતું. આજે જ્યારે આપણા સહુ પર NEP- 2020ના સુચારુ અમલીકરણની બહુ મોટી જવાબદારી છે ત્યારે શ્રી ગિજુભાઈની આ સમગ્રતાલક્ષી વિચારસરણી આપણને ચોક્કસ માર્ગદર્શકરૂપ બનશે તેવા વિશ્વાસ સાથે... બાળ દેવો ભવ

# જુગતરામ દવેના શિક્ષણચિંતનને NEP-2020માં સ્થાન



- ડૉ. ભાવના મહેતા
આસિસ્ટન્ટ પ્રોફેસર
સ્નાતક અધ્યાપન મંદિર, વેડછી.
મો. ૯૪૨૯૫૭૭૬૨૭

ગાંધીજીના રંગે રંગાયેલા જુગતરામ દવેના શિક્ષણચિંતનમાં નઈ તાલીમનાં તમામ પાસાંઓ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. સદીઓથી માનવીય મૂલ્યો, નૈતિકતા, સર્જનાત્મકતા અને સર્વાંગી વિકાસ અને આધ્યાત્મિકતા એ જ ભારતીય શિક્ષણનું મૂળ તત્ત્વ રહ્યું છે. ગુજરાતના અગ્રણી કેળવણીકાર જુગતરામ દવેએ આ તમામ મૂલ્યોને બાળશિક્ષણમાં અમલમાં મૂકવાનો અનોખો પ્રયત્ન કર્યો હતો. તેમની શિક્ષણ ફિલસૂફી માત્ર સિદ્ધાંત નહીં પરંતુ, બાળકેન્દ્રિત શીખવાની જીવંત પ્રક્રિયા હતી. જુ.દવેનું શિક્ષણચિંતન બાળ કેન્દ્રિતતા, સહજતા, માતૃભાષા આધારિત અભ્યાસ, અનુભૂતિ અને ક્રિયાશીલતા જેવી પ્રયોગશીલ પદ્ધતિઓ પર આધારિત હતું. જ્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020)એ મેકોલે શિક્ષણ પદ્ધતિને નાબૂદ કરીને ભારતના શિક્ષણ માળખાને નવી દિશા આપી.

પ્રયોગશીલતા, સર્જનાત્મકતા, બહુપથા અભ્યાસ, નૈતિકતા અને અનુભૂતિ આધારિત શિક્ષણ આ નીતિનું કેન્દ્ર છે. આ બધાં જ પાસાં જુગતરામ દવેના વિચારોને રાષ્ટ્રીય સ્તરે સ્વીકારવાનો પુરાવો આપે છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020) વચ્ચેના સંબંધ, સમાનતા અને તેના પ્રભાવનું વિશ્લેષણ કરે છે. જે NEP-2020ના મૂળભૂત સિદ્ધાંતો સાથે ઊંડું સામ્ય દર્શાવે છે. ભારતીય કેળવણી પરંપરા અને આધુનિક શિક્ષણ માળખા વચ્ચે સંવાદિતા સ્થાપિત કરતો આ અભ્યાસ શિક્ષણની દિશા અને ભાવિ શક્યતાઓ પર પ્રકાશ પાડે છે.

જુગતરામ દવેના મુખ્ય શૈક્ષણિક સિદ્ધાંતો જુ.દવે દ્વારા લખેલાં પુસ્તકો અને તેમણે સ્થાપેલી શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસ પરથી સ્પષ્ટ થતા સિદ્ધાંતોની ટૂંકી વિગત અહીં રજૂ કરવા પ્રયાસ કર્યો છે.

**બાળકેન્દ્રિતતા :**

જુ. દવેનાં શૈક્ષણિક તત્ત્વોમાં પ્રથમ સ્થાન બાળકનું છે. બાળકની જરૂરિયાત, કુતૂહલ, રસ, પ્રતિભા અને ગતિ પ્રમાણે શિક્ષણનું આયોજન કરવું જોઈએ. શાળા જ નહીં પરંતુ આખો શિક્ષણ-પરિવેશ બાળકની આસપાસ કેન્દ્રિત થવો જોઈએ. બાળક પોતાની ગતિ, રસ અને અનુભવથી શ્રેષ્ઠ શીખી શકે. શિક્ષણ એ બાળકના અંતરમનનું ઉદ્ઘાટન છે. શીખવાના સ્વાભાવિક ક્રમ અને રસને ધ્યાનમાં રાખી શીખવવાનો જુ.દવેનો મુખ્ય સિદ્ધાંત હતો.

**અનુભવ આધારિત શિક્ષણ :**

"બાળક અનુભવ કરે અને પછી સમજે." જુ.દવેનો આ મૂળ સિદ્ધાંત છે. અનુભવ વગરનું જ્ઞાન અધૂરું છે. તેઓ વારંવાર કહેતા કે શીખવાની પ્રક્રિયા હૈયું, મસ્તક, હાથ આ ત્રણેયની ભાગીદારીથી જ સફળ બને છે.

**માતૃભાષામાં શિક્ષણ :**

જુ. દવેનાં લખાણો અને મૂલ્યાંકનમાં માતૃભાષાના મહત્ત્વ પર સતત ભાર મુકાયો છે. બાળકને શીખવા માટે સૌથી સુગમ અને પ્રાકૃતિક માધ્યમ તરીકે માતૃભાષાને સ્વીકારી છે.

**પ્રવૃત્તિ અને કાર્ય આધારિત શિક્ષણ :**

જુ. દવેના દૃષ્ટિકોણમાં "બાળક જાતે કરે એ જ સાચું શિક્ષણ" ગણાય છે. તેઓએ ગાયન, વાર્તા, રમતો, પ્રયોગો, હસ્તકલા, વિવિધ કૃતિઓ, પાકશાસ્ત્ર, કૃષિના અનુભવો વગેરે શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકાર્યા હતા.

**નૈતિકતા અને મૂલ્યશિક્ષણ :**

જુ. દવે જીવનમૂલ્યો, સંસ્કાર અને નૈતિક વિકાસને શિક્ષણનો અભિન્ન ભાગ માનતા હતા. બાળકને જવાબદાર અને કરુણાસભર નાગરિક તરીકે ઘડવો.

તેઓએ આશ્રમશાળામાં આ બધું જ શક્ય બનાવ્યું. પ્રાર્થના, નિયમિતતા, આત્મ-નિયમન, સમૂહ-જીવન, સત્ય-કરુણા, સ્વાયત્તતા, સ્વચ્છતા વગેરેના અનુભવો દ્વારા બાળકોમાં અનૌપચારિક રીતે નૈતિકતા અને મૂલ્યોનું આરોપણ કરવાનું શક્ય બનાવ્યું હતું.

**NEP-2020 ના મુખ્ય સિદ્ધાંતો :**

NEP-2020નો અભ્યાસ કરતાં જણાય છે કે, મેકોલે શિક્ષણ પદ્ધતિને જડમૂળથી ઉખેડી કાઢીને આઝાદી પૂર્વે ચાલતી નઈ તાલીમ અને અન્ય શિક્ષણ પ્રક્રિયાઓનો સ્વીકાર કરી, ફરીથી આપણી ઉત્તમોત્તમ શિક્ષણ પ્રક્રિયાનો સ્વીકાર કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જુગતરામ દવેનાં મુખ્ય શૈક્ષણિક પાસાઓને ધ્યાને રાખીને NEP-2020ના મુખ્ય સિદ્ધાંતો તારવવા પ્રયાસ કર્યો છે.

**Learner-Centric Approach** :

NEP-2020 બાળકની વ્યક્તિગત ગતિ, રસ અને ક્ષમતાને ધ્યાનમાં લેતી શિક્ષણ પદ્ધતિને પ્રોત્સાહન આપે છે.

**Foundational Stage - ECCE(Early Childhood Care and Education)** :

3–8 વર્ષની વયનાં બાળકો માટે રમતો, વાર્તાઓ, પ્રવૃત્તિઓ અને ભાષા વિકાસને આધારિત ECCE માળખું રજૂ કરાયું છે.

**Experiential Learning** :

પ્રોજેક્ટ આધારિત અભ્યાસ, સંશોધન, હસ્તપ્રયોગ, કલા-સંકલિત શિક્ષણ, વ્યાવસાયિક અનુભવ વગેરે NEP2020નું કેન્દ્ર છે.

**માતૃભાષા આધારિત શિક્ષણ :**

કક્ષા 1 થી 5 સુધી માતૃભાષામાં શિક્ષણ અનિવાર્ય કરવાની ભલામણ કરીને NEP2020 એ ભારતીય કેળવણી પરંપરાને માન્યતા આપી છે.

**Holistic and Multidisciplinary Education** :

વિદ્યાર્થીને સર્વાંગી રીતે વિકસિત કરવા માટે કલા, ખેલ, વોકેશનલ ટ્રેનિંગ વગેરે તમામનું સંકલન કરાયું છે.

**બાળકેન્દ્રિતતા બંનેનો આધારસ્તંભ :**

દવેના શિક્ષણચિંતન અને NEP બંને બાળકોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપે છે. NEP-2020માં learner-centric learning pathways એ દવેના વિચારોનું આધુનિક સ્વરૂપ છે.

**અનુભવ અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસ :**

દવે દ્વારા પ્રસ્તુત ''કરતાં શીખવું'' NEP-2020 ના experiential learning, discovery-based learning અને project pedagogy સાથે મેળ ખાય છે.

**શિક્ષણનું માધ્યમ માતૃભાષા :**

NEP-2020 માતૃભાષાને કેન્દ્રીય સ્થાન આપે છે. જુ. દવેએ શિક્ષણનો પ્રાણ માતૃભાષા જ જણાવી છે.

**મૂલ્યશિક્ષણ અને નૈતિકતા :**

જુ. દવે બાળકોના સંસ્કારિત વિકાસને મુખ્ય સ્થાન આપે છે. NEP-2020 value-based educationને 21મી સદીની કુશળતાઓ સાથે સાંકળે છે.

**સર્વાંગી વિકાસ :**

જુ. દવે અને NEP2020 બંને દર્શાવે છે કે, શિક્ષણનું ધ્યેય માત્ર ગ્રેડ અથવા ગુણાંક નહીં, પણ માનવીને સર્વાંગી રીતે વિકસિત કરવાનું છે.

**ભયમુક્ત શિક્ષણ પ્રક્રિયા :**

જુ. દવે અને NEP2020 બંનેમાં આનંદમય, ભયમુક્ત શિક્ષણ તેમજ મૂલ્યાંકન પ્રક્રિયાને મહત્ત્વ અપાયું છે.

**કૌશલ્ય આધારિત શિક્ષણ :**

જુ. દવેએ જીવનકૌશલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂક્યો છે. જ્યારે NEP2020માં 21st Century Skills પર ભાર મૂક્યો છે. આમ, કૌશલ્ય આધારિત શિક્ષણનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

જુ.દવેની કાર્યપદ્ધતિઓ બાલમંદિર અને પ્રાથમિક કક્ષાઓ સુધી મર્યાદિત લાગતી હતી, NEP 2020 એ તે જ મૂલ્યોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર લાગુ પાડવા માટે દિશાનિર્દેશ આપ્યો છે. આ રીતે જુ.દવેનું ચિંતન માત્ર પ્રાદેશિક-સ્થાનિક નહીં પરંતુ, વૈશ્વિક સ્તરે લાગુ પડે તેવું બની રહ્યું છે.

**શિક્ષણક્ષેત્ર માટે પ્રયોગાત્મક સૂચનો :**

પ્રાથમિક શિક્ષકોને જુ.દવેની શિક્ષણ પદ્ધતિઓ પર આધારિત ખાસ તાલીમ આપવામાંઆવે.

ECCE કેન્દ્રોમાં જુ.દવેના રમત, વાર્તા અને પ્રવૃત્તિ આધારિત અભિગમને શૈક્ષણિક માળખામાં સામેલ કરવું. માતૃભાષા આધારિત શિક્ષણના મૉડેલને જુ.દવેના વિચારો મુજબ વધુ સુદૃઢ બનાવવું. મૂલ્યશિક્ષણને પ્રાથમિક કક્ષાની દૈનિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું બનાવવું. બાળક પોતાનું કામ જાતે કરતો થાય તેવા અનુભવોનું નિર્માણ કરવું. ખાસ લાઈફ સ્કિલ વિકાસ માટે બાળકને તૈયાર કરી શકાય તેવા અનુભવો પૂરા પાડવા. બાળકોને પારંપારિક વ્યવસાયોના વાસ્તવિક અનુભવો, અર્થોપાર્જનમાં બાળકનું યોગદાન, જવાબદારી સ્વીકારવા અને નિભાવવા સક્ષમ બનાવવા માટેની તાલીમ આપવા વિવિધ ટાસ્કનું નિર્માણ કરવું. નઈ તાલીમના મૂળભૂત સિદ્ધાંતોને વર્તમાન સમયમાં અમલમાં મૂકવાના પ્રયાસ હાથ ધરવા.

જુ.દવેનું શિક્ષણચિંતન ભારતીય શિક્ષણની પરંપરાને સમર્થન આપતું, બાળકની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખતું અને પ્રયોગશીલતા દ્વારા શીખવા-શીખવવાની સંસ્કૃતિ ઊભી કરતું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ આ તમામ મૂલ્યોને આધુનિક જરૂરિયાતો, વૈશ્વિક દૃષ્ટિકોણ અને સામાજિક પરિવર્તનો સાથે સંકલિત કરીને શિક્ષણને નવી દિશા આપી છે.

આ રીતે જુગતરામ દવેના વિચારો NEP-2020નો પાયો મજબૂત બનાવે છે. જુ.દવેનું ચિંતન આજે પણ એટલું જ પ્રાસંગિક છે જેટલું તેમણે રજૂ કર્યું હતું. ભવિષ્યના શિક્ષણ માટે માર્ગદર્શક પ્રકાશરૂપ છે. જુ. દવેનું શિક્ષણચિંતન 20મી સદીમાં પ્રયોગાત્મક હતું. પરંતુ, તેનાં મૂળ તત્ત્વો 21મી સદીની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં રાષ્ટ્રીય સ્તરે અમલી બની રહ્યાં છે. આ સુમેળ દર્શાવે છે કે, જુ.દવેની વિચારસરણી માત્ર સમયોચિત જ નહીં, સમયને પાર કરનારી અને આધુનિક શિક્ષણના મૂળભૂત આધારરૂપ છે. NEP2020માં જુ. દવેના વિચારને વ્યાપક સ્વીકાર આપી સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને બાળકમિત્ર, આનંદમય, સર્જનાત્મક અને સર્વાંગી વિકાસ સાધનારી બનાવવા દિશા આપી છે.

**જુગતરામ દવે અને NEP-2020 વચ્ચેની સમાનતાઓ**

| ક્રમ | જુગતરામ દવે | NEP-2020 | બંનેમાં સમાનતા |
|---|---|---|---|
| 1 | બાળકેન્દ્રિતતા | Learner-Centric Approach | બાળકેન્દ્રિતતા બંનેનો આધારસ્તંભ |
| 2 | કરતાં શીખવવું | experiential learning, discovery-based learning અને project pedagogy | અનુભવ અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ |
| ૩ | શિક્ષણનું માધ્યમ માતૃભાષા | શિક્ષણનું માધ્યમ માતૃભાષા | માતૃભાષાનું મહત્ત્વ |
| ૪ | સંસ્કારી વ્યક્તિત્વનો વિકાસ | value-based education | મૂલ્યશિક્ષણ અને નૈતિકતા |
| ૫ | સર્વાંગી વિકાસ | સર્વાંગી વિકાસ | સર્વાંગી વિકાસ |
| ૬ | આનંદમય, ભયમુક્ત શિક્ષણ | Assessment Reform | ભયમુક્ત શિક્ષણ પ્રક્રિયા |
| ૭ | જીવનકૌશલ્ય આધારિત શિક્ષણ | 21st Century Skills | કૌશલ્ય આધારિત શિક્ષણ |

# ડૉ. મારિયા મોન્ટેસરીના સિદ્ધાંતોનું વિશ્લેષણ



- ડૉ. મનીષા એચ. લાખાણી
કાઉન્સિલર,
સુતરવાડા સ્ટ્રીટ-૪, પોરબંદર
મો. ૯૬૩૮૫૬૮૯૭૦

સાંપ્રત સમયની પદ્ધતિઓ પેડાગોજી અને બાળ કેળવણીકારના પ્રયોગો જેમકે ડૉ. મારિયા મોન્ટેસરી તેઓ ''બાળકની સહજ ક્ષમતામાં વિશ્વાસ રાખતા'' તેઓ માનતા કે યોગ્ય વાતાવરણ સ્વતંત્રતા અને માર્ગદર્શન આપવામાં આવે તો બાળક માત્ર શિક્ષિત નહીં આત્મવિશ્વાસુ સક્ષમ વ્યક્તિ તરીકે વિકસિત થશે આવી વિચારસરણી, આ પાયાના સિદ્ધાંતો આજે પણ આધુનિક શિક્ષણશાસ્ત્રનો આધાર સ્તંભ છે. ડૉ. મારિયા મોન્ટેસરીએ વિશ્વને એક એવો દૃષ્ટિકોણ આપ્યો, જેમાં બાળકના શિક્ષણને માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખતાં, તેના સર્વાંગી વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું બાળકેળવણીકાર ઈતિહાસમાં એક મહાન ક્રાંતિકારી મહિલા તરીકેનું સ્થાન એટલે ડૉ. મારિયા મોન્ટેસરી. તેમની શિક્ષણ પદ્ધતિ આજે પણ વિશ્વભરમાં પ્રચલિત છે. બાળકેળવણીકારના ક્ષેત્રે એક માર્ગદર્શક સિદ્ધાંત બની રહે.

**ડૉક્ટર મારિયા મોન્ટેસરી : જીવન કવન અને ફાળો :**

ઈટાલિયન મનોચિકિત્સા કેળવણીકાર પ્રથમ મહિલા ચિકિત્સક તરીકે સ્થાન મેળવનારાં ડૉ. મારિયા મોન્ટેસરીના જીવનકવન અને શિક્ષણ પદ્ધતિઓ વિશે ચર્ચા કરીશું. શરૂઆતનાં વર્ષોમાં તેમણે માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કર્યું. ત્યારબાદ બાલગૃહ, રોમમાં બાળકો માટે પ્રથમ શાળા બનાવી આપી, બાળકોની સહજ વૃત્તિ દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કરી ત્યારબાદ અનેક પદ્ધતિઓ વિકસાવી તેમણે બાળકોને કુદરતી સહજ રીતે શીખી શકાય એના ઉપર ભાર મૂક્યો મેડમ મોન્ટેસરી માનતાં કે બાળકો સહજ રીતે શીખી શકે એટલા માટે બાળકો શાળામાં પોતાને મનપસંદ તેમને અનુરૂપ સાધનો મળી રહે તે માટે શાળાનું વાતાવરણ શાંત પ્રસન્નતાવાળું રહે એ માટેના પ્રયાસો કરવા બાળકો શાળામાં જતા ડરે નહીં તો જ બાળકનો માનસિક વિકાસ થાય એવું માનતા તેમજ ''શાળાનું વાતાવરણ સ્વચ્છ શાંત અને સૌંદર્યદાયક હોય તો બાળકો એની મેળે જ હોંશેથી શાળાએ આવે અને પોતાની જાતે જ શિક્ષણકાર્ય કરી શકે એવી પરિસ્થિતિ ઊભી કરવી એનું નામ શિક્ષણ, એવું માનતાં.''

ડૉક્ટર મારિયા એવું માનતાં કે બાળક પોતાની મેળે સ્વતંત્ર રીતે પોતાની કામગીરી કરતાં શીખે જેથી કરીને ભવિષ્યમાં પોતાના નિર્ણયો ખુદ લે અને કાર્યો કરે શાળામાં શિક્ષકની કામગીરી એવી હોવી જોઈએ કે બાળકોને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન મળી રહે. બાકી બાળકો પોતે જ પોતાની કામગીરી જાતે શીખી અને શિક્ષકો માત્ર બાળકને માર્ગદર્શન દ્વારા તૈયાર કરે. ડૉક્ટર મારિયાની શિક્ષણ પદ્ધતિઓ આજે પણ એટલી જ પ્રચલિત છે. જો હરેક શાળા કૉલેજોની અંદર આ પ્રકારની સિસ્ટિમ અપનાવવામાં આવે તો કદાચ ભવિષ્ય માટે સારા યુવાનોને તૈયાર કરી શકીએ.

**બાળકો આંતરિક પ્રેરણાથી કાર્ય કરે એ ખૂબ જરૂરી છે :**

બાહ્ય દબાણથી નહીં વિવિધ વિષયને લગતી પોતાની ચીવટ રજૂ કરે તેમજ કોઈ દબાણથી નહીં આનંદ અને ઉત્સાહથી પોતાની મેળે કાર્ય કરે એ ખૂબ જ જરૂરી છે બાળક માટે અને તેના આવનારા ભવિષ્ય માટે ડૉ. મારિયા મોન્ટેસરીની પદ્ધતિ દ્વારા બાળકોની અંદર આ મહત્ત્વનાં ગુણો-લક્ષણો જોવા મળ્યાં છે. જો આધુનિકતા સાથે અને સરખાવવામાં આવે તો આજે પણ ડૉ. મારિયા મોન્ટેસરીની પદ્ધતિ વધુ પ્રચલિત છે.

**ક્રિયા અને અનુભવ દ્વારા શિક્ષણ :**

આધુનિક શિક્ષણશાસ્ત્ર પેડાગોજીનો આ સૌથી મહત્ત્વનો સૌથી મજબૂત આધારસ્તંભ છે જેમકે ડૉક્ટર

મારિયા મોન્ટેસરીનું માનવું હતું કે બાળક વર્ક એટલે કે કામ દ્વારા શીખે છે જેમકે ઢીંગલીને કપડાં પહેરાવવા, વૃક્ષોને પાણી રેડવું વગેરે એમની જેવા જ બાળકેળવણીકાર ફ્રોબેલનું માનવું હતું કે શિક્ષણ માત્ર જ્ઞાનનું ટ્રાન્સફર નથી પણ સાંકળીયવાદી પ્રક્રિયા છે એવું સાબિત કર્યું.

બાળકના જીવનમાં શાળાનું તેમજ ઘરનું ભૌતિક વાતાવરણ ભાવના વાતાવરણ ખૂબ જ અસર કરે છે એવું ડૉક્ટર મારિયા માનતા હતા. તેઓ બાળકોને સ્વતંત્ર રીતે શીખવાનું સહજ પ્રવૃત્તિથી શિક્ષણ આપવાના તૈયારી યુક્ત વાતાવરણ ઉપર ભાર મૂકતાં હંમેશાં કહેતા કે બાળકોને મુક્ત મને રહેવા દો. વાતાવરણ બાળકનો ત્રીજો શિક્ષક છે એવું માનતાં ડૉક્ટર મારિયાની વિચારસરણી આજે પણ ઘણી બધી શિક્ષણ વ્યવસ્થાઓમાં જોવા મળે છે બાળકોના સર્વાંગી અને વ્યવસ્થિત વિકાસ માટે સલામત શીખવાનું વાતાવરણ ખૂબ જ જરૂરી છે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ :**

બાળક માત્ર બૌદ્ધિક રીતે જ નહીં પરંતુ સામાજિક રીતે પણ વિકસિત થાય એ ખૂબ જરૂરી છે. ડૉ. મારિયા એવું માનતાં કે બાળક વિવિધ જૂથનાં બાળકોને મળે જેના દ્વારા પ્રોત્સાહિત થાય અને એકબીજાથી શીખવાનું અને મદદ કરવાનું વલણ વિકસે. ફ્રોબેલ પણ બાળકોને કિન્ડર ગાર્ટન પ્રવૃત્તિમાં બાળકોને રમતો રમવાનું ગીત સંગીતના માધ્યમથી બાળકોને સામાજિકતાના પાઠો શીખવવાનું માનતા. આમ અન્ય કેળવણીકારો પણ બાળકોને સહજતાથી સામાજિક સાથે ભાવનાત્મક વિકાસ એ ખૂબ જ જરૂરી છે કેમકે બાળકમાં માત્ર ભૌતિક ક્ષમતાથી વધુ જરૂરી છે. સંવેદાત્મક બૌદ્ધિક ક્ષમતા બાળકોમાં  માત્ર જ્ઞાનનું જ વલણ હશે તો બાળકો પુસ્તકીય કીડા બની જશે જ્યારે બાળકોને સાચી દિશા તો હળીમળીને એકબીજા સાથે રહેવાના વલણથી સામાજિકતા સાથે જ મળી રહે ડૉ. મારિયાનું માનવું હતું કે ઈમોશનલ ઈન્ટેલિજન્ટની સાથે સાથે સામાજિકતા સહયોગો પણ જરૂરી છે.

બાળકોને સતત મહેનતથી કાર્ય કરતાં જોઈને ડૉક્ટર મારિયાએ એવું તારણ કાઢ્યું કે કાર્ય પોતે જ પુરસ્કાર છે. બાળકો કાર્ય કરીને શીખે છે આધુનિક પેડાગોજીએ પણ આમાં ભાર મૂક્યો જો બાળકોને તેમની ગતિ અને રુચિ પ્રમાણે કાર્યો કરવા જાતે જ શીખવવામાં આવે તો તે બાળકનું જ્ઞાન કાયમી રહે છે.

સાંપ્રત સમયમાં શિક્ષણની વ્યવસ્થાનાં સૂત્રોને ધ્યાનમાં રાખીને શિક્ષણ પદ્ધતિઓ એવી વિકસાવવી જોઈએ કે જેથી કરીને બાળકોમાં સ્વતંત્ર રીતે મુક્ત મને પોતાની જાતે શીખી શકે, આગળ વધી શકે, પોતાના નિર્ણયો પોતે લઈ શકે સ્વતંત્રતા માર્ગદર્શન અને સાથે પૂર્વ તૈયારીથી બાળકનું ભવિષ્ય સુધરે એવા પ્રયાસો શાળા સંસ્થાએ કરવા જોઈએ. એ પછી શિક્ષણ પદ્ધતિઓમાં ડૉ. મોન્ટેસરીની પદ્ધતિ હોય કે ફ્રોબેલની શિક્ષણ પદ્ધતિ.

બધા જ કેળવણીકારોના કહેવાના ભાવાર્થ અને બાળકો પ્રત્યેની પોતાની જિજ્ઞાસાવૃત્તિએ તેમને પ્રયોગો કરવા માટે તૈયાર કર્યા હતા આ પાયાના સિદ્ધાંતો આજે પણ આધુનિક શિક્ષણશાસ્ત્રના પાયો છે.

**વ્યક્તિત્વ ઘડતરના પાસા સંબંધિત શિક્ષણ પ્રક્રિયા સંબંધિત જુગતરામ દવે અને NEP-2020 વચ્ચેની તુલના**

| **વ્યક્તિ ઘડતરનાં પાસા** | જુ.દવેની શિક્ષણ પ્રક્રિયા | NEP2020માં સમાવિષ્ટ શિક્ષણ પ્રક્રિયા |
|---|---|---|
| ચારિત્ર્યઘડતર | સંસ્કારિતા વિકાસ માટે આશ્રમી જીવન | value-based education |
| રચનાત્મક ક્ષમતા | હસ્તકલા-આધારિત સર્જનાત્મક અનુભવો | experiential learning, discovery-based learning અને project pedagogy |
| શારીરિક-માનસિક ક્ષમતા | સ્વાયત્તતા અને સંસ્કારિતા માટે આશ્રમી જીવન | 21st Century Skills based learning |
| આર્થિક સ્વાવલંબન | ખેતી, પશુપાલન અને પારંપારિક વ્યવસાયો | માત્ર ગ્રેડ અથવા ગુણાંક નહીં, સર્વાંગી વિકાસ |

# બાળશિક્ષણ ક્ષેત્રે જીન પિયાજેનું પ્રદાન



- ડૉ. મયુર વી. ભમ્મર
અધ્યક્ષ અને આસિ. પ્રૉફેસર,
મનોવિજ્ઞાન વિભાગ, સરકારી વિનયન કૉલેજ,
રાણાવાવ, પોરબંદર. મો. ૮૨૦૦૬૦૨૫૨૬

બાળશિક્ષણ પર તેમનો પ્રભાવ એટલો ઊંડો છે કે આજે પણ પિયાજેની ફિલસૂફી મોટાભાગની શૈક્ષણિક પ્રણાલીઓના મૂળમાં છેઃ પ્રાથમિક શિક્ષણ, બાળ-કેન્દ્રિત શિક્ષણ, રમત આધારિત શિક્ષણ અને સક્રિય શિક્ષણ. તેમનો જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંત બાળકો કેવી રીતે જ્ઞાન મેળવે છે, સમજણ વિકસાવે છે અને વિવિધ વયના તબક્કામાં તેમની વિચારસરણી કેવી રીતે બદલાય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પિયાજે બાળપણને ફક્ત જૈવિક વિકાસનો તબક્કો માનવાને બદલે જ્ઞાનના સક્રિય અને સતત બૌદ્ધિક નિર્માણની પ્રક્રિયા તરીકે ગણાવે છે. પિયાજેના વિચારો નવી શૈક્ષણિક નીતિઓ, વર્ગખંડ વહીવટ, શીખવાની વ્યૂહરચનાઓ અને બાળ-કેન્દ્રિત શિક્ષણના મૂળમાં રહે છે.

**પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત :**

બાળકનો જ્ઞાનાત્મક વિકાસ એક ચોક્કસ ક્રમને અનુસરે છે. દરેક બાળકનો વિકાસ લગભગ સરખા નમૂનામાં આગળ વધે છે. જન્મથી જ જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ કાર્યરત રહે છે અને બાળકની વૃદ્ધિ સાથે વિકાસના નવા-નવા તબક્કાઓ ઉદ્ભવતા જાય છે. ઘરનાં સભ્યો, વાતાવરણ અને અનુભવ સાથેની આંતરક્રિયા વિકાસને અસર કરે છે. જીન પિયાજેએ જન્મથી બાર વર્ષ સુધીના જ્ઞાનાત્મક વિકાસને ચાર મુખ્ય તબક્કામાં વહેંચ્યો છેઃ

**1) સાંવેદનિક-કારક તબક્કો-જન્મથી 2 વર્ષ (Sensori-Motor Stage) :**

આ તબક્કામાં બાળક પોતાની ઇન્દ્રિયો (જોવું, સાંભળવું, સૂંઘવું, સ્પર્શ અને સ્વાદ) અને ચેષ્ટાઓ વચ્ચેનો સંબંધ શીખે છે. શરૂઆતમાં બાળક ચૂસવું, રડવું, ગળવું જેવી સ્વાભાવિક પ્રતિક્રિયાઓ કરે છે, પરંતુ ધીમે ધીમે તે પોતાની ક્રિયાઓને નિયંત્રિત કરવાનું શીખે છે. બાળક સમજે છે કે ''જે વસ્તુ હાલ દેખાતી નથી, તેનું અસ્તિત્વ તો છે.'' આ સમજણ 6 થી 8 મહિનાની આસપાસ વિકસે છે, જેને પદાર્થ સ્થાયિત્વના ખ્યાલ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત બાળક ક્રિયાઓને ઊલટાવી શકે છે. જેમકે રમકડું તોડી દેવું અને ફરી જોડવું.

**2) પૂર્વ ક્રિયાત્મક તબક્કો-2 થી 7 વર્ષ (Pre-Operational Stage) :**

આ તબક્કામાં બાળકનું વિચારવું મુખ્યત્વે દેખાવ આધારિત હોય છે. બાળક ભૌતિક નિયમો, વજન અથવા જથ્થાના બદલાવને સાચી રીતે સમજતું નથી. જેમકે, માટીના બે સમાન ગોળા 'સરખા' લાગે; પરંતુ એક ગોળાને લંબગોળ બનાવી દેતાં બાળક માને કે હવે તે વધારે મોટો કે ભારે છે. આ ઉપરાંત બાળક આકૃતિ, દેખાવ અને ગોઠવણી પર વધારે ધ્યાન આપે છે, તેમનામાં મૂળભૂત તર્ક હજી વિકસ્યો હોતો નથી.

**3) મૂર્ત (પદાર્થલક્ષી) ક્રિયાત્મક તબક્કો-7 થી 12 વર્ષ (Concrete Operational Stage) :**

બાળક માત્ર મૂર્ત (concrete) વસ્તુઓ વિશે તર્ક કરી શકે છે એટલે કે જે નજરે દેખાય, હાથમાં પકડાય અથવા સીધો અનુભવ થાય છે. બાળક વર્ગીકરણ અને ક્રમબદ્ધ ગોઠવણ કરી શકે છે. આ ઉપરાંત બાળક દેખાઈ શકે એવા પ્રશ્નોના સાચા જવાબ આપે છે, પરંતુ અમૂર્ત ખ્યાલો, જેમકે અહિંસા, નૈતિકતા, પ્રામાણિકતા સમજવામાં મુશ્કેલી હોય છે.

**4) અમૂર્ત ક્રિયાત્મક તબક્કો-12 વર્ષથી આગળ (Formal/Abstract Operational Stage) :**

આ તબક્કામાં બાળક અમૂર્ત તર્ક વિકસાવે છે. વિચારવાની ક્ષમતા વધુ સુગમ, લચીલી અને વૈજ્ઞાનિક બનવા લાગે છે. તેઓ અનુમાન, કલ્પનાઓ અને તાર્કિક

વિચારણા કરી શકે છે. સ્વચ્છતા, લોકશાહી, સ્વાતંત્ર્ય જેવા ખ્યાલોને ઉદાહરણો સાથે સારી રીતે સમજી શકે છે. જોકે દરેક 12થી વધારે વર્ષના બાળકમાં આ ક્ષમતા સમાન રીતે વિકસે એ જરૂરી નથી. તે અનુભવો અને પર્યાવરણ પર આધારિત છે.

પિયાજે જણાવે છે કે બાળકનો જ્ઞાનાત્મક વિકાસ તબક્કાવાર અને આગાહીના ધોરણે થાય છે. બાળક જ્યારે નવા અનુભવો અને વાતાવરણ સાથે જોડાય છે ત્યારે તેની સમજણ અને વિચારો વધુ મજબૂત બનતા જાય છે. જન્મથી કિશોરાવસ્થા સુધીનું આ ચાર તબક્કાનું પ્રતિમાન બાળક કેવી રીતે શીખે છે, વિચારે છે, સમજે છે અને વિશ્વને ગ્રહણ કરે છે તે બાબતે એક સ્પષ્ટ દિશા આપે છે.

**બાળશિક્ષણમાં પિયાજેનું યોગદાન :**

જીન પિયાજેને માત્ર વિકાસલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ આધુનિક બાળશિક્ષણના સ્થાપકોમાંના એક તરીકે પણ ગણવામાં આવે છે. તેમનું માનવું હતું કે શિક્ષણનું કાર્ય બાળકમાં વિચારવાની, સમજવાની અને સ્વતંત્ર શિક્ષણને પ્રોત્સાહન આપવાની ક્ષમતા વિકસાવવાનું છે. તેમના મુખ્ય શૈક્ષણિક યોગદાન નીચે વિગતવાર રજૂ કરવામાં આવ્યા છેઃ

**1) બાળ-કેન્દ્રિત શિક્ષણ :**

પિયાજે મુજબ, બાળક શીખવાની પ્રક્રિયાનું કેન્દ્ર છે, શિક્ષક કે પાઠ્યપુસ્તક નહીં. તેમણે કહ્યું, ''શિક્ષણ બહારથી લાદવામાં આવતું નથી, પરંતુ બાળક સક્રિય રીતે જ્ઞાનનું નિર્માણ કરે છે.'' બાળક એક સક્રિય સંશોધક છે જે અનુભવ, અજમાયશ અને ભૂલ દ્વારા શીખે છે. શિક્ષકની ભૂમિકા સહાયકની છે, આદેશ આપનારની નહીં. વર્ગખંડનું વાતાવરણ એવું હોવું જોઈએ કે બાળક સ્વતંત્ર રીતે વિચારી શકે, પ્રશ્નો પૂછી શકે અને નવા અનુભવો મેળવી શકે. પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ, બાળ-કેન્દ્રિત શિક્ષણશાસ્ત્ર, રચનાત્મક વર્ગખંડ, NEP-2020ની ઘણી જોગવાઈઓ પિયાજેના ખ્યાલોથી પ્રેરિત છે.

**2) શોધ શિક્ષણ :**

પિયાજે માનતા હતા કે જ્ઞાન સ્થાયી અને ગહન બને છે જ્યારે બાળક કોઈ ખ્યાલનું સંશોધન કરીને, પ્રયોગ કરીને અથવા સમસ્યાઓ હલ કરીને શીખે છે. આથી બાળકોને પોતાના પ્રશ્નો પૂછવાની છૂટ આપવી જોઈએ. પ્રયોગ, અવલોકન, સરખામણી, વર્ગીકરણ અને વિશ્લેષણ માટે તકો પૂરી પાડવી જોઈએ. આથી શિક્ષકે ફક્ત સંકેતો આપવા જોઈએ અને બાળકે ઉકેલો શોધવા જોઈએ. ઉપરાંત ગોખણપટ્ટી કરતાં અર્થપૂર્ણ શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ. આધુનિક STEM શિક્ષણ અને પૂછપરછ-આધારિત શિક્ષણ સીધા પિયાજેથી પ્રભાવિત છે.

**3) રમત-આધારિત શિક્ષણ :**

પિયાજે અનુસાર, રમત માત્ર મનોરંજન નથી પરંતુ બૌદ્ધિક વિકાસ માટે એક મૂળભૂત સાધન છે. તેઓ સમજાવે છે કે રમત વડે જ્ઞાનાત્મક વિકાસ થાય છે. જેમકે વસ્તુઓની લાક્ષણિકતાઓને ઓળખવી, કદ, સંખ્યા, ક્રમ વગેરેનું જ્ઞાન, કલ્પના અને સર્જનાત્મકતાનો વિકાસ કરવો. રમત દ્વારા સામાજિક વિકાસ થાય છે. જેમાં સહકાર, નિયમોને સમજવું, જૂથ કૌશલ્ય શીખવું વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભાષા અને તર્કનો પણ વિકાસ થાય છે. જેમકે ભૂમિકા ભજવવી, વાટાઘાટો, સમસ્યાનું નિરાકરણ વગેરે.

**4) વય મુજબ અભ્યાસક્રમ :**

પિયાજેએ દલીલ કરી હતી કે દરેક વય જૂથની પોતાની જ્ઞાનાત્મક ક્ષમતાઓ હોય છે, તેથી અભ્યાસક્રમ તે મુજબ ડિઝાઇન થવો જોઈએ. જેમાં બાળકને બિનજરૂરી દબાણ હેઠળ મૂકવામાં ન આવે. વાસ્તવિક વય સંબંધિત ક્ષમતાઓ માટે યોગ્ય શિક્ષણ વાતાવરણ પૂરું પાડવામાં આવે તો શિક્ષણ કુદરતી, આનંદપ્રદ અને અસરકારક બને છે. જીન પિયાજેએ બાળશિક્ષણને એક નવા દૃષ્ટિકોણથી સમજાવ્યું છે.

તેમણે સાબિત કર્યું કે બાળક જ્ઞાનનો 'ગ્રાહક' નથી, પરંતુ એક સર્જક છે. શિક્ષણ એ એક સક્રિય, અનુભવ આધારિત પ્રક્રિયા છે તથા ઉંમર, અનુભવ અને પર્યાવરણ મળીને બૌદ્ધિક વિકાસને આકાર આપે છે.

# શ્રી નાનાભાઈ ભટ્ટની દૃષ્ટિએ શિક્ષક અને શિક્ષણ



- અમીતકુમાર બી. સુરતી
આસિ. પ્રોફેસર - શ્રી મહાવીર વિદ્યામંદિર
ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા, સુરત.
મો. ૯૭૩૭૩૭૬૭૪૨

ગુજરાતી શિક્ષણ ચિંતનની પરંપરામાં નાનાભાઈ ભટ્ટનું સ્થાન અત્યંત ઊંચું અને વિશિષ્ટ છે. ગુજરાતી ભાષા, ગ્રામજીવન, માનવતા અને રાષ્ટ્રીય ચેતના વિષયક તેમની સમૃદ્ધ દૃષ્ટિ શિક્ષણજગતમાં આજે પણ માર્ગદર્શકરૂપ છે. નાનાભાઈ ભટ્ટ માત્ર શિક્ષણશાસ્ત્રી નહોતા; તેઓ વિચારક, લેખક, કાર્યકર અને જીવન દૃષ્ટાંત હતા, જે બાળકો અને શિક્ષણ બન્નેને માનવ સમાજના હૃદય તરીકે માને છે. તેમણે શિક્ષકનું સ્વરૂપ, લક્ષણો, જવાબદારીઓ અને સમાજ પ્રત્યેની ભૂમિકા વિષયક અનેક મૂલ્યવાન વિચારો રજૂ કર્યા છે. તેઓના આ વિચારોના આધારે આદર્શ શિક્ષકની પ્રતિમા નિર્માણ કરી શકાય, જે માત્ર શીખવનાર નહીં પરંતુ સમગ્ર સમાજના ચારિત્ર્ય નિર્માણના મુખ્ય આધારસ્તંભ તરીકે નજરે આવે છે.

નાનાભાઈ ભટ્ટ માટે શાળાનું વાતાવરણ માત્ર અભ્યાસનું માધ્યમ નહોતું, પરંતુ મૂલ્યોને જીવંત રાખનાર જગ્યા હતી. તેઓ શાળાને એક એવી જગ્યા માને છે જ્યાં બાળક માત્ર વાંચે-લખે નહિ, પરંતુ જીવન જીવતાં પણ શીખે. શાળાની ભીંતો ઈંટોથી નહીં. પરંતુ મૂલ્યોની શિખામણથી બને છે, જેમકે સ્વચ્છતા, સમયનું પાલન, પરસ્પર સહકાર, સહજીવન, સમૂહમાં કાર્ય કરવાની આદત અને જવાબદારી. આ વાતાવરણ બનાવવાનું કાર્ય શિક્ષકનું છે. શિક્ષક પોતે સંસ્કારી અને અનુશાસિત હોય, તો શાળાનું વાતાવરણ પણ સ્વાભાવિક રીતે સંસ્કારી બની જાય છે. બાળકો 'જુએ છે', 'સમજે છે' અને 'અનુકરણ કરે છે'. એટલે શાળાનો દરેક ખૂણો વર્ગખંડથી શાળા પરિસર સુધી શિક્ષકના વ્યક્તિત્વથી પ્રતિબિંબિત હોવો જોઈએ. શાળામાં જો પ્રેમ, શાંતિ, નિયમિતતા અને સહકારનું વાતાવરણ હશે, તો બાળક માટે એ સ્થાન માત્ર શાળા નહિ, પરંતુ જીવનની પ્રેરણાશાળા બની જશે.

નાનાભાઈ ભટ્ટના શિક્ષણવિચારને માત્ર શાળા શિક્ષણની સીમામાં સમાવી શકાય એમ નથી. તેઓનું સમગ્ર વિચારજગત સ્વાતંત્ર્ય સંગ્રામ, ગ્રામજીવન, માનવતા, સાહિત્ય અને સામાજિક સેવાથી ઘડાયેલું હતું. તેમની આ વિશાળ અનુભવ સંપત્તિને કારણે તેઓ શિક્ષકને માત્ર વિદ્યાસેતુ નહીં પરંતુ સમાજ જાગૃતિનો જ્યોતિર્મય સ્તંભ માનતા હતા. શિક્ષકની પ્રતિમા અંગે વિચારતાં તેઓ પ્રાચીન ભારતીય ગુરુકુળની પરંપરાથી લઈને ગાંધીયુગના 'નૈતિક સ્વરાજ્ય' સુધીનાં મૂલ્યોને એકસાથ ગૂંથીને આધુનિક શિક્ષકનું મક્કમ સ્વરૂપ નિર્માણ કરે છે.

નાનાભાઈ ભટ્ટની દૃષ્ટિએ શિક્ષણનું કેન્દ્ર બાળક છે અને તેના વિકાસનું મુખ્ય સાધન શિક્ષક. તેઓ માને છે કે શિક્ષક પોતાની જીવન પદ્ધતિથી જ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરે છે. આ વાક્યથી સ્પષ્ટ થાય છે કે નાનાભાઈ માટે શિક્ષકનું જીવન, તેની વાણી કરતાં વધારે પ્રભાવક છે. બાળક શિક્ષકની વર્તણૂક, તેની ચેષ્ટા, તેના સ્વભાવ અને દૈનિક વ્યવહારનું અનુકરણ કરે છે. તેથી શિક્ષકની પ્રત્યેક ક્રિયાવંત ક્ષણ બાળકના વ્યક્તિત્વ પર ગાઢ અસર કરે છે. શિક્ષક એટલે માત્ર પાઠ્યપુસ્તકોનો જાણકાર કે ચાર દીવાલનો શિક્ષણકર્મી નહીં, પરંતુ જીવંત મૂલ્યોનો પ્રેરક માનવામાં આવ્યો છે.

નાનાભાઈ ભટ્ટ કહેતા હતા કે, "શિક્ષક એવો હોવો જોઈએ જે માત્ર શબ્દોથી નહીં, પણ પોતાના આચરણથી શીખવે."

શિક્ષકના જીવનમાં શુદ્ધતા, સાદગીપણું, સત્યનિષ્ઠા, સહજતા અને કર્તવ્યનિષ્ઠા હોવાં એ નાનાભાઈ ભટ્ટના વિચારોના મૂળમાં છે. તેઓ શિક્ષકને 'કર્મયોગી' ગણાવીને કહે છે કે શિક્ષકે બાળકોમાં શ્રમની

પ્રતિષ્ઠા અને કાર્ય પ્રત્યે સન્માન જગાડવું જોઈએ. આ દર્શાવે છે કે શિક્ષક જ્યારે પોતાના જીવનમાં શ્રમને સ્વીકારી લે છે, ત્યારે બાળકમાં પણ શ્રમ પ્રત્યે માન અને ગૌરવ ઉત્પન્ન થાય છે. તેથી નાનાભાઈ શિક્ષકને શ્રમશીલ જીવન જીવવા અને બાળકો સાથે કાર્ય કરવાની સલાહ આપે છે. નાનાભાઈની વિચારસરણીમાં માતૃભાષાનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. તેઓના અનુસાર જે શિક્ષક પોતાની માતૃભાષામાં સરળ, સાદી અને સશક્ત ભાષામાં શિક્ષણ આપે છે, તે જ બાળકને સાચું જ્ઞાન આપી શકે. માતૃભાષા સ્નેહ, સંસ્કાર અને માનસિક સરળતાનું ઘર છે. બાળક જ્યારે પોતાની ભાષામાં શિક્ષક સાથે વાત કરે છે ત્યારે તે નિર્ભય બને છે, પ્રશ્ન પૂછે છે અને પોતાની અંદરના પ્રશ્નોને સ્વાભાવિક રીતે રજૂ કરે છે. તેથી શિક્ષકનું માતૃભાષા પ્રેમ અને ભાષાકીય કુશળતા બાળકના સર્વાંગી વિકાસ માટે અગત્યની છે.

નાનાભાઈ ભટ્ટના મતે શિક્ષકનો બીજો અગત્યનો ગુણ છે સ્વાધ્યાય. તેઓ ભારપૂર્વક જણાવે છે કે શિક્ષકે સતત વાંચન, વિચાર, મનોમંથન અને તાલીમ દ્વારા જ પોતાને જીવંત રાખવો જોઈએ. શિક્ષણક્ષેત્ર સતત પરિવર્તનશીલ છે; બાળકોની માનસિકતા, સમાજ વ્યવસ્થા અને જ્ઞાન વિજ્ઞાનની દિશાઓ સતત બદલાતી રહે છે. જો શિક્ષક પોતાના જ્ઞાનનું વિસ્તરણ કરશે નહીં, તો તે પરંપરાગત અને નિષ્પ્રભાવક શિક્ષક બની જશે. નાનાભાઈના મતે શિક્ષકે વાચન-મંડળો, ચર્ચા-વર્તુળો, સાહિત્ય, વિજ્ઞાન અને સામાજિક પરિવર્તનો અંગે જાગૃત રહેવું જોઈએ. આ સ્વાધ્યાય પ્રવૃત્ત જીવન શિક્ષકને નિત્ય નવીન રાખે છે અને બાળક માટે નવી પ્રેરણા આપે છે.

આદર્શ શિક્ષકનું મુખ્ય લક્ષણ છે બાળકો પ્રત્યેનો સ્નેહ, સહાનુભૂતિ અને માનવતાભર્યું વર્તન. નાનાભાઈ ભટ્ટ બાળકને ''માનવપુત્ર'' તરીકે વ્યાખ્યાયિત કરે છે અને કહે છે કે દરેક બાળકમાં અસીમ શક્તિ રહેલી છે. બાળકોની ભૂલો પર ક્રોધ કરવાને બદલે તેમને સમજાવવું, તેમના પ્રશ્નોને આવકારવા અને બાળકના વ્યક્તિત્વની વિશિષ્ટતાઓને ઓળખવી એ શિક્ષકનું પવિત્ર કાર્ય છે. બાળકનું મન સૂક્ષ્મ, નાજુક અને કલ્પનાશીલ હોય છે. શિક્ષક જો તેને નિષ્ઠુરતા કે ભયથી દબાવે, તો તેના વ્યક્તિત્વની વૃદ્ધિ અવરોધિત થાય. તેથી નાનાભાઈનું માનવું છે કે શિક્ષકે પ્રેમપૂર્વક, ધીરજપૂર્વક અને મમતાભાવે બાળકોને માર્ગદર્શન આપવું જોઈએ.

શિક્ષકની શૈક્ષણિક ભૂમિકાને લઈને પણ નાનાભાઈ ભટ્ટના વિચારો ઊંડાણસભર છે. તેઓ કહે છે કે શિક્ષકનું કાર્ય માત્ર પાઠ્યપુસ્તકોનો વિનિયોગ કરવાનું નથી; શિક્ષકે બાળકમાં વિચારશક્તિ, જિજ્ઞાસાવૃત્તિ, તર્ક, અનુમાન અને અનુભવો દ્વારા શીખવાની ક્ષમતા વિકસાવવી જોઈએ. શિક્ષણ માત્ર માહિતીઓનો ભાર નથી; તે તો ચેતનાનો વિકાસ છે. તેથી શિક્ષક બાળકને ''કેવી રીતે વિચારવું'' તે શીખવે, તો બાળકનું જ્ઞાન સમગ્ર જીવનમાં સહાયરૂપ બને.

નાનાભાઈ ભટ્ટ સંસ્કારમૂલક શિક્ષણના મક્કમ સમર્થક હતા. તેઓ સંસ્કારને શિક્ષણનું હૃદય ગણાવે છે. સંસ્કાર વગરનું જ્ઞાન માણસને અહંકાર અને અસંવેદનશીલતાની દિશામાં દોરી શકે છે. શિક્ષક બાળકમાં કર્તવ્યભાવ, દયા, સહાનુભૂતિ, રાષ્ટ્રપ્રેમ, સ્વયંશિસ્ત અને સામાજિકતા જેવાં મૂલ્યો વિકસાવી શકે ત્યારે જ તે સાચો શિક્ષક ગણાય. તે માટે શિક્ષકનું વ્યક્તિગત જીવન જ મુખ્ય સાધન છે. બાળક શિક્ષકના મૂલ્યો જીવંત જોઈ શકે, તે મૂલ્યો તેના જીવનનું અવિભાજ્ય અંગ બની જાય છે.

બાળકોમાં સર્જનાત્મકતા અને સ્વાનુભૂતિ વિકસાવવા નાનાભાઈ ખાસ ભાર મૂકે છે. બાળકની કલ્પનાશક્તિ, મૌલિકતા અને આંતરિક જિજ્ઞાસા જ તેને સંપૂર્ણ માનવ બનાવે છે. શિક્ષકે બાળકોને પોતાની રીતે વિચારવાની, પ્રશ્નો ઉઠાવવાની અને નવીન રીતો અજમાવવાની છૂટ આપવી જોઈએ. બાળકોને જો દરેક બાબતમાં પૂર્વનિર્ધારિત જવાબો અપાશે તો તેઓ સર્જનાત્મક નહીં બની શકે. શિક્ષક જો બાળકના વિચારોનું માન રાખે, તો બાળક આત્મવિશ્વાસપૂર્વક પોતાના વ્યક્તિત્વનું નિર્માણ કરે છે.

# શ્રી જુગતરામ દવેના બાલવાડી પ્રયોગો



- મહેશ ધીમર 'જ્યોત'
૧૨, વિઘ્નેશ્વર સોસાયટી,
મુ.પો.તા. મહુવા જિ. સુરત -૩૯૪૨૫૦.
મો. ૯૪૨૮૩૯૦૯૯૩

એક ખાસ નોંધઃ મને આ બાળકેળવણીકાર વિશે લખતાં સવિશેષ આનંદ એટલા માટે થાય છે કે હું મહેશ ધીમર 'જ્યોત' મહુવા ગામનો નિવાસી છું. જે સરભોણ, બારડોલી તથા વેડછીની નજીક આવેલું છે. મેં સ્વરાજ આશ્રમ વેડછીમાં 1980-82માં બુનિયાદી અધ્યાપન પ્રવીણ પ્રમાણપત્રની તાલીમ લીધી છે. એ સમયે વેડછીના વડલાના સાન્નિધ્યમાં મને આ બધો લાભ લેવાની તક મળી હતી. હજી પણ વાનરસેના, માંજરસેના સર્જનારા એ બાળકેળવણીકાર મારા હૃદયમાં ધબકે છે. એમની "બાલવાડી"નાં દર્શન હજી પણ કરી લઉં છું.

જેની ગળથૂથીમાં જ શિક્ષકત્વનાં ગુણો પડેલા હતા એ જુગતરામ દવે 1919થી 1923 દરમિયાન સ્વામી આનંદને પ્રેસકામમાં મદદ કરવા ગયેલા ને સાથેસાથે આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા. તે સમયે કોઈ વાર ભાવનગર દક્ષિણામૂર્તિમાંથી ગિજુભાઈ બધેકા આશ્રમની મુલાકાતે આવતા અથવા કોઈ વાર તેમને જવાનું થતું. તેમની બાળશિક્ષણની ખૂબીઓ, બાળગીતો અને બાળવાર્તાઓ એ બધું તેમના માટે નવું હતું. તેમના બાલમંદિરમાં વપરાતાં મૉન્ટેસરી શિક્ષણ સાહિત્યો તેમણે જોવા સમજવાનો પ્રયાસ કર્યો. તેમના બાલમંદિરની એક શરૂ શરૂની મુલાકાત પછી ગાડીમાં પાછા ફરતાં "બાલમંદિરિયું, બાલમંદિરિયું" એ ગીત 1922માં રચીને તેમણે એ ભક્તિનો ઊભરો પ્રગટ કરેલો. ગિજુભાઈએ એક સમાનધર્મી બાળભક્ત ગણીને જુગતરામને તેઓએ રચનાનો પ્રારંભ કર્યો હતો એ બાળપોથી જોવા આપી. આ નવોદિત કેળવણીકારે કૃતિમાં ડાઘાડૂઘી કરીને કેટલાક નવા પાઠો ઉમેર્યા. થોડું આશ્રમજીવન પણ ઉમેરેલું. કાકાસાહેબ કાલેલકરે તેને "ચાલણગાડી" એવું સરસ નામ પાડી આપેલું.

વર્ષ- 1923. કલાગુરુ રવિભાઈએ તેનાં પાને પાને સુંદર ચિત્રોના શણગાર સજાવી દીધા. આમ બે સર્જકો વડે નવજીવન પ્રકાશન માટે મોંઘીદાટ ઠરેલી નમણી કળામય બાળપોથી કલકત્તાથી છપાઈને આવી, જે બાળશિક્ષણમાં રસ લેનારાઓને ગમી પણ ખરી.

1928માં જુગતરામ દવેએ વેડછીમાં ગાંધીજીના નઈ તાલીમના સિદ્ધાંતોને લક્ષમાં રાખીને ગ્રામશાળા શરૂ કરેલી. એ પછી ઘણા અનુયાયીઓ શિક્ષણ વંચિત આદિવાસીઓનાં બાળકો માટે પાયાની કેળવણી આપવા માટે વિદ્યાલયો ખોલતા રહ્યા. આજે સો કરતાં પણ વધારે વિદ્યાલયો કાર્યરત છે.

તેમણે લખેલા લોકનાટ્ય " આંધળાનું ગાડું" (1927) અને "ગાલ્લી મારી ઘરરર જાય" (1957)ની ગણના આજે પણ ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ બાળનાટ્યોમાં થાય છે. 1923માં પંખીડા, ચણીબોર અને રાયણ બાળગીતોનાં સંપાદનો બાળકો માટે વિશેષ છે.

1937માં મે મહિનામાં ગાંધીજીના સાન્નિધ્યમાં રાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય કરનારાઓ એકત્ર થયા હતા. 22-10-37ને દિવસે વર્ધામાં એક શિક્ષણ પરિષદ બોલાવાઈ. સર્વ રાજ્યોના શિક્ષણમંત્રીઓ, ખાતાના અધિકારીઓ તેમજ કેળવણીકારોને આમંત્રણ આપવામાં આવેલ. એ વખતે બુનિયાદી શિક્ષણના પ્રયોગરૂપે વેડછી આસપાસનાં 20-25 ગામોનું પણ એક સઘન ક્ષેત્ર નક્કી થયું. એ કાળમાં વેડછીની ગ્રામશાળાના સફાઈ કામદાર, પટાવાળા, શિક્ષક, આચાર્ય તેમજ મૅનેજમેન્ટ, સર્વે ભૂમિકા જુગતરામ દવેએ એકસાથે ભજવી બતાવી. બારડોલી કન્યાશાળાનાં સંચાલિકા કેળવણીકાર નિરંજનાબા (હયાત છે) એ જુગતરામ દવેને અદ્‌ભુત શિક્ષક કહ્યા છે. તેમણે જુ. દાદાની પુણ્યતિથિ નિમિત્તે

સ્મૃતિ વ્યાખ્યાનમાં કહેલું કે જુગતરામ બાપા અમને ભૂગોળ પણ ભણાવતા. જેમાં ગ્રહો, ઉપગ્રહો અને તારલાઓ વિશેનું એક પ્રકરણ હતું. એ યુવા પ્રયોગશીલે કહ્યું કે આ પ્રકરણ આજે રાત્રે અઢી વાગ્યે આકાશદર્શન કરીને શીખીશું. રાત્રે બે વાગ્યે હું પાંચ પાંચ મિનિટે ત્રણ તબક્કામાં ઘંટ વગાડીને જાણ કરીશ. આ પર્ણકુટિ પાસે બધાંએ ભેગાં થવાનું છે. મારી પાસે એક દૂરબીન પણ છે. આમ પ્રત્યક્ષ રીતે આકાશદર્શન દ્વારા તેમણે સપ્તર્ષિ ને ધ્રુવ તારાથી માંડીને રાશિ નક્ષત્રની સમજણ તેમણે આપેલી.

હરિપુરા કૉંગ્રેસ પછી પ્રાંતિક સ્વરાજના વાતાવરણમાં વેડછી આશ્રમમાં ચારેક વર્ષ સુધી રચનાત્મક કાર્યો કરવાની તક મળી. એ સમયે કુ. અન્નપૂર્ણા મહેતાએ મઢીના ફળિયામાં બાલવાડી ઊભી કરેલી એમાંથી કંઈક સવિશેષ કરવા માટે તેમણે બાલવાડીનો પ્રયોગ આદર્યો. વર્ષો પછી બાલવાડીનાં શિક્ષિકા બહેનોને કંઈક અતિરિક્ત માર્ગદર્શન મળે એ માટે ત્રણ પુસ્તિકાઓ પણ લખી અને 1970માં પ્રકાશિત પણ કરી.

બાલવાડી -1 પુસ્તકના પહેલા પ્રકરણનું શીર્ષક છેઃ બાલવાડી કંઈ નિશાળ નથી. (સાચે જ! મોન્ટેસરી, રુસો ને રવીન્દ્રનાથ ટાગોર જેવી જ સાકાર થવા મથતી સંકલ્પના!)

બાલવાડીની શિક્ષિકા જ ફળિયામાં પોતે જાય. ફળિયામાં જઈ ટહુકો કરે અથવા સીટી વગાડે અથવા ઘંટડી વગાડે. ને બાળકો ઘરની ગોદમાંથી છૂટીને તેમની આંગળીએ વળગે. એમ રમતું, કૂદતું અને નાચતું ગાતું બાલમંડળ બાલવાડીએ આવી પહોંચે. જુ. દાદા જણાવે છે કે બાલવાડી ફળિયાની નજીક જ હોય એટલે માબાપ ઘરનાં કામ કરતાં કરતાં પોતાનાં બાળકોને કલ્લોલ કરતાં જોઈ શકે.

આવી બાળટોળીઓને શિક્ષિકા મકાનમાં તેમજ આંગણામાં ચારે તરફ ફેરવશે. શું શું ક્યાં ક્યાં વાળવા ઝૂડવાનું છે તે તેમને બતાવી સમજાવશે. દિવસ દરમિયાન બીજા શું શું કામો કરવાનાં છે તેની પ્રસ્તાવના પણ ફરતાં ફરતાં જ થઈ જશે. તેને લગતાં સાધનો પણ બતાવી દેવામાં આવશે.

આમ ચક્કર લગાવ્યા પછી બાળકો નાનાં નાનાં ઝાડુ વગેરે સાધનો લઈને સફાઈકામે લાગી જશે. પણ કચરું ખૂબ ન જેવું જ હોય છતાં બાળકો તેમના જોગું કામ કરતાં શીખે જ એટલા માટે આ કામ કરાવે.

સફાઈ કરી લીધા પછી હાથ મોં ધોવડાવે. વાળ હોળવા અથવા બીજાને હોળવામાં સહાયરૂપ બને. પછી એકાદ ટોળી પાણી ભરે. બીજી ટોળી બાગના છોડોને પાણી પાય. ત્રીજી ટોળી સાથિયા સુશોભન વગેરે કરે.

પછી અલ્પાહાર કે પેયનો કાર્યક્રમ...

પછી ઉદ્યોગ કાર્યક્રમ. જુગતરામ દવેની બાલવાડીમાં રમકડાં ન હોય. કામકડાં હોય!

તેમની બાલવાડીમાં બાળકો માટે ઊંચકવા માટે બિલકુલ હળવાં સાધનો હોય, જેમ કે નાનાં નાનાં ઝાડુ, નાની નાની કચરા ટોપલીઓ,નાની નાની પાણીની ડોલો વગેરે વગેરે.

એ જ રીતે રસોઈ વિભાગમાં નાજુક હાથ વડે ફેરવી શકાય એવી ઘંટીઓ જ્યાં બે ત્રણ બાળકો મળીને ઘંટી ફેરવવાની મજા પણ માણે, કોઈ નાની નાની સાંબેલડી વડે અનાજ ખાંડે, કેટલાક નાની સૂપડીઓ વડે અનાજ સાફ કરે.

બીજા વિભાગમાં નાના રેંટિયા, કપાસ, ઓટાઇ, પાટલી રાખ્યાં હોય ત્યાં રૂ કઢાય, સાફ થાય, પૂણી બનાવાય, સૂતર કાંતે.

ત્રીજા વિભાગમાં ખેતીકામ માટે નીંદણી, કોદાળીઓ, પાવડીઓ હોય.

બાલકુંભારવાડાનો પણ વિભાગ હોય. જ્યાં બાળકો માટીકામ કરે, વિવિધ આકારો સર્જે, માટીમાંથી રમકડાં બનાવે ને કુંભારની જેમ નાના કદનાં સાચુકલાં વાસણો પણ બનાવે.

બાલચિત્રશાળા - જ્યાં રંગોની કુલડીઓ, પીંછીઓ વગેરે મૂક્યાં હોય.

આમાં મોટાં બાળકોને એમનાં જોગાં કામો મળી રહે. નાનાં હશે તેમની સાથે શિક્ષિકા પણ મંડી પડે.

# ગિજુભાઈના બાળકેળવણીના પ્રયોગો અને ચિંતન



- ડૉ. છાયા પારેખ
શિક્ષણવિદ,
ટ્રેનર અને ફેસિલિટેટર, ભાવનગર
મો. ૯૪૨૭૭૫૦૭૭૭

"બાળકોને મારશો નહિ", "બાળકને લલચાવશો નહિ", "બાળકની સરખામણી કરશો નહિ" જેવા બાળઉછેર અને બાળ કેળવણીના સિદ્ધાંતો આપનાર મુછાળી મા શ્રી ગિજુભાઈ બધેકાએ 100 વર્ષ પૂર્વે પ્રગટાવેલી બાળકેળવણીની જ્યોત આજે પણ બાળકેળવણીના ક્ષેત્રમાં અનોખો પ્રકાશ પાથરી રહી છે. "બાલ દેવો ભવ" નું સૂત્ર આપી બાળકના અંતરાત્મામાં રહેલા ઈશ્વરીય તત્ત્વને ઉજાગર કરી બાળ ઉછેરની નિરાળી પદ્ધતિ આપણને આપી છે. આપણે જ્યારે બાળકોને કેવી રીતે શીખવવું તેની વાત કરીએ ત્યારે પહેલું નામ ગિજુભાઈનું યાદ આવે. ગિજુભાઈના વિચારો અને પ્રયોગો એટલા નવીન હતા કે આજના શિક્ષણ નિષ્ણાતો પણ તેમની પાસેથી પ્રેરણા લે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ પણ ગિજુભાઈના બાળકેળવણીના સિદ્ધાંતોની ભલામણ અને સમર્થન કરે છે. તો ચાલો, તેમના બાળકેળવણીના પ્રયોગોને આ લેખમાં યત્કિંચિત્ સમજવાનો પ્રયત્ન કરીએ.

**1. ગિજુભાઈનો પરિચય અને પ્રેરણા :**

ગિજુભાઈ બધેકા (15 નવેમ્બર 1885-23 જૂન 1939) એક કાયદાશાસ્ત્રી હતા, પણ તેમના દીકરા નરેન્દ્ર (બચુ)ના જન્મ પછી તેમને બાળકેળવણીમાં રસ પડ્યો. તેમણે પોતાના દીકરાને શીખવવા માટે પ્રથમ વખત મોન્ટેસરી પદ્ધતિ અપનાવી, જે તે સમયે ભારતમાં નવી હતી. આ પ્રયોગ તેમના જીવનનો વળાંક બન્યો અને તેઓ બાળકોની "મુછાળી મા"તરીકે ઓળખાયા. તેમણે "દક્ષિણામૂર્તિ" નામની શાળા સ્થાપી, જ્યાં તેમણે પોતાના વિચારોને પ્રાયોગિક રૂપ આપ્યું.

**2. "દિવાસ્વપ્ન" - તેમનો મહાન દસ્તાવેજ :**

ગિજુભાઈએ પ્રાથમિક શાળાનાં બાળકો સાથેના તેમના પ્રયોગો અને પોતાના અનુભવોને "દિવાસ્વપ્ન" નામના પુસ્તકમાં લિપિબદ્ધ કર્યા. આ પુસ્તકમાં તેઓ કહે છે કે શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત નથી, પણ બાળકની કેળવણી રમતો, ગીતો અને વાર્તાઓ દ્વારા થવી જોઈએ. તેમણે "શિક્ષણ એ જીવનની તૈયારી છે, પરીક્ષાની નહીં" એવી વિચારધારા આપી જે તે સમયના પરંપરાગત શિક્ષણથી તદ્દન અલગ હતી.

**3. રમત દ્વારા શિક્ષણ – "લેન્ટર્ન ટ્રાવેલ" :**

ગિજુભાઈના પ્રયોગોમાં એક હતો "લેન્ટર્ન ટ્રાવેલ". તેઓ વર્ગમાં એક કાલ્પનિક યાત્રાનું આયોજન કરતા, જેમાં દરેક બાળકને એક માર્ગ આપવામાં આવતો અને તેને તે માર્ગ પરનાં સ્થળોનું વર્ણન કરવાનું કહેવામાં આવતું. આ રમતથી ભૂગોળ, ઇતિહાસ અને ભાષા કૌશલ્ય એક સાથે વિકસતાં. બાળકોને પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને શીખવાની આ રીત તેમને ઉત્સાહિત કરતી અને અભ્યાસના વિષય વસ્તુને સરળ અને આનંદમય રીતે શીખવા વિદ્યાર્થીઓને પ્રેરતી.

**4. વાર્તા અને ગીત – ભાવનાત્મક વિકાસનો પાયો :**

ગિજુભાઈ માનતા હતા કે વાર્તા અને ગીત બાળકના ભાવનાત્મક વિકાસ માટે અનિવાર્ય છે. તેઓ દરરોજ વર્ગમાં એક વાર્તા કહેતા અને તે પછી તે વાર્તા સાથે સંબંધિત ગીત ગાતા. આ પ્રક્રિયાથી બાળકોની સાંભળવાની ક્ષમતા, શબ્દભંડોળ અને મોરલ વૅલ્યૂઝ વધતાં. તેમણે "શિક્ષણ પાઠ્યક્રમમાં વાર્તા અને ગીતનો સમાવેશ કરવો જોઈએ" એવી ભલામણ કરી હતી.

**5. સ્વ-શિસ્ત અને સ્વ-અભિવ્યક્તિ :**

ગિજુભાઈએ સ્વ-શિસ્તને શિક્ષણનો મુખ્ય સ્તંભ ગણાવ્યો. તેમણે વર્ગમાં એવી પ્રવૃત્તિઓ રજૂ કરી કે જેમાં બાળકો પોતાની જાતે જ નિયમસર અને પદ્ધતિસર કાર્ય

કરતાં થાય. જેમકે, પોતાની જગ્યાને સાફ રાખવી, પોતાનાં સાધનોને વ્યવસ્થિત રાખવાં, લીધેલી વસ્તુઓ ફરી યોગ્ય સ્થાને ગોઠવીને મૂકવી. આ સ્વ-શિસ્તથી તેમની આંતરિક શક્તિઓ વિકસી અને તેઓ સ્વતંત્ર રીતે શીખવા લાગ્યા.

**6. પ્રકૃતિ સાથે જોડાણ :**

ગિજુભાઈએ પ્રકૃતિને શિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનાવ્યો. તેઓ બાળકોને બહાર લખવા, ચિત્ર દોરવા, છોડની ઓળખ કરવા, પક્ષીઓના અવાજ સાંભળવા અને નાના પ્રયોગો કરવા માટે પ્રોત્સાહિત કરતા. આનાથી તેમની અવલોકન અને નિરીક્ષણ શક્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ વધતો. તેમણે કહ્યું હતું કે ''પ્રકૃતિ એ શ્રેષ્ઠ શિક્ષક છે''.

**7. લાઈબ્રેરી અને વાંચનની સંસ્કૃતિ :**

શરૂઆતમાં તેમના વર્ગમાં લાઈબ્રેરી સ્થાપવી એક પડકાર હતો, પરંતુ ગિજુભાઈએ ધીરજ રાખી. તેમણે બાળકોને વાર્તાનાં પુસ્તકો આપ્યાં અને તેમને પોતાની વાર્તાઓ કહેવા માટે પ્રોત્સાહિત કર્યાં. ધીમે ધીમે બાળકો વાંચન પ્રત્યે રુચિ ધરાવતાં બન્યાં અને વર્ગની લાઈબ્રેરી એક સફળ પ્રયોગ બની ગઈ.

**8. સામાજિક સમાનતા અને સમાવેશ :**

ગિજુભાઈએ જાતિ, ધર્મ અને વર્ગના ભેદભાવ વિના તમામ બાળકોને શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો. તેમણે દક્ષિણામૂર્તિમાં દલિત બાળકોને પણ પ્રવેશ આપ્યો અને તેમને સમાન તકો આપી. આ સામાજિક સમાવેશ તેમના શિક્ષણના મુખ્ય સિદ્ધાંતોમાંનો એક હતો.

**9. વિરોધ અને પડકારો :**

નવીન વિચારોને હંમેશાં વિરોધનો સામનો કરવો પડે છે. ગિજુભાઈના પ્રયોગોને શાળા અધિકારીઓ અને પરંપરાગત શિક્ષકોએ પડકાર્યા. તેમણે ગોખવાની અને મેમોરાઈઝેશનની પદ્ધતિને બદલે ''શીખવાની ઇન્દ્રિયોને જાગૃત કરવાની'' ભલામણ કરી. આ વિરોધ છતાં તેમણે પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા અને અંતે સફળતા મેળવી.

**10. વાલી પ્રશિક્ષણની મહત્તા :**

વાલી મિટિંગ અને વાલી સંમેલન દ્વારા બાળ-ઉછેરનું માર્ગદર્શન અને પ્રશિક્ષણ આપવાની શરૂઆત ગિજુભાઈએ કરી. પ્રથમ વાલી સભામાં કોઈ ન આવ્યું તો દીવાલો સાથે પણ તેમણે વાત કરી એવા વિશ્વાસ સાથે કે તેમનો અવાજ વાલીઓ સુધી પહોંચશે જ.

**11. તેમનો વારસો – આજે પણ જીવંત :**

ગિજુભાઈના વિચારો આજની શિક્ષણ નીતિમાં પણ દેખાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં તેમના ''લેવલ-બાય-લેવલ'' અને ''પ્લે-બેઝ્ડ લર્નિંગ''ના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમણે સ્થાપેલ દક્ષિણામૂર્તિ સંસ્થા, ભાવનગરમાં આજે પણ તેમના સિદ્ધાંતો મુજબ શિક્ષણ કાર્ય ચાલે છે, જ્યાં બાળકોને મુક્ત વાતાવરણમાં શીખવાની તક મળે છે. આજે પણ તેનું બાલ મંદિર દફતર, પરીક્ષા, માર્ક્સ, યુનિફોર્મ અને હોમવર્કથી મુક્ત છે. સ્વતંત્રતા, સ્વાવલંબન અને સર્જનાત્મકતા જેવા સિદ્ધાંતોનું મૂર્ત સ્વરૂપ ત્યાં જોઈ શકાય છે. તેમનાં વિવિધ પુસ્તકો ''દિવાસ્વપ્ન'', ''મા-બાપોને'', ''આ તે શી માથાફોડ'', ''બાલશિક્ષણ'', ''વાર્તાનું શાસ્ત્ર'', ''મા બાપ થવું આકરું છે'' વગેરે આજે પણ બાળ શિક્ષણ, બાળ કેળવણી અને બાળઉછેરની ગીતા સમાન છે.

ગિજુભાઈ બધેકા એ એક એવા શિક્ષક હતા જેમણે ''શિક્ષણ એ રમત છે, રમત એ શિક્ષણ'' એવી માન્યતાને જીવંત કરી. તેમના પ્રયોગો – રમત દ્વારા ભૂગોળ, વાર્તા-ગીત દ્વારા ભાષા, પ્રકૃતિ સાથે જોડાણ, સ્વ-શિસ્ત અને સામાજિક સમાવેશ – આ બધાએ બાળકોને સંપૂર્ણ રીતે વિકસાવ્યાં. તેમના વિચારો આજે પણ શિક્ષણના દરેક ખૂણામાં પ્રતિબિંબિત થાય છે, અને આપણે તેમના પગલે ચાલીને આપણાં બાળકોને એક વધુ સારું ભવિષ્ય આપી શકીએ છીએ.

**ગિજુભાઈની શિક્ષણ વિષયક ફિલસૂફી :**

ગિજુભાઈએ કરેલા શિક્ષણના પ્રયોગો અને દર્શાવેલ પદ્ધતિના મૂળમાં રહેલી ગિજુભાઈની બાળ શિક્ષણની ફિલસૂફી સમજવા જેવી છે. તેમનાં બાળ-શિક્ષણના મુખ્ય તત્ત્વો આ પ્રમાણે છે.

**1. બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ :**

ગિજુભાઈ માનતા કે બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર અને આદર શિક્ષકે અને માતા પિતાએ કરવો જોઈએ. આપણી ઈચ્છાઓ, વિચારો અને લાગણીઓ તેમના પર થોપી દેવા એ એક પ્રકારની માનસિક હિંસા છે. બાળકોના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવા માટે બાલ સન્માનની ભાવનાની જરૂર પડે. બાળકોને પોતાના વિચારો, લાગણીઓ છે. પોતાની શક્તિઓ છે અને તેની મર્યાદાઓ પણ છે. પણ, આ બધાંના સ્વીકાર અને સન્માન સાથે સંવાદિતાપૂર્વક સુયોગ્ય માર્ગે તેમનો વિકાસ થાય તે માટે અનુકૂળ વાતાવરણ અને અનુભવો આપવાં જોઈએ.

**2. સ્વાધીનતા અને સ્વાવલંબન :**

બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તે સ્વાધીન બનવાના પ્રયત્નો કરે છે. પોતાનાં કાર્યો પોતાની જાતે કરવાની અને શીખવાની સહજ કુદરતી વૃત્તિ દરેક બાળકમાં હોય છે. બાળકની આ વૃત્તિને આપણે ડગલે ને પગલે જાણે અજાણ્યે અવગણીને તેને પરાધીન બનાવીએ છીએ. બાળકને કરાતી બિનજરૂરી મદદ તેના સ્વાભાવિક વિકાસમાં અવરોધક છે તેવી ગિજુભાઈની સ્પષ્ટ સમજણ હતી. આથી શાળામાં બાળક જાતે પાણી લઈને પી શકે, પોતાના રમકડાં કે સાધનો જાતે લઈને રમી શકે, ફરી પાછા ગોઠવીને મૂકી શકે તેવી વ્યવસ્થાઓનું નિર્માણ કરવું જોઈએ એમ તેઓ કહેતા.

**3. સ્વાતંત્ર્ય :**

ગિજુભાઈ માનતા કે વિકસતા બાળકને સ્વાતંત્ર્ય મળવું જોઈએ. બાળકને પસંદગીની સ્વતંત્રતા મળે તેવા વિકલ્પો આપવા જોઈએ. સ્વાતંત્ર્યની કેળવણી માટે બાળકને યોગ્ય અને અયોગ્ય, સારું અને ખરાબ શું છે તેનો ખ્યાલ આપવામાં આવે તો બાળક સ્વતંત્ર રીતે પોતાના અને અન્યના હિતને ધ્યાનમાં રાખી નિર્ણય લેતા શીખે છે. સ્વયં સ્ફુરણાથી સ્વતંત્ર પ્રવૃત્તિ કરતું બાળક આપોઆપ સ્વાધીન બને છે અને સ્વ નિયમન કરતાં શીખે છે.

**4. બાળકોની અભિવ્યક્તિ :**

વ્યક્તિના વિકાસમાં અભિવ્યક્તિ ખૂબ મહત્ત્વની છે. અભિવ્યક્તિથી હૃદયનો વિકાસ થાય છે, વિચાર ક્ષમતા વિકસે છે, સર્જનશક્તિ ખીલે છે. અભિવ્યક્તિની મોકળાશ માટે ગિજુભાઈએ બાળવાર્તાઓ, બાળગીતો, બાળનાટકો, ચિત્રો, માટીકામ, નૃત્ય, સંગીત જેવી કલાઓ અને પ્રવૃત્તિઓનો ભરપૂર ઉપયોગ કરી બાળકને અભિવ્યક્ત થવા માટે ઉત્તમ પ્લેટફૉર્મ પૂરું પાડ્યું છે.

**5. કુદરતનો પરિચય :**

કુદરતના પરિચય દ્વારા બાળકનો વિકાસ થાય છે - આ વિચાર સાથે ગિજુભાઈએ પ્રવાસો, ફૂલ-છોડ-વૃક્ષોની ઓળખ, પક્ષીઓ - પતંગિયાનું અવલોકન, આકાશના તારાઓનો પરિચય વગેરેને બાળશિક્ષણની મહત્ત્વની પ્રવૃત્તિઓ તરીકે સ્વીકારીને બાળકોમાં નિરીક્ષણ, અવલોકન, ધીરજ, શાંતિ, સૌંદર્ય, પ્રેમ, સર્જનાત્મકતા જેવા અનેક ગુણો અને કૌશલ્યના વિકાસ માટે ઉત્તમ વાતાવરણ સર્જ્યું હતું.

તદુપરાંત, ઈન્દ્રિય શિક્ષણ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, સ્પર્ધા મુક્ત શિક્ષણ, સર્જનાત્મકતાની અને સમૂહજીવનની કેળવણી વગેરે વિચારોના વ્યવહારુ અમલ સાથે ગિજુભાઈએ આપેલી બાળશિક્ષણની પદ્ધતિ આજે પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત પ્રસ્તુત અને ઉપયોગી છે. આશા છે કે આ લેખ તમને ગિજુભાઈના અમૂલ્ય પ્રયોગોની ઝાંખી આપશે અને તમારા પોતાના શિક્ષણ કે સંશોધનમાં પ્રેરણા આપશે.

# કેળવણીકારોના જીવનની સાધના : બાળઉછેર




- ડૉ. દિનુ ચુડાસમા
લોકભારતી, સણોસરા.
મો. ૯૯૭૯૧૮૭૫૮૭


જીવન જીવંત કેમ બને ? કોઈ મકાન ઘર કેમ બની શકે ? માતાનો ખોળો સ્વર્ગમાં કયારે રૂપાંતર થાય? શા માટે દુનિયાનો છેડો ઘર કહેવાય છે? જીવનમાં જવાબદારીનું ખરું ભાન કયારે આવે ? શા માટે પતિ પત્ની બાંધછોડ કરીને જીવ્યે જાય છે? શા માટે જિંદગી આનંદસભર, સ્નેહયુકત હોવાની અનુભૂતિ આપે છે? જિંદગી આપણને અનેક દુઃખો આપે છતાં જીવવા જેવી શા માટે અનુભવાય છે? એક માતાને કોની પ્રતીક્ષા અહર્નિશ રહે છે? દુનિયાભરની શાળાઓ કોને કારણે ચાલે છે? આવા તો અનેક પ્રશ્નોના ઉત્તરમાં આપણે એક જવાબ આપી શકીએ એમ છીએ એ જવાબ છેઃ 'બાળક-શિશુ'

બાળકોનું મૃદુ હાસ્ય જીવનના સંતાપને દૂર કરી આપે, એની કોમળતા આપણી જડતાને નાબૂદ કરી શકે, બાળકોનું નિર્દોષપણું તો પરમસમીપેની અનુભૂતિ આપે. બાળકોનું શૈશવ તો જાદૂઈ. બાળકો સાથે તો પ્રભુને પણ રમવાનું મન થઈ જાય...કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની એક કવિતાનો ભાવાનુવાદ આકાશી ઉઘાડ આપે છેઃ

'ભગવાન મંદિરમાંથી નીકળીને બાળકોએ નદીને કિનારે બનાવેલ રેતીનાં ઘરોમાં રહેવા ગયો છે. અને મંદિરોમાં પૂજારી એની પૂજાની ધમાલમાં પડયો છે.'

કવિતાનો નાદ સમજનાર બાળકની મહત્તા સંવેદી શકે છે. ઈશ્વરને પણ જેની સાથે રમવું છે એને બાળકો કહે છે. બાળકો એટલે જીવંત જીવનનો ધબકાર આ બાળકોની માવજત જ જીવનસાધના છે.

મેળામાં બાપ પોતાના બાળકને ખભે ઊંચકીને મેળો બતાવે ત્યારે એને ખૂબ પ્રસન્નતા મળે છે. માતા માટે બાળકો પ્રાણના પર્યાય છે. બાળકોની અને એના બાળપણની માવજતમાં જગતની સર્વસ્વ સાધના આવી જાય છે. જો કોઈ અજાણ્યા રડતા બાળકને આપણે હસાવી દઈએ તો? કરવા જેવું આ યજ્ઞકાર્ય છે. પરિણામ કેવું? આ રહ્યું...નિદા ફાઝલીનો એક શે'ર છે :

ઘર સે મસ્જિદ દૂર હૈ, ચલો યું કર લે,
કિસી રોતે હુએ બચ્ચે કો હંસાયા જાયે.

બાળકની આંખમાં આવેલ આંસુની જગ્યાએ આનંદને રોપવો એ તો જગતચોકમાં થતું અણમોલ વાવેતર જ છે. માનવસમાજે ભવિષ્યમાં સુખ, શાંતિ, સંતોષનો ફાલ લેવો હશે તો બાળક સાથે બાળક બનવું પડશે. ખરાં માવતર બની બાળકની માવજત કરવી પડશે. પરમવિશ્રામની અવસ્થા માતાપિતાને બાળકો સાથે બાળક બની જવાથી આવે છે. માતાના ચહેરા પર ઓજસ અને પિતાના હૃદયમાં અસીમ રાજીપો ત્યારે અધિક થતો હોય જયારે કલરવતાં, કિલ્લોલ કરતાં બાળકો ઘરમાં હોય! બાળકો મકાનને 'ઘર' બનાવે છે.

એવી કઈ અવસ્થા હોય છે જે જોઈને પણ પરમેશ્વર રાજી રાજી થઈ જાય? જવાબ તો કવિ કાલિદાસે મહાન કૃતિ 'અભિજ્ઞાન શાકુંતલમ્'માં આપી દીધો, જેનું વાચન, ભાવન કરીને જર્મન કવિ વિલિયમ ગટે કૃતિને માથે મૂકીને નૃત્યમય બન્યો હતો. 'અભિજ્ઞાન શાકુંતલમ્'માં એવું તો શું વાંચ્યું કે મહાન ગટે નાચવા લાગે છે? તો કવિએ એક જગ્યાએ કૃતિમાં વાંચ્યું કે,

'એ માતાપિતાને ધન્ય છે, જેનાં કપડાં-વસ્ત્રો એનાં બાળકો જે ધૂળમાં રમતાં હતાં એને એણે તેડી લીધાં પછી ધૂળથી રજોટાયાં-મેલાં થઈ ગયાં છે.'

કવિ આ પંક્તિઓ વાંચીને ઝૂમી ઊઠે છે. શું આજે સફળ થવાની દોડમાં, ઘર ચલાવવાની ફિકરમાં ખોવાયેલાં વાલીઓ કાલિદાસની કૃતિમાં નિરૂપણ પામેલ માતાપિતા જેવાં છે? જવાબ આપણી જાત સાથે સંવાદ કરી ને જ મેળવવો રહ્યો.

દરેક માતાપિતાને સંતાનો હોય છે પણ દરેક સંતાનને જીવંત-સમજદાર માતાપિતા નથી હોતાં . આ જગતની મોટી કરુણાંતિકા જ કહેવાય. માતાપિતાએ બાળકોની સંવેદનાઓને પામીને એને પુષ્કળ સમય આપવો પડશે. સંવેદનાનો સેતુ સર્જીને બાળકનું બાળપણ ના નંદવાય એની ખાસ કાળજી રાખવી જોઈએ.

'જંગલબુક'માં એનો નાયક મોગલી કહે છે કે, 'જંગલ મારી સાથે વાતો કરે છે, કારણ કે એને શી રીતે સાંભળવું એ મને આવડે છે.' આવો સંવાદ ત્યારે જ શકય બને છે જયારે માણસ અને નિસર્ગ વચ્ચે અભેદ રચાય. તો શું માતાપિતા અને બાળકો વચ્ચે તો અભેદથી પણ આગળનો નાતો છે કે નહીં! એ તો પોતાનું લોહી છે...વાલીનું સર્વસ્વ સંતાનો જ હોય તો પછી જગતના ટ્રેકની દોડમાંથી થોડાક હાંસિયામાં-ઘરમાં સરી જઈને જેને સ્વયં જગતમાં લાવ્યાં એ બાળકો સાથે બેસો, રમો, ખૂબ સમય આપો. એની સાથે ફરવા જાઓ, કુદરતમાં વિહાર કરો બાળકેળવણીનો આ અદ્‌ભુત સિલેબસ છે. બાળકોને કેળવવા માટે ઘરથી કોઈ મોટો વર્ગ નથી અને માતાપિતાથી મોટા કોઈ જીવંત શિક્ષક નથી.

બાળકોની કેળવણીમાં માતાપિતાની ફરજ શું હોય? પ્રથમ તો ઘરનું નિરામય, સકારાત્મક વાતાવરણ રાખવું જોઈએ. બાળકની સામે કદી પણ નૅગેટિવ વ્યવહાર કરવો નહીં, ખોટું તો બોલવું જ નહીં. તમારે બાળકોને સારાં સમજણાં, ડહાપણ, શાણપણયુકત કરવા હશે તો પ્રથમ તો વાલીએ એવું જીવવું પડશે. બાળકો પ્રાર્થના કરે, વાચન કરે તો તમે રોજ ઘરમાં પ્રાર્થનામાં બેસો, પુસ્તકોનું વાચન કરો. બાળકો સાથે બેસીને બાળવાર્તાઓ કરો, બાળકાવ્યો, ગીતો, જોડકણાં ગાઓ, ઉખાણાં ઉકેલો. જો ઘરમાં પપ્પામમ્મી જ કમ્પ્યૂટર, મોબાઇલ લઈને કલાકો સુધી બેસી રહેશે, ટી.વી. સિરિયલોમાં વખત પસ્તી બનાવશે તો પછી એનું જ સંતાન આ બધું જોતાં જોતાં તો શીખતું, મોટું થતું હોય છે. તમારો ક્રોધ, અશાંતિ, વડચકું ભરવું, ઘરમાં તોબરો ચડાવી ફરવું, ફોનમાં ખોટું બોલવું, ખટપટ કરવી, બાળક સામે કોઈની ખોટી નિંદા-ઈર્ષ્યા કરવી આ બધું જ બાળકોના કુમળા માનસને ગાઢ અસર કરે છે. નાનાં બાળકોની કેળવણી ઈન્દ્રિયો દ્વારા થતી હોઈ, એને સંજ્ઞા ન ચાલે તેને તો પ્રત્યક્ષ મૂળ ઉદાહરણ જ જોઈએ. રસ, રૂપ, ગંધ, વર્ણ, સ્વાદ વગેરેની વાતો નહીં અનુભૂતિ જોઈએ.

આખરે તો ઘર જ જગતની મોટી યુનિવર્સિટી છે. ત્યાંથી જ બાળકની સંવેદના અને સંસ્કારોનું સંવર્ધન થતું હોય છે. બાળકમાં અખૂટ શકિતનો ઝરો વણવહ્યો ના રહે એ માટે બાયોલોજિકલ માતાપિતાએ જ પ્રથમ કાબેલ, લાયક બનવું પડે છે.

ચાલો થોડાંક પગલાં એક જીવંત જવાબદારીના ભાગરૂપે લઈએ. માતાપિતા દંભ કરે-ખોટા દેખાડાથી દૂર રહે તો ઘણી સમસ્યાઓ આવતી અટકી જાય. યથાર્થ-વાસ્તવિકતાથી સંતાનોને વાકેફ રાખવા જ જોઈએ. અસહજતા એ બાળકોને ગમતી નથી હોતી, કારણ કે બાળકો જીવનની સહજધારા છે. બાળકોની સર્જનાત્મતાને પોષક પરિવેશ રચવો એ વાલીઓની મોટી જવાબદારી છે. બાળશિક્ષણશાસ્ત્રીઓએ એવું કહ્યું છે કે, 'સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકવૃત્તિનો ઉપાય અંતઃતૃપ્તિ છે.'

બાળકો માટે 'ઘર-પરિવાર' જ સર્જનનું મૂળ અને શાળાસંકુલો તો બીજા ક્રમે આવે છે. જો મૂળમાં જ સડો હશે તો એ પનપશે નહીં એને ફળ આવશે જ નહીં. બાળકોમાં આત્મવિશ્વાસ અને જીવનશ્રદ્ધા રોપવા માટે પ્રથમ તો માતાપિતાએ એ કેળવવાં પડશે, બાળકને તમારા દ્વારા એની અનુભૂતિ થાય એ જીવતરની સુખદ અવસ્થા કહેવાય. બીજું કે બાળકોને કદી ઉતારી ન પાડવા કે અપમાનિત કરવા નહીં. આજના વાલીઓ વાતવાતમાં સંતાનોને નિરાશા મળે એવો વ્યવહાર કરતા હોય છે. એ યાદ રાખવું જોઈએ કે બાળકોને જન્મ આપવો એના કરતાં એને શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત ઉછેરવા એ અઘરું હોય છે. એમાં તો ઓગળી જવું પડે. જે વાલીઓ બાળકોના ઉછેરમાં એકરૂપ બની જાય છે એ એનો નિજાનંદ પણ પામતા હોય છે.

# ફ્રોબેલનું કિન્ડરગાર્ટન અને NEP- 2020




- અશોકકુમાર બી. પ્રજાપતિ
આસિ. પ્રોફેસર સૂરજબા કોલેજ
ઓફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેમ્પસ,
કડી. જિ : મહેસાણા. મો. ૯૦૧૬૯૨૨૨૬૫


શિક્ષણની દુનિયામાં બાળકને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવાની વિચારધારા કોઈ નવી વાત નથી. 19મી સદીમાં જર્મન શિક્ષણશાસ્ત્રી ફ્રેડરિક ફ્રોબેલે કિન્ડરગાર્ટન (બાળકોનો બગીચો)નો પાયો નાખીને બાળકેન્દ્રિત શિક્ષણને નવો આયામ આપ્યો હતો. આજે ૨૧મી સદીમાં ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પણ તે જ મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત છે, જે બાળકના સર્વાંગી વિકાસને સર્વોચ્ચ મહત્ત્વ આપે છે.

ફ્રોબેલનું મૂળભૂત તત્ત્વજ્ઞાન એ હતું કે બાળક એક વિકસતો છોડ છે, અને શિક્ષક એક માળી છે, જેણે પ્રેમ, સંભાળ અને યોગ્ય વાતાવરણ દ્વારા બાળકના આંતરિક ગુણોને વિકસાવવાના છે. તેમણે રમત દ્વારા શિક્ષણ, હાથની પ્રવૃત્તિઓ, સંગીત, કલા અને પ્રકૃતિ સાથેના જોડાણને પ્રારંભિક શિક્ષણનો આધાર બનાવ્યો. ફ્રોબેલના શૈક્ષણિક રમકડાં અને સર્જનાત્મક પ્રવૃત્તિઓએ બાળકોમાં સ્વયં શોધની ભાવના વિકસાવી.

NEP 2020 આ જ વિચારધારાને આધુનિક સંદર્ભમાં આગળ વધારે છે. 5+3+3+4 માળખામાં પ્રથમ પાંચ વર્ષ (3-8 વય) ની ફાઉન્ડેશનલ સ્ટેજ ફ્રોબેલની વિચારધારાનું પ્રતિબિંબ છે. આ તબક્કામાં રમત-આધારિત શિક્ષણ, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને બહુભાષી અભિગમને મહત્ત્વ આપવામાં આવ્યું છે. બંને દર્શનમાં બાળકની કુદરતી જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને વ્યક્તિગત વિકાસ દરને માન્યતા આપવામાં આવી છે.

ફ્રોબેલે જે સ્વપ્ન જોયું હતું - જ્યાં પ્રત્યેક બાળક પોતાની ગતિએ, આનંદપૂર્વક અને સર્વાંગી રીતે વિકસે - તે જ સ્વપ્ન NEP 2020 ભારતીય સંદર્ભમાં સાકાર કરવા પ્રયત્નશીલ છે. આ બંને વચ્ચેના સંવાદથી 21મી સદીના ભારતીય બાળકો માટે એક મજબૂત અને સંવેદનશીલ શૈક્ષણિક પાયો તૈયાર થઈ શકે તેવી શક્યતા છે.

ફ્રોબેલની કિન્ડરગાર્ટન ફિલસૂફીના મૂળભૂત સિદ્ધાંતો.

**1. બાળકેન્દ્રિત શિક્ષણ :**

ફ્રોબેલ માનતા હતા કે બાળક એક અનન્ય વ્યક્તિ છે, જેની અંદર વિકાસની સ્વાભાવિક શક્તિઓ રહેલી છે. તેમના મતે શિક્ષણ એ બાળકની આંતરિક ક્ષમતાઓને વિકસિત કરવાની પ્રક્રિયા છે, જેમાં બાળકને કેન્દ્રમાં રાખવામાં આવે છે. શિક્ષક એક માર્ગદર્શક અને સહાયકની ભૂમિકા ભજવે છે, જે બાળકના સ્વાભાવિક વિકાસમાં સહયોગ આપે છે.

**2. રમત દ્વારા શિક્ષણ :**

ફ્રોબેલે "રમત એ બાળકનું કાર્ય છે" આ વિચારને સ્થાપિત કર્યો. તેમના મતે રમત માત્ર મનોરંજન નથી, પરંતુ તે બાળકના સર્વાંગી વિકાસનું સશક્ત માધ્યમ છે. રમત દ્વારા બાળક શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક રીતે વિકસિત થાય છે. તેઓએ વિશેષ રીતે રચાયેલાં શૈક્ષણિક સાધનો "ગિફ્ટ્સ" (Gifts) અને "ઓક્યુપેશન્સ" (Occupations) વિકસાવ્યાં હતાં જે બાળકોને રમત દ્વારા શીખવામાં મદદ કરે છે.

**3. સક્રિય શિક્ષણ :**

ફ્રોબેલે ભાર મૂક્યો કે બાળકોએ પોતાના અનુભવ દ્વારા, કરીને શીખવું જોઈએ. નિષ્ક્રિય શ્રવણની જગ્યાએ સક્રિય સહભાગિતા આવશ્યક છે. બાળકોને પ્રકૃતિ સાથે જોડવામાં આવે, વાસ્તવિક અનુભવો આપવામાં આવે અને પ્રયોગ કરવાની સ્વતંત્રતા આપવામાં આવે.

**4. સર્જનાત્મકતાનો વિકાસ :**

ફ્રોબેલની પદ્ધતિમાં કલા, હસ્તકલા, સંગીત, નૃત્ય અને રચનાત્મક પ્રવૃત્તિઓને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. તેઓ માનતા હતા કે દરેક બાળકમાં સર્જનાત્મક ક્ષમતાઓ હોય છે જેને યોગ્ય વાતાવરણ અને પ્રોત્સાહન દ્વારા પ્રગટ કરી શકાય છે.

**5. એકત્વનો સિદ્ધાંત :**

ફ્રોબેલ માનતા હતા કે બધું જ પરસ્પર જોડાયેલું છે. શિક્ષણમાં વિષયોને એકબીજાથી અલગ ન રાખતા સંકલિત રીતે શીખવવા જોઈએ. બાળક, પ્રકૃતિ અને સમાજ વચ્ચેનું સંતુલન જાળવવું આવશ્યક છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નો પ્રારંભિક બાલ્યાવસ્થા શિક્ષણ.

**1. પ્રારંભિક બાલ્યાવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા :**

NEP 2020 પ્રારંભિક બાલ્યાવસ્થા સંભાળ અને શિક્ષણ (3-6 વર્ષ) પર વિશેષ ભાર મૂકે છે. આ નીતિ સ્વીકારે છે કે બાળકના મગજનો લગભગ 85% વિકાસ છ વર્ષની ઉંમર પહેલાં થાય છે. આથી આ સમયગાળો જીવનભરના વિકાસ માટે નિર્ણાયક છે.

**2. રમત-આધારિત અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણશાસ્ત્ર :**

NEP 2020 સ્પષ્ટપણે જણાવે છે કે પ્રારંભિક શિક્ષણમાં રમત-આધારિત, પ્રવૃત્તિ-આધારિત અને શોધ-આધારિત શિક્ષણશાસ્ત્ર અપનાવવું જોઈએ. આ ફ્રોબેલના ''રમત દ્વારા શિક્ષણ'' ના સિદ્ધાંતનું સીધું પ્રતિબિંબ છે.

**3. 5+3+3+4 માળખું :**

NEP 2020 શાળા શિક્ષણના માળખામાં મૂળભૂત પરિવર્તન લાવે છે. નવું 5+3+3+4 માળખું પ્રારંભિક 5 વર્ષ (3 વર્ષ આંગણવાડી/પૂર્વ-પ્રાથમિક + ધોરણ 1-2) ને ''ફાઉન્ડેશનલ સ્ટેજ'' તરીકે ઓળખાવે છે. આ તબક્કામાં બહુભાષી અભિગમ, રમત અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ પર ભાર મુકાય છે.

**4. બહુભાષી શિક્ષણ અને માતૃભાષામાં શિક્ષણ :**

NEP 2020 પ્રારંભિક વર્ષોમાં માતૃભાષા અથવા સ્થાનિક ભાષામાં શિક્ષણ આપવા પર ભાર મૂકે છે. ફ્રોબેલ પણ માનતા હતા કે બાળકને તેની માતૃભાષામાં શીખવવું વધુ અસરકારક છે કારણ કે તે બાળકની સ્વાભાવિક અભિવ્યક્તિનું માધ્યમ છે.

**5. સર્વાંગી અને સંકલિત વિકાસ :**

NEP 2020 બાળકના શારીરિક, માનસિક, સામાજિક, ભાવનાત્મક અને નૈતિક વિકાસ પર સમાન ભાર મૂકે છે. આ ફ્રોબેલના સંપૂર્ણ વિકાસના વિચારને પ્રતિબિંબિત કરે છે.

ફ્રોબેલની ફિલસૂફી અને NEP 2020 વચ્ચેની સમાનતાઓ.

**1. બાળકેન્દ્રિત અભિગમ :**

બંને ફિલસૂફીમાં બાળકને શિક્ષણના કેન્દ્રમાં રાખવામાં આવે છે. ફ્રોબેલની જેમ, NEP 2020 પણ સ્વીકારે છે કે દરેક બાળક અનન્ય છે અને તેની શીખવાની પોતાની ગતિ અને શૈલી હોય છે. શિક્ષણ પદ્ધતિએ વ્યક્તિગત જરૂરિયાતો અને રુચિઓને ધ્યાનમાં લેવી જોઈએ.

**2. અનુભવાત્મક શિક્ષણ :**

ફ્રોબેલે ''કરીને શીખવું'' પર ભાર મૂક્યો હતો, જે NEP 2020માં પ્રવૃત્તિ-આધારિત અને અનુભવાત્મક શિક્ષણના રૂપમાં દેખાય છે. બંને માને છે કે બાળકો નિષ્ક્રિય શ્રોતા તરીકે નહીં, પરંતુ સક્રિય સહભાગી તરીકે શ્રેષ્ઠ રીતે શીખે છે.

**3. રમતનું મહત્ત્વ :**

ફ્રોબેલે રમતને બાળકના વિકાસનું કેન્દ્રબિંદુ બનાવ્યું હતું. NEP 2020 પણ પ્રારંભિક વર્ષોમાં રમત-આધારિત શિક્ષણશાસ્ત્રને સ્વીકારે છે અને માને છે કે આ ઉંમરે શૈક્ષણિક દબાણને બદલે રમત દ્વારા શીખવું વધુ અસરકારક છે.

**4. કલા અને સર્જનાત્મકતા :**

ફ્રોબેલની પદ્ધતિમાં કલા, સંગીત અને હસ્તકલાને મહત્ત્વનું સ્થાન હતું. NEP 2020 પણ કલા-સંકલિત શિક્ષણ અને બાળકની સર્જનાત્મકતાના વિકાસ પર ભાર મૂકે છે. નીતિ સ્વીકારે છે કે કલા શિક્ષણ માત્ર એક વિષય નથી, પરંતુ શિક્ષણશાસ્ત્રનો અભિન્ન ભાગ છે.

**5. સંકલિત અને સર્વાંગી શિક્ષણ :**

ફ્રોબેલનો વિચાર હતો કે શિક્ષણ એ વિભાજિત નહીં, પરંતુ સંકલિત હોવું જોઈએ. NEP 2020 પણ વિષયો વચ્ચેની કૃત્રિમ સીમાઓ તોડવા અને સંકલિત શિક્ષણ પ્રદાન કરવા પર ભાર મૂકે છે.

**6. શિક્ષકની ભૂમિકા :**

ફ્રોબેલે શિક્ષકને માર્ગદર્શક અને સહાયક તરીકે જોયા હતા. NEP 2020 પણ શિક્ષકને સુવિધાકર્તા (facilitator) તરીકે વર્ણવે છે જે બાળકના સ્વાભાવિક વિકાસમાં સહાય કરે છે.

NEP 2020માં ફ્રોબેલની ફિલસૂફીનું વ્યાવહારિક અમલીકરણ.

**1. આંગણવાડી અને પૂર્વ-પ્રાથમિક શાળાઓમાં સુધારો :**

NEP 2020 આંગણવાડીઓને ગુણવત્તાયુક્ત ECCE કેન્દ્રો બનાવવાનો પ્રયાસ કરે છે. ફ્રોબેલની કિન્ડરગાર્ટન પદ્ધતિની જેમ, આ કેન્દ્રોમાં રમત-આધારિત શિક્ષણ, હસ્તકલા, સંગીત અને શારીરિક પ્રવૃત્તિઓ માટે સંસાધનો અને તાલીમ પ્રાપ્ત શિક્ષકોની જોગવાઈ કરવામાં આવશે.

**2. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું** (NCF) :

NEP 2020 પ્રારંભિક બાલ્યાવસ્થા માટે અલગ અભ્યાસક્રમ માળખું વિકસાવવાની વાત કરે છે. આમાં પંચકોષનો વિકાસ (શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આનંદમય) સમાવિષ્ટ છે, જે ફ્રોબેલના સમગ્ર વિકાસના વિચારને પ્રતિબિંબિત કરે છે.

**3. શિક્ષક તાલીમ :**

NEP 2020 પ્રારંભિક બાલ્યાવસ્થા શિક્ષકો માટે વિશેષ તાલીમનો પ્રસ્તાવ રાખે છે. આ તાલીમમાં ફ્રોબેલની પદ્ધતિઓ, રમત-આધારિત શિક્ષણ, બાળ મનોવિજ્ઞાન અને વિકાસલક્ષી શિક્ષણશાસ્ત્ર સમાવિષ્ટ કરવામાં આવશે.

**4. શૈક્ષણિક સામગ્રી અને વાતાવરણ :**

ફ્રોબેલે વિશેષ શૈક્ષણિક સાધનો વિકસાવ્યાં હતાં. NEP 2020 પણ આયુષ્ય, સ્થાનિક સંદર્ભમાં પ્રાસંગિક અને બહુભાષી શૈક્ષણિક સામગ્રી વિકસાવવા પર ભાર મૂકે છે. વાતાવરણ સુરક્ષિત, સમાવેશક અને ઉત્તેજક હોવું જોઈએ.

**પડકારો :**

**1. અમલીકરણમાં પડકારો :**

ભારત જેવા વિશાળ અને વિવિધતાપૂર્ણ દેશમાં ફ્રોબેલની ફિલસૂફી અને NEP 2020ના આદર્શોને વ્યવહારમાં ઉતારવા માટે અનેક પડકારો છે. આમાં આર્થિક અવરોધો, તાલીમ પ્રાપ્ત શિક્ષકોની અછત, શૈક્ષણિક સંસાધનોનો અભાવ અને પારંપરિક માન્યતાઓનો સમાવેશ થાય છે.

**2. ભારતીય મૂલ્યો, સંસ્કૃતિ અને સ્થાનિક જ્ઞાન :**

ફ્રોબેલની પદ્ધતિ પશ્ચિમી સંદર્ભમાં વિકસાવવામાં આવી હતી. ભારતીય સંદર્ભમાં તેને અપનાવવા માટે સાંસ્કૃતિક સંવેદનશીલતા અને સ્થાનિક જ્ઞાન પરંપરાઓનું એકીકરણ જરૂરી છે. NEP 2020 આ માટે ભારતીય મૂલ્યો, સંસ્કૃતિ અને સ્થાનિક જ્ઞાનને સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કરે છે.

**3. મૂલ્યાંકન પદ્ધતિઓ :**

પરંપરાગત પરીક્ષા-કેન્દ્રિત મૂલ્યાંકનને બદલે વિકાસલક્ષી અને રચનાત્મક મૂલ્યાંકન અપનાવવાની જરૂર છે. આ ફ્રોબેલની ફિલસૂફી અને NEP 2020 બંનેમાં સમાવિષ્ટ છે, પરંતુ વ્યવહારમાં આ પરિવર્તન લાવવું મુશ્કેલ છે.

ફ્રોબેલની કિન્ડરગાર્ટન ફિલસૂફી અને NEP 2020 વચ્ચે ગહન સંબંધ છે. બંને બાળકેન્દ્રિત, રમત-આધારિત, સર્જનાત્મક અને સર્વાંગી શિક્ષણ પર ભાર મૂકે છે. NEP 2020 ફ્રોબેલના વિચારોને 21મી સદીના ભારતીય સંદર્ભમાં અપનાવે છે અને પ્રારંભિક બાલ્યાવસ્થા શિક્ષણને રાષ્ટ્રીય પ્રાથમિકતા બનાવે છે. ફ્રોબેલે એ આદર્શ રજૂ કર્યા હતા કે બાળકની સ્વાભાવિક ક્ષમતાઓને વિકસાવવી, રમત દ્વારા શીખવું, સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું.

# બાળકના વિચારોની દુનિયાઃ જિન પિયાજેની દૃષ્ટિએ



- સાગર એ. ગાંધી
આસિસ્ટન્ટ પ્રોફેસર
પાંડેસરા બી.એડ્. કૉલેજ, સુરત.
મો. ૯૯૭૪૧૭૯૧૧૧

જિન પિયાજેને આધુનિક બાળમનોવિજ્ઞાનના ક્રાંતિકારી વૈજ્ઞાનિક કહેવાય છે. બાળક કેવી રીતે વિચારે છે? કેવી રીતે શીખે છે? નવા અનુભવોને પોતાના મગજમાં કેવી રીતે ગોઠવે છે? આ પ્રશ્નોએ પિયાજેના જીવનભરનાં સંશોધનને દિશા આપી હતી. પિયાજેના લેખન અને પ્રયોગોમાંથી સ્પષ્ટ થાય છે કે તેઓ માટે બાળમગજ એક ખાલી પાનું કે નિષ્ક્રિય રીતે ભરાતું વાસણ નથી, પરંતુ સતત ક્રિયાશીલ, જિજ્ઞાસાશીલ અને ગોઠવણની પ્રક્રિયા કરતું સજીવ તંત્ર છે. બાળક પોતાના વાતાવરણ સાથે ક્રિયા–પ્રતિક્રિયા કરે છે, વિવિધ વસ્તુઓ સાથે રમે છે, વાતચીત કરે છે અને ભૂલો કરીને ફરી સુધારે છે. આ બધું જ તેના જ્ઞાનના ઘડતરને સતત આગળ ધપાવે છે.

પી. ડી. એન્ડરસનના શબ્દોમાં, પિયાજેએ "To know is to modify and transform." અર્થાત્ શીખવું એટલે કે વસ્તુઓ સાથે ક્રિયા કરતાં તે વસ્તુઓને બદલવાનું અને સાથેસાથે પોતાની વિચારપ્રક્રિયાનું પણ ગ્રાહ્ય પરિવર્તન કરવાનું.

આ અભિગમ જ પિયાજેની અભ્યાસ પદ્ધતિને પરંપરાગત પરીક્ષણઆધારિત પદ્ધતિથી અલગ કરે છે. જ્યાં બિનેટ અથવા અન્ય મનોવૈજ્ઞાનિકો સ્કોર અને આંકડાઓ પર આધાર રાખતા, ત્યાં પિયાજે બાળકની વાસ્તવિક વિચાર પ્રક્રિયાને જીવંત રીતે પકડવા માંગતા. તેમને 'જવાબ' કરતાં 'જવાબ કેવી રીતે મળ્યો' એ વધુ મહત્ત્વનું હતું.

બાળવિકાસના વિજ્ઞાનમાં જિન પિયાજે (Jean Piaget) એ અવલોકન, પ્રયોગ અને વૈજ્ઞાનિક વિચારનું અદ્દભુત સંકલન સર્જ્યું. બાળક કેમ વિચારે છે? ક્યારે શું સમજવા લાગે છે? વિચાર-વ્યવહારના નાના-મોટા ફેરફારો કેવી રીતે બૌદ્ધિક વિકાસનું ચિત્ર રચે છે? આ બધું પિયાજેની પદ્ધતિએ પ્રથમવાર વૈજ્ઞાનિક પાટા પર મૂક્યું.

**પિયાજેના વૈજ્ઞાનિક અભિગમનો મૂળ આધાર :**

જિન પિયાજે માટે બાળક માત્ર "નાનો - મોટો માણસ" ન હતો. તેઓના મત મુજબ બાળકનું મન પોતાની અનોખી રચના ધરાવે છે, અને તેના વિચારોનું સ્વરૂપ પણ મોટાં લોકો કરતાં મૂળભૂત રીતે જુદું છે. પિયાજે શરૂઆતથી જ જૈવિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને પ્રકૃતિના અધ્યયનમાં રસ ધરાવતા, અને એ જ વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમને માનસશાસ્ત્ર તરફ દોરી હતી.

ખાસ કરીને Genetic Epistemology તરફ, એટલે કે જ્ઞાન કેવી રીતે જન્મે છે અને વિકસે છે તે વિષય તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું.

પિયાજે જણાવે છે કે "To understand is to invent." અર્થાત્ સમજવું એટલે કે રચનાત્મક પ્રયોગથી જ્ઞાનની રચના કરવી. આ વિચારને આધારે પિયાજેના અભ્યાસમાં બાળકનો અનુભવ, તેના પ્રયોગો અને તેની ગતિશીલ માનસિક રચના એકબીજા સાથે ગૂંથાયેલી જોવા મળે છે.

**પિયાજેની અભ્યાસ પદ્ધતિ : પ્રશ્નોત્તરીથી પ્રયોગ સુધી :**

પિયાજેના સંશોધનોનું મુખ્ય સાધન "Clinical Method" અથવા "અર્ધ-રચિત પ્રશ્નોત્તરી આધારિત પદ્ધતિ" હતી. પિયાજેનું સંશોધન માત્ર બાળકોને પ્રશ્ન પૂછવાનું ન હતું; તેઓ બાળકના ઉત્તરનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા. બાળક ઉત્તર કેમ આપે છે? ઉત્તર પાછળનો માનસિક તર્ક શું છે? બાળક પોતાના વિચારોને કેવી રીતે ગોઠવે છે? — આ બધું પિયાજેની પદ્ધતિનું કેન્દ્ર હતું.

**પિયાજેની અભ્યાસ પદ્ધતિ મુખ્યત્વે ત્રણ આધારસ્તંભો પર ટકેલી છે :**

1. અવલોકન (Observation)
2. પ્રશ્નોત્તરી -ક્લિનિકલ ઇન્ટરવ્યૂ પદ્ધતિ (Clinical Method / Clinical Interview)
3. પ્રયોગ અને પરિસ્થિતિજન્ય સમસ્યાઓ (Experiments / Task-based Studies)

આ ત્રણેયને તેમણે સતત જોડેલી રાખી, જ્યાં પ્રશ્નોત્તરીમાંથી સંકેતો મળ્યા ત્યાં પ્રયોગ રચ્યા અને પ્રયોગમાંથી ઉદ્ભવેલા પ્રતિભાવો પરથી ફરી પ્રશ્નોત્તરીને વધુ ગહન બનાવી. આ ચક્રિય પ્રક્રિયાને તેમણે જીવનભર અનુસરેલી.

**1. અવલોકન (Observation) :**

જિન પિયાજેએ પોતાના સંશોધનની શરૂઆત બાળપણના અત્યંત નૈસર્ગિક અને સરળ અવલોકન પદ્ધતિથી કરી. પિયાજે લાંબા સમય સુધી એક જ બાળકનો અવલોકન પદ્ધતિથી અભ્યાસ કરતા. બાળકનાં સૂક્ષ્મ પરિવર્તનો, ખાસ કરીને ભાષા, નૈતિકતા, રમત, વિચારણા જેવી દરેક બાબતનો વિગતવાર દૈનિક રેકૉર્ડ રાખતા. તેઓ “Scheme”, “Adaptation”, “Assimilation Accommodation” જેવી મૂળભૂત પ્રક્રિયાઓનું વિશ્લેષણ અવલોકનથી જ રચી શક્યા હતા. તેમના પોતાનાં ત્રણ બાળકો - લુસિયન, જૈકલિન અને લોરેન્સ એ તો જાણે તેમના પ્રથમ ‘પ્રયોગશાળા’ બની ગયાં હતાં. બાળક કેવી રીતે હસે છે, કેવી રીતે રમકડાં પકડે છે, વસ્તુને ઓળખે છે, પોતાની માતાને અલગ અલગ પરિસ્થિતિમાં કેવી રીતે પ્રતિભાવ આપે છે. આવા અતિ સૂક્ષ્મ વર્તનને પિયાજેએ વારંવાર નોંધ્યું.

પિયાજે શરૂઆતમાં “નૈસર્ગિક અવલોકન” દ્વારા જ બાળકના મગજની પ્રારંભિક ક્રિયાઓમાં ખાસ કરીને સેન્સરી-મોટર સ્ટેજમાં (જન્મથી 2 વર્ષ) સમજતા હતા.

- એક પ્રસંગમાં જૈકલિન (પિયાજેની પુત્રી) વારંવાર વસ્તુને નીચે પાડતી હતી. પિયાજેએ આમાં “કારણ-અસરના સંબંધ” તરફ તેની પ્રાથમિક સમજને ઓળખી.
- જ્યારે બાળક અરીસામાં દેખાતા પ્રતિબિંબને પહેલો વાંધો આપે છે, ત્યારે પિયાજેએ નોંધ્યું કે તેના self-recognition નો વિકાસ થઈ રહ્યો છે.
- અવલોકન પિયાજે માટે માત્ર નોંધ લેવાનું કામ ન હતું. વિજ્ઞાનનો મૂળ સ્રોત હતો. અહીંથી જ તેમને એ વિચાર મળ્યો કે...
- બાળક જોઈને—સ્પર્શના અનુભવ દ્વારા જ્ઞાનનું ઘડતર કરે છે.
- બાળકની બુદ્ધિ તૈયાર નહીં હોય, પરંતુ ઘડાતી હોય છે.
- જ્ઞાનનું પ્રારંભિક સ્વરૂપ ક્રિયા (Action) છે, શબ્દો નહીં.

**2. ક્લિનિકલ પદ્ધતિ (Clinical Method) :**

ક્લિનિકલ પદ્ધતિમાં પિયાજે બાળકને સ્વતંત્ર રીતે વિચારવા પ્રોત્સાહિત કરતો પ્રશ્ન પૂછે છે. ત્યારબાદ બાળકનું પ્રતિભવન, વિચાર, ગેરસમજ, સૂચક હાવભાવ વગેરે બધું જ ખૂબ જ ધ્યાનપૂર્વક નોંધવામાં આવે છે. ઉદાહરણરૂપ - “સૂર્ય ક્યાં જાય છે?” અથવા “પાણી ગરમ કેમ થાય છે?” જેવા પ્રશ્નોના જવાબમાં બાળક પોતાની માનસિક રચનાઓ ખુલ્લી મૂકે છે. આ રીતે પિયાજે વિચારોનું ‘ગુણાત્મક’ વિશ્લેષણ કરતા.

- ક્લિનિકલ પદ્ધતિમાં નીચેના કેટલાંક તત્ત્વોનો સમાવેશ થાય છે.
- બાળક શું વિચારે છે એ નહીં, કેમ વિચારે છે એ સમજવું.
- બાળકનો જવાબ બદલાતો જાય તો કારણ-કારણો શોધવાં.
- બાળકોમાં રહેલી “ભૂલોમાં રહેલી તર્કવ્યવસ્થા” સમજવી.
- બાળકોનું વર્તન પૂર્વનિર્ધારિત નહીં હોય, તે પ્રયોગ અનુસાર બદલાય છે.

**3. પ્રયોગાત્મક સમસ્યાઓ (Experimental Problems) :**

અવલોકન અને પ્રશ્નોત્તરીમાંથી મળેલી સમજણને પિયાજેએ પ્રયોગાત્મક દૃષ્ટિ આપી. પિયાજે માત્ર ભાષિક જવાબો પર નિર્ભર ન હતા. તેઓ બાળકોને વાસ્તવિક

વસ્તુઓ આપીને પ્રયોગ કરાવતા હતા. જેમ કે, કાચના જુદા-જુદા કદના ગ્લાસોમાં પાણી રેડવું, દોરડા માપવા આપવું, માટીના ગોળાને દબાવવાની પરિસ્થિતિઓ. વિશેષ કરીને 'Conservation Tasks' કે જેમાં બાળક વસ્તુના આકાર બદલાય છતાં માત્રા સમાન રહે છે કે નહીં તે સમજે છે કે કેમ તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.

**પિયાજેના મુખ્ય પ્રયોગો :**

**Conservation Tasks**

- પાણી, માટીનો બૉલ, દોરીની લંબાઈ વગેરે.
- બાળક આકાર બદલાતા માત્રાને બદલાયેલી માને છે આ pre-operational thinking દર્શાવે છે.

**Classification Tasks**

- ૩ લાલ ફૂલો અને ૫ સફેદ ફૂલો — "સફેદ ફૂલો વધારે કે લાલ ફૂલો વધારે?"
- pre-operational બાળકો કહે: "સફેદ વધારે!"
- કૉન્ક્રિટ ઑપરેશનલ બાળક સાચો જવાબ આપે.

**Seriation (શ્રેણીકરણ)**

- લાકડીઓને નાનામોટા ક્રમાંકમાં ગોઠવવાનો પ્રયોગ.

**Egocentrism Test (ચોમેરના પર્વતોનો પ્રયોગ)**

એક તરફના દૃશ્ય અને બીજી દિશામાંથી શું દેખાય તે સમજવામાં pre-operational બાળકો મુશ્કેલી અનુભવે છે.

પિયાજેના આ પ્રયોગોએ આખા વિશ્વના માનસિક વિકાસ વિશેની સમજણ બદલી નાખી.

**પિયાજેના જ્ઞાનાત્મક વિકાસ તબક્કાઓ :**

પિયાજેએ જ્ઞાનાત્મક વિકાસને ચાર તબક્કાઓમાં વિભાજિત કરેલ છે.

1. સંવેદન-સ્નાયુલક્ષી અવસ્થા (Sensori-motor Stage)
2. પૂર્વ-માનસિક ક્રિયાત્મક વિચાર-અવસ્થા (Pre-opreational Thought Stage)
3. મૂર્ત માનસિક ક્રિયાત્મક અવસ્થા (Concrete Operations Stage)
4. ઔપચારિક માનસિક ક્રિયાઓની અવસ્થા (Formal Operations Stage)

પિયાજે જણાવે છે કે દરેક અવસ્થાએ ચોક્કસ જ્ઞાનાત્મક વિકાસ થાય છે. પરંતુ અવસ્થાનો સમયગાળો જડ રીતે નિશ્ચિત નથી. એક અવસ્થા પૂરી થાય પછી જ બીજી શરૂ થાય તેવું પણ નથી, પરંતુ દરેક બાળક આ ક્રમમાં જ દરેક અવસ્થામાંથી પસાર થાય છે. દરેક બાળકની પ્રત્યેક અવસ્થા પૂરી કરવાની ઝડપ ભિન્ન હોઈ શકે.

**1. સંવેદન-સ્નાયુલક્ષી અવસ્થા (Sensori-motor Stage) (0 થી 2 વર્ષ)**

આ તબક્કામાં બાળક પોતાની ઇન્દ્રિયો અને ગતિથી જ વિશ્વને ઓળખે છે.

તે માટે "Object Permanence" (વસ્તુ અસ્તિત્વ ધરાવે છે એ સમજ) પિયાજેની મહત્ત્વપૂર્ણ શોધ છે. આ તબક્કાનાં અવલોકનો પિયાજે પોતાનાં બાળકો પર કર્યાં હતા. બાળકની નજરથી વસ્તુ ગાયબ થાય તો તે અસ્તિત્વ ગાયબ થયું એવું માનવાની વૃત્તિ બાળમનનું સહજ સ્વરૂપ છે.

**2. પૂર્વ-માનસિક ક્રિયાત્મક વિચાર-અવસ્થા (Pre-opreational Thought Stage) (2 થી 7 વર્ષ)**

આ તબક્કે બાળક કલ્પના, ભાષા અને પ્રતીકોનો ઉપયોગ શીખે છે.

પરંતુ તેની તર્ક 'એકત્રિત' (centrated) હોય છે, એક જ પાસું ધ્યાનમાં લે છે. જેમકે, લાંબા ગ્લાસમાં પાણી વધારે લાગે, ભલે માત્રા સમાન હોય. આ તબક્કે બાળક Egocentric હોય છે. અન્યનો દૃષ્ટિકોણ સમજવામાં અસમર્થ.

**3. મૂર્ત માનસિક ક્રિયાત્મક અવસ્થા (Concrete Operations Stage) (7 થી 11 વર્ષ)**

હવે બાળક વસ્તુઓ પર 'તર્કીય' વિચાર શીખે છે. તે Conservation, Classification, Seriation જેવી માનસિક પ્રક્રિયા કરવાનું શરૂ કરે છે. જેમકે વસ્તુઓને કદ પ્રમાણે ગોઠવવાની ક્ષમતા (Seriation) અને સમૂહ-ઉપસમૂહ વચ્ચેનો સંબંધ સમજવાની ક્ષમતા (Classification).

# શ્રી અરવિંદનું શિક્ષણ દર્શન અને NEP-2020



- ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી
અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર
શ્રીમતી બી.સી.જે.કૉલેજ ઓફ એજ્યુકેશન
એમ.એડ્., ખંભાત. મો. ૯૮૯૮૪૯૧૩૪૭

શ્રી અરવિંદ ઘોષ માત્ર એક મહાન દાર્શનિક જ નહીં પરંતુ પ્રખ્યાત આદર્શવાદી દાર્શનિક, કવિ, ગુરુ અને શિક્ષણશાસ્ત્રી પણ હતા. શ્રી અરવિંદના મતે, વાસ્તવિક શિક્ષણ બાળકને માનસિક, નૈતિક, સૌંદર્યલક્ષી રીતે ઉછેરવા અને તેની આંતરિક રુચિ અને સર્જનાત્મકતાને વધારવામાં મદદ કરવા માટે એક મુક્ત અને સર્જનાત્મક વાતાવરણ પૂરું પાડે છે અને અંતે તેની આધ્યાત્મિક શક્તિના વિકાસ તરફ દોરી જાય છે. અરવિંદો પોતે કહે છે, ''દિવ્ય સત્ય કોઈ પણ ધર્મ, પંથ, શાસ્ત્ર, વિચાર કે ફિલસૂફી કરતાં મહાન છે.'' તેમના મતે, શિક્ષણ ગતિશીલ હોવું જોઈએ જેથી તે વર્તમાન જટિલ જીવનની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. તેનો મુખ્ય ઉદ્દેશ માનવ મન અને ભાવનાની શક્તિનું નિર્માણ છે.

**શ્રી અરવિંદના શિક્ષણના ઉદ્દેશ્યો :**

શ્રી અરવિંદ પ્રચલિત શિક્ષણ પ્રણાલીની વિરુદ્ધ હતા. તેઓ દૃઢપણે માનતા હતા કે આપણું શિક્ષણ આધુનિક જીવનની જરૂરિયાતને શ્રેષ્ઠ રીતે અનુરૂપ હોવું જોઈએ. શ્રી અરવિંદ પોતે લખે છે ''સાચું શિક્ષણ એ મશીનથી બનેલું કાપડ ન હોવું જોઈએ પરંતુ માનવ મનની શક્તિ અને ભાવનાનું જીવંત ઉદ્ઘાટન હોવું જોઈએ.'' શ્રી અરવિંદના મતે, શારીરિક વિકાસ અને મનની શુદ્ધતા એ શિક્ષણના મુખ્ય ઉદ્દેશ્યો છે જેના પર આધ્યાત્મિક વિકાસ ટકેલો છે. શિક્ષણનો બીજો ઉદ્દેશ્ય બધી ઇન્દ્રિયોને તાલીમ આપવાનો છે જેમકે સાંભળવું, બોલવું, સ્પર્શવું, સૂંઘવું, ચાખવું. જ્યારે જ્ઞાનતંતુ, ચિત્ત અને માનસ શુદ્ધ હોય ત્યારે બધી ઇન્દ્રિયોને સંપૂર્ણ રીતે તાલીમ આપી શકાય છે. શિક્ષણનો ત્રીજો ઉદ્દેશ્ય યાદશક્તિ, વિચાર, તર્ક, કલ્પના અને ભેદભાવ વગેરે જેવી માનસિક ક્ષમતાઓનો વિકાસ અથવા વૃદ્ધિ છે. શિક્ષણનો બીજો મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય નૈતિકતાનો વિકાસ છે. શ્રી અરવિંદોએ ભાર મૂક્યો છે કે નૈતિક અને ભાવનાત્મક વિકાસ વિના, માનસિક વિકાસ માનવ પ્રક્રિયા માટે હાનિકારક છે. બાળકના સર્વાંગી વિકાસ માટે અંતરાત્મા (ચિત્ત, માનસ, બુદ્ધિ, જ્ઞાન) અને આધ્યાત્મિકતાનો વિકાસ જરૂરી છે.

શ્રી અરવિંદના શબ્દોમાં, ''શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય વધતા બાળકને પોતાનામાં જે શ્રેષ્ઠ છે તે બહાર કાઢવામાં અને તેને ઉમદા ઉપયોગ માટે સંપૂર્ણ બનાવવામાં મદદ કરવાનો હોવો જોઈએ.''

**અભ્યાસક્રમ :**

શ્રી અરવિંદે બાળક માટે મુક્ત અને સર્જનાત્મક વાતાવરણ સૂચવ્યું અને એકીકૃત અભ્યાસક્રમ પર ભાર મૂક્યો, જેમાં વિવિધ પ્રવૃત્તિઓ, વિષયો અને વાસ્તવિક જીવનના અનુભવો બધું એકીકૃત રીતે સમગ્રમાં શામેલ હોય. તેમણે ભાર મૂક્યો કે અભ્યાસક્રમમાં એવા બધા વિષયોનો સમાવેશ થવો જોઈએ જે બાળકની જરૂરિયાત અને રુચિ અનુસાર હોય અને તેના માનસિક અને આધ્યાત્મિક વિકાસને પ્રોત્સાહન આપે. તેમાં જીવનની સર્જનાત્મકતા અને રચનાત્મક ક્ષમતાઓ હોવી જોઈએ. તેમણે બાળકના વિવિધ સ્તરો અનુસાર વિવિધ વિષયો સૂચવ્યા. અભ્યાસક્રમમાં મૂળભૂત રીતે એવા વિષયોનો સમાવેશ થવો જોઈએ જે સમાજ માટે ખૂબ જ સુસંગત હોય જેમ કે માતૃભાષા, અંગ્રેજી, ઇતિહાસ, સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, અંકગણિત, સામાન્ય વિજ્ઞાન, સાહિત્ય, વિવિધ વિદેશી ભાષાઓ અને વિવિધ વ્યાવસાયિક વિષયો. ઉપરોક્ત વિષયો ઉપરાંત, તેમણે નિયમિત અભ્યાસક્રમના ભાગ રૂપે યોગ, કલા, હસ્તકલા અને સંગીત પર પણ ભાર મૂક્યો.

**શિક્ષણ પદ્ધતિઓ :**

શ્રી અરવિંદે નિરીક્ષણ, સ્વ-શોધ, પ્રવૃત્તિ પદ્ધતિ, પ્રેમ અને સહાનુભૂતિ સાથે શિક્ષણ, ક્રિયા દ્વારા શિક્ષણ, ચર્ચા પદ્ધતિ, સ્વ-અનુભવ દ્વારા શીખવું, માતૃભાષા દ્વારા શિક્ષણ, શિક્ષણ પ્રક્રિયા દરમિયાન સહકાર સાથે શીખવું જેવી વિવિધ શિક્ષણ પદ્ધતિઓ સૂચવી.

**શિક્ષક-વિદ્યાર્થી સંબંધ :**

શ્રી અરવિંદ માનતા હતા કે વિદ્યાર્થી શિક્ષણ પ્રક્રિયાનું કેન્દ્ર છે અને દરેક બાળકમાં પોતાની સહજ રુચિ અને ક્ષમતાઓ હોય છે, તેથી શિક્ષકનું કર્તવ્ય છે કે તે દરેક વિદ્યાર્થીની જરૂરિયાતો અને માંગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે. અરવિંદોએ પોતે લખ્યું છે- "શિક્ષક કોઈ પ્રશિક્ષક કે કાર્ય-માસ્ટર નથી, તે સહાયક અને માર્ગદર્શક છે. તેમનું કર્તવ્ય સૂચન કરવાનું છે નહીં કે સામગ્રીને લાદવાનું. શિક્ષક વાસ્તવમાં વિદ્યાર્થીના મનને તાલીમ આપતા નથી; તે ફક્ત તેને જ્ઞાનનાં સાધનોને તેના પર કેવી રીતે પૂર્ણ કરવાં તે બતાવે છે."

અરવિંદોએ સાચા શિક્ષણના ત્રણ સિદ્ધાંતો આપ્યા છે. શિક્ષકે શિક્ષક-શિક્ષણ પ્રક્રિયા દરમિયાન આ સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ :

1. સાચા શિક્ષણનો પહેલો સિદ્ધાંત એ છે કે કંઈ પણ શીખવી શકાતું નથી.
2. બીજો સિદ્ધાંત એ છે કે મનના પોતાના વિકાસ માટે તેની સલાહ લેવી જોઈએ.
3. શિક્ષણનો ત્રીજો સિદ્ધાંત એ છે કે નજીકથી દૂર સુધી, જે છે તેનાથી જે હશે ત્યાં સુધી કામ કરવું.

**શિસ્ત :**

શ્રી અરવિંદ આંતરિક શિસ્તમાં માનતા હતા. તેઓ કડક અને કઠોર શિસ્તના વિરોધી હતા. તેઓ એવું પણ માનતા હતા કે બાળકોને મુક્તપણે પોતાને વ્યક્ત કરવા માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. આમ, શ્રી અરવિંદે સ્વ-શિસ્તનો ખ્યાલ ફેલાવ્યો.

**શ્રી અરવિંદના મતે શિક્ષકની ભૂમિકા :**

શ્રી અરવિંદના મતે, શિક્ષકની ભૂમિકા મદદગાર અને માર્ગદર્શકની છે, પ્રશિક્ષકની નહીં. શિક્ષકોએ પોતાના વિચારો લાદવાને બદલે સૂચન અને પ્રોત્સાહન આપવું જોઈએ, વિદ્યાર્થીઓને પોતાના માટે જ્ઞાન શોધવા અને પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપવું જોઈએ. મુખ્ય સિદ્ધાંત એ છે કે જ્ઞાન બાળકમાં સુષુપ્ત છે, અને શિક્ષકનું કામ તે જ્ઞાનને બાહ્ય લાવવાનું શીખવવાનું છે.

**શિક્ષકની ભૂમિકાના મુખ્ય સિદ્ધાંતો :**

માર્ગદર્શક, પ્રશિક્ષક નહીં : શિક્ષક માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે, જ્ઞાનને નિર્દેશિત કરવાને બદલે, વિદ્યાર્થીને શીખવા માટે તેમની પોતાની ક્ષમતાઓને પૂર્ણ કરવામાં મદદ કરે છે.

સૂચન કરો, લાદશો નહીં : શિક્ષકની ભૂમિકા વિદ્યાર્થીના વ્યક્તિત્વ અને વિકાસ માટેની ક્ષમતાનો આદર કરીને સૂચન કરવાની છે, લાદવાની નથી.

સહજ જ્ઞાનનો સહાયક : શિક્ષક બહારથી જ્ઞાન આપતા નથી પરંતુ વિદ્યાર્થીને તેમની અંદર જે છે તે શોધવામાં મદદ કરે છે. તેઓ વિદ્યાર્થીને તેમની પોતાની આંતરિક ક્ષમતા શોધવા અને બહાર લાવવા માટે માર્ગદર્શન આપે છે.

**માતા-પિતાની ભૂમિકા :**

શ્રી અરવિંદના મતે, માતાપિતાની પ્રાથમિક ભૂમિકા બાળકને તેમની આંતરિક ક્ષમતા "બહાર કાઢવા"માં મદદ કરવાની છે, તેમને પૂર્વનિર્ધારિત ઘાટમાં દબાણ કરવાની નહીં. આમાં બાળકને તેમની અનન્ય ક્ષમતાઓ, ગુણો અને રુચિઓ કુદરતી રીતે વિકસાવવા માટે માર્ગદર્શન આપવાનો સમાવેશ થાય છે, તેમની પોતાની ઇચ્છાઓ અથવા પૂર્વ-આયોજિત કારકિર્દી લાદવાને બદલે તેમના વિકાસને ટેકો આપવાનો સમાવેશ થાય છે. માતાપિતાએ બાળકના પોતાના આંતરિક પ્રકાશને "ઉમદા ઉપયોગ" માટે ઉત્તેજન આપીને, જુલમી નહીં, માર્ગદર્શક તરીકે કાર્ય કરવું જોઈએ. આ માટે, બાળકના આંતરિક સ્વભાવને ટેકો આપો, માર્ગદર્શન આપો, લાદશો નહીં, આધ્યાત્મિક વિકાસને સરળ બનાવો, સ્વ-શોધને પ્રોત્સાહન આપો, સ્વસ્થ ટેવો કેળવો.

**NEP'2020 માં પ્રતિબિંબિત થતા શ્રી અરવિંદના ખ્યાલો :**

આ નીતિ ઘણા પ્રખ્યાત ભારતીય ચિંતકોના શૈક્ષણિક વિચારોને પ્રતિબિંબિત કરે છે તેમાંથી શ્રી અરવિંદના શૈક્ષણિક વિચારોની વાત કરીએ તો, ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ 29 નવેમ્બર, 2020 ના રોજ તેમના માસિક રેડિયો પ્રસારણ 'મન કી બાત' દરમિયાન શ્રી અરવિંદોના શૈક્ષણિક દૃષ્ટિકોણની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે શ્રી અરવિંદોએ તે સમયે રાષ્ટ્રીય શિક્ષણ વિશે જે કંઈ કહ્યું હતું, તે ભારતની નવી શિક્ષણ નીતિ દ્વારા દેશ તેને પૂર્ણ કરી રહ્યો છે.

**NEP-2020 અને અરવિંદના શૈક્ષણિક દૃષ્ટિકોણ વચ્ચે નીચે મુજબ કેટલીક સામ્યતાઓ છે :**

**1. પ્રાચીન જ્ઞાનમાં મૂળ ધરાવતી આધુનિક શિક્ષણ પ્રણાલી** : અરવિંદ, તેમના પુસ્તક "એ સિસ્ટિમ ઑફ નૅશનલ એજ્યુકેશન (1921)"માં, એક એવી શિક્ષણ પ્રણાલીનો પ્રસ્તાવ મૂકે છે જેમાં ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો સમાવેશ થવો જોઈએ. તેમના શબ્દોમાં, ભૂતકાળ આપણું પાયો છે, વર્તમાન એ સામગ્રી છે, અને ભવિષ્ય આપણો ધ્યેય અને શિખર છે. રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીમાં દરેકનું યોગ્ય અને કુદરતી સ્થાન હોવું જોઈએ. તેવી જ રીતે, NEP-2020 એ એવી શિક્ષણ પ્રણાલી બનાવવા માટે ભલામણો કરી છે જે ભારતના પ્રાચીન અને શાશ્વત જ્ઞાન અને વિચારના સમૃદ્ધ વારસામાં મૂળ ધરાવે છે અને 21મી સદીના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યોને પૂર્ણ કરી શકે છે.

**2. સર્વાંગી શિક્ષણ :** શ્રી અરવિંદ અને NEP 2020 બંને વ્યક્તિઓના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને સર્વાંગી શિક્ષણના મહત્વ પર ભાર મૂકે છે. બંને એ હકીકત પર ભાર મૂકે છે કે શિક્ષણ ફક્ત જ્ઞાનાત્મક વિકાસ માટે પૂરું પાડવું જોઈએ નહીં પરંતુ ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્ર અને માનવતાની માંગણીઓને પૂર્ણ કરવા માટે જરૂરી કુશળતાથી સજ્જ સર્વાંગી અને સુસંસ્કૃત વ્યક્તિઓ બનાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. શિક્ષણ ફક્ત શૈક્ષણિક જ્ઞાન સુધી મર્યાદિત ન હોવું જોઈએ પરંતુ બાળકની શારીરિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સુખાકારી તેમજ તેમની ક્ષમતાઓની સંપૂર્ણ અભિવ્યક્તિ અને જીવનના પડકારોનો સામનો કરવા માટે તેમને તૈયાર કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

**3. શારીરિક પ્રવૃત્તિઓનું એકીકરણ** : શ્રી અરવિંદ અને NEP 2020 બંને, વ્યક્તિઓના સર્વાંગી વિકાસમાં શારીરિક શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂકે છે. શ્રી અરવિંદના મતે, સત્-ચિત્-આનંદ સ્વસ્થ શરીર દ્વારા પ્રાપ્ત થાય છે, તેથી તેમણે શારીરિક વિકાસને શિક્ષણનો પ્રાથમિક ઉદ્દેશ્ય માન્યો અને યોગ અને અન્ય શારીરિક પ્રવૃત્તિઓને શિક્ષણના અભિન્ન ભાગો તરીકે ભલામણ કરી. NEP-2020 એ પણ શારીરિક તંદુરસ્તી, શિસ્ત અને એકંદર સુખાકારી વધારવા માટે રમતગમત, યોગ અને અન્ય શારીરિક પ્રવૃત્તિઓના મહત્ત્વને સ્વીકાર્યું છે અને ટીમવર્ક, સહયોગ, નાગરિકતા વગેરે જેવાં કૌશલ્યો વિકસાવવા માટે આંતર-અભ્યાસક્રમ શિક્ષણશાસ્ત્રના અભિગમ તરીકે રમતગમતના એકીકરણની ભલામણ કરી છે.

**4. બહુ-શાખાકીય શિક્ષણ** : શ્રી અરવિંદે એક લવચીક શિક્ષણ પ્રણાલીની ભલામણ કરી છે, જ્યાં વિદ્યાર્થીને તે જે વિષયોનો અભ્યાસ કરવા માંગે છે તેનો અભ્યાસ કરવા માટેની સ્વતંત્રતા હોવી જોઈએ. તેમના મતે, અભ્યાસક્રમ મર્યાદિત અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત ન હોવો જોઈએ. NEP-2020 શિક્ષણ પ્રક્રિયાને વધુ લવચીક બનાવવા માટે વિવિધ શાખાઓ અને અભ્યાસક્રમ અને સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વચ્ચેની સીમાઓને દૂર કરવાની હાકલ કરે છે.

**5. બહુભાષિતા :** શ્રી અરવિંદ બાળકોને વિશ્વની શ્રેષ્ઠ ભાષાઓ અને તેમના સાહિત્ય, જ્ઞાન, કુશળતા અને સંસ્કૃતિથી પરિચિત કરાવવાના પક્ષમાં છે, પરંતુ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા પર ભાર મૂકે છે. તેમનું માનવું છે કે પોતાની ભાષામાં નિપુણતા મેળવવાથી અન્ય ભાષાઓમાં પણ નિપુણતા મેળવવામાં મદદ મળે છે. તેઓ પોતે ઘણી ભાષાઓમાં નિપુણ હતા. ભારતની ભાષાકીય વિવિધતાને સ્વીકારતા, NEP-2020 રાષ્ટ્રીય

અખંડિતતાને પ્રોત્સાહન આપવા માટે બહુભાષીવાદની પણ તરફેણ કરે છે. ભારતની પ્રાદેશિક ભાષાઓ જ નહીં, NEP-2020 સંસ્કૃત અને પાલી જેવી શાસ્ત્રીય ભાષાઓના શિક્ષણ પર ભાર મૂકે છે.

**6. અનુભવલક્ષી શિક્ષણ પર ધ્યાનકેન્દ્રિતા** : શ્રી અરવિંદનો શૈક્ષણિક દૃષ્ટિકોણ અને NEP 2020 બંને અનુભવલક્ષી શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂકે છે. અસરકારક શિક્ષણ માટે શ્રી અરવિંદે શિક્ષણ પદ્ધતિઓ જેમ કે ક્રિયા દ્વારા શિક્ષણ , સ્વ-અનુભવ, સ્વ-શોધ, પ્રવૃત્તિ પદ્ધતિઓ વગેરે સૂચવી. NEP-2020 પણ ગોખણપટ્ટી, યાદ રાખવા અને સૈદ્ધાંતિક જ્ઞાનથી હાથથી શીખવાના અનુભવો તરફ સ્થળાંતર કરવાનું કહે છે, જ્યાં વિદ્યાર્થીઓ વિષયવસ્તુ સાથે સક્રિય રીતે જોડાય છે અને વ્યાવહારિક પરિસ્થિતિઓમાં તેમના જ્ઞાનનો ઉપયોગ કરે છે.

**7. વિવેચનાત્મક વિચારસરણી અને સર્જનાત્મકતા પર ભાર** : શ્રી અરવિંદના શૈક્ષણિક દૃષ્ટિકોણ અને NEP 2020 બંનેએ વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. તેઓ બંને આધુનિક વિશ્વની જટિલતાઓને પાર કરવા માટે આ ક્ષમતાઓ વિકસાવવાના મહત્ત્વને સ્વીકારે છે.

**8. સમાવેશ અને સમાનતા** : શ્રી અરવિંદ જાતિ, સંપ્રદાય, રંગ અથવા ધર્મના આધારે વ્યક્તિઓ વચ્ચે કોઈ ભેદભાવ સ્વીકારતા નહોતા. તેમણે સામાજિક, આર્થિક અથવા સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના બધા માટે શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. NEP 2020 પણ સમાવેશી શિક્ષણ પર ભાર મૂકે છે, જેનો ઉદ્દેશ્ય બધા વિદ્યાર્થીઓને સમાન તકો પૂરી પાડવાનો અને સમાજના વિવિધ વર્ગો વચ્ચેના અંતરને દૂર કરવાનો છે. સમાવેશ સુનિશ્ચિત કરવા માટે, NEP 2020 એ સમાવેશ ભંડોળની પણ ભલામણ કરી છે.

**9. આધ્યાત્મિક વિકાસને પ્રોત્સાહન આપવું** : શ્રી અરવિંદનું શૈક્ષણિક દર્શન વ્યક્તિઓના આધ્યાત્મિક વિકાસ પર ભાર મૂકે છે, જેનો ઉદ્દેશ્ય તેમને તેમની આંતરિક ક્ષમતા શોધવામાં મદદ કરવાનો છે. તેવી જ રીતે, NEP 2020 વિદ્યાર્થીઓના આધ્યાત્મિક અને નૈતિક વિકાસને પોષવા માટે મૂલ્ય શિક્ષણ, નીતિશાસ્ત્ર અને માઈન્ડફુલનેસ આપવાના મહત્ત્વને સ્વીકારે છે.

**10. વૈશ્વિક દૃષ્ટિકોણ** : શ્રી અરવિંદનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ વૈશ્વિક સમજણ અને વિવિધ સંસ્કૃતિઓના એકીકરણના મહત્ત્વ પર ભાર મૂકે છે, જ્યારે NEP 2020 વૈશ્વિક નાગરિકતાના મહત્ત્વ અને વિદ્યાર્થીઓને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક દૃષ્ટિકોણ રાખવાની જરૂરિયાતને પણ સ્વીકારે છે.

શ્રી અરવિંદ આપણા દેશના સૌથી પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રીમાંના એક હતા. તેમણે ભારતના પોતાના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરીને એક ઉત્તમ ભારતીય સમાજ સ્થાપવાનું સ્વપ્ન જોયું હતું. તેમણે એક એવી શિક્ષણ પ્રણાલીનો પ્રસ્તાવ મૂક્યો હતો જે વ્યક્તિને સારું ભૌતિકવાદી જીવન જીવવા માટે દોરી શકે અને સાથે સાથે તેના આધ્યાત્મિક જીવનનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં પણ મદદ કરી શકે. તેમણે ઘણા વર્ષો પહેલા શિક્ષણના મિશ્ર મૉડેલનું સૂચન કર્યું હતું, જેમાં આધુનિક અને પરંપરાગત મૂલ્યો બંનેનો સમાવેશ થાય છે, પરંતુ વર્તમાન વિશ્વમાં પણ તેનું ખૂબ મહત્ત્વ છે. ભારત સરકાર અને નીતિ નિર્માતાઓએ વર્તમાન પડકારોના સંદર્ભમાં તેમના વિચારોને સ્વીકાર્યા છે અને તેમને ભારતની નવી શિક્ષણ નીતિમાં સમાવિષ્ટ કર્યા છે. શ્રી અરવિંદના વિચારો અને અન્ય ઘણા વિચારકોના વિચારોના પ્રકાશનો ઉપયોગ કરીને, નીતિ નિર્માતાઓએ એક સ્વદેશી શિક્ષણ પ્રણાલી બનાવવા માટે માર્ગદર્શિકા પ્રસ્તાવિત કરી છે જેનો હેતુ દેશના યુવાનોની ઊર્જાનો ઉપયોગ રાષ્ટ્રની પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે કરવાનો છે. શ્રી અરવિંદનો શૈક્ષણિક દૃષ્ટિકોણ અને NEP 2020 સર્વાંગી વિકાસ, સમાવેશિતા, નવીનતા અને ઝડપથી બદલાતી દુનિયામાં વિદ્યાર્થીઓને સમૃદ્ધ બનાવવા માટે તૈયાર કરવાનાં સામાન્ય લક્ષ્યો વ્યક્ત કરે છે. પરંતુ દસ્તાવેજમાં નીતિ ફક્ત કાગળનો ટુકડો છે.

# મારી જાદુઈ શાળા અને ગાંધીજીના કેળવણી વિચારો



- ડૉ. નિષાદ ઓઝા
શ્રેયાન વ્યાખ્યાતા
જિ.શિ.અને તાલીમ ભવન, ઈડર.
મો. ૯૯૯૮૪૨૧૬૧૮

બાળકનું શિક્ષણ એ માત્ર માહિતીનો સંગ્રહ નથી, પરંતુ જીવન જીવવાની કળા, સમાજ સાથે સંકળાવાની સમજ અને આત્મનિર્ભરતાનું બીજારોપણ છે. ભારતીય શિક્ષણ ચિંતનમાં આ સત્ય મહાત્મા ગાંધીએ તેમની નઈ તાલીમ (પાયાની કેળવણી) દ્વારા પુરવાર કર્યું હતું. આજના ગ્લોબલ યુગમાં, જ્યાં શિક્ષણને માત્ર આર્થિક સફળતાના માપદંડ તરીકે જોવામાં આવે છે, ત્યાં ગાંધીજીનો ''શિક્ષણ દ્વારા જીવન''નો ખ્યાલ અને ડૉ. અભય બંગના બાળપણની ''જાદુઈ શાળા''ના અનુભવો એક નવા યુગના શિક્ષણ તરફ ઈશારો કરે છે. આ બંને વિચારો બાળ કેળવણીના બે ધ્રુવ સમાન છે, જે પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાથી વિપરીત, બાળકને જીવનલક્ષી, પ્રકૃતિલક્ષી અને શ્રમલક્ષી શિક્ષણ પ્રદાન કરવા પર ભાર મૂકે છે.

**બાળ કેળવણીનો મધ્યવર્તી વિચાર :**

શિક્ષણની વર્તમાન પદ્ધતિનું સૌથી મોટું દુઃખ એ છે કે તેણે બાળકને ચાર દીવાલો વચ્ચે કેદ કરીને પ્રકૃતિ અને શ્રમથી વિમુખ કરી દીધું છે. આજે પણ મોટાભાગનાં બાળકો માટે શિક્ષણનો અર્થ કંટાળાજનક પાઠોને ગોખીને પરીક્ષામાં ઓકી નાખવો એવો રહ્યો છે. ગાંધીજીએ આ પ્રણાલીને ''બુદ્ધિને શુદ્ધ કરવાને બદલે ખરાબ કરનારી'' ગણાવી હતી. આ ગોખણપટ્ટી આધારિત સિસ્ટિમ બાળકને નોકરી માટે યોગ્ય ડિગ્રી તો આપે છે, પરંતુ વાસ્તવિક જીવનની સમસ્યાઓ ઉકેલવાની કુશળતા (Skill) આપી શકતી નથી.

તેનાથી વિપરીત, ગાંધીજીની નઈ તાલીમનું હૃદયસ્થાન એ હતું કે શિક્ષણ જીવનના કોઈ ઉત્પાદક કાર્ય કે હસ્તઉદ્યોગ સાથે જોડાયેલું હોવું જોઈએ. આ પદ્ધતિ બાળકને પ્રકૃતિની નજીક રાખીને, સમાજ ઉપયોગી કામો મારફત બુદ્ધિનો વિકાસ કરવા પર ભાર મૂકે છે. આમાં રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનનો કલાપ્રેમ અને પ્રકૃતિ સાથેનો લગાવ પણ ભળી જવાથી શિક્ષણની પ્રક્રિયા વધુ સંવેદનશીલ અને સર્જનાત્મક બની હતી. આ પ્રત્યક્ષ અનુભવ આધારિત શિક્ષણથી બાળક માત્ર જ્ઞાન જ નહીં, પણ વોકેશનલ સ્કિલ્સ (વ્યાવસાયિક કુશળતા) પણ મેળવે છે, જે આત્મનિર્ભરતાની દિશામાં પ્રથમ પગલું છે.

ડૉ. અભય બંગના બાળપણની શાળા, જ્યાં તેમણે ધોરણ નવ સુધી અભ્યાસ કર્યો, તે આ જ 'નઈ તાલીમ'નું જીવંત ઉદાહરણ હતું. તે શાળા માત્ર એક શિક્ષણ સંસ્થાન નહોતી, પણ જીવનની પ્રયોગશાળા હતી, જ્યાં બાળક જ્ઞાનને પુસ્તકોમાંથી નહીં, પણ પ્રત્યક્ષ અનુભવમાંથી મેળવતું હતું અને અનિવાર્યપણે કારકિર્દી (નોકરી) માટેનાં કૌશલ્યો સહજ રીતે કેળવતું હતું.

**પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ :**

બાળક માત્ર સાંભળીને કે વાંચીને નહીં, પણ કરીને શીખે (Learning by Doing) ત્યારે જ તે જ્ઞાન કાયમી બને છે. જાદુઈ શાળામાં અપનાવવામાં આવેલી શિક્ષણની પદ્ધતિઓ આ સિદ્ધાંતને મૂર્તિમંત કરે છે અને આજના સમયમાં જરૂરી એવી 21મી સદીની કુશળતા (21st Century Skills)નો પાયો નાખે છે.

**પ્રકૃતિ અને વિજ્ઞાનનો જીવંત અનુભવ અને કારકિર્દી :**

આજે મોટાભાગની શાળાઓમાં વનસ્પતિશાસ્ત્ર કાચની બોટલોમાં કેદ 'સ્પેસિમેન' કે પુસ્તકમાં છપાયેલાં ચિત્રો દ્વારા ભણાવાય છે. પરંતુ જાદુઈ શાળામાં વનસ્પતિશાસ્ત્રનો વિષય બાગ-બગીચામાં શિક્ષકો સાથેના ભ્રમણ દ્વારા શીખવાતો હતો. ફળો ચાખીને, પાંદડાનું નિરીક્ષણ કરીને, અને આજુબાજુની હરિયાળીમાં વેરાયેલા સિદ્ધાંતોને પ્રત્યક્ષ જોઈને જ્ઞાન પ્રાપ્ત થતું હતું. આ પદ્ધતિ

બાળકને પ્રત્યક્ષ નિરીક્ષણ, વર્ગીકરણ અને જાત અનુભવની શક્તિ આપે છે, જે વૈજ્ઞાનિક સંશોધન, ફાર્મસી કે એગ્રિકલ્ચર જેવા વ્યવસાયોનો આધાર છે. લેખકના અનુભવ મુજબ, કૉલેજમાં વનસ્પતિશાસ્ત્રમાં સર્વ પ્રથમ આવવાનું કારણ આ જાદુઈ શાળાનું જીવંત શિક્ષણ હતું, જે સાબિત કરે છે કે અનુભવ નોકરી માટેના પરંપરાગત શિક્ષણ કરતાં અનેકગણો વધુ અસરકારક છે.

**જીવન સાથે જોડાયેલું ગણિત અને મૅનેજમેન્ટ :**

ગણિતનાં પુસ્તકોમાં આવતા 'પાણીની ટાંકીમાં બે નળી' જેવા પ્રશ્નો અસલી જીવન સાથે સંબંધ ધરાવતા નથી. પરંતુ જાદુઈ શાળામાં ઘનફળ અને ક્ષેત્રફળના ગણિતને ગૌશાળાના નિર્માણના વાસ્તવિક કામ સાથે જોડી દેવાયું હતું.ગાયો માટે પાણીની જરૂરિયાતનો અંદાજ કાઢીને, ટાંકીનું ઘનફળ માપવું, અને જોઈતી ઈંટોનો હિસાબ કરવો - આ અનુભવ બાળકને માત્ર ગણિતનાં સૂત્રો જ નહીં, પણ સમસ્યાનું નિરાકરણ, આયોજન અને ખર્ચનું અનુમાન કરવ જેવી જેવી મૅનેજમેન્ટ સ્કિલ્સ શીખવે છે. આ પદ્ધતિ ગણિતને એક અમૂર્ત વિષયને બદલે એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર કે પ્રોજેક્ટ મૅનેજમેન્ટ જેવા વ્યવસાયોમાં ઉપયોગી એવું શક્તિશાળી સાધન બનાવે છે.

**શ્રમ અને સ્વાવલંબન અને NEP-2020નું સંકલન :**

ગાંધીજીની નઈ તાલીમનો બીજો મહત્ત્વનો આધારસ્તંભ 'બ્રેડ લેબર' એટલે કે શારીરિક શ્રમ દ્વારા આજીવિકા મેળવવાનો સિદ્ધાંત છે. દરેક બાળકને દિવસમાં ત્રણ કલાક કોઈ ઉત્પાદન કાર્ય કરવું ફરજિયાત હતું, જે સ્વાવલંબન અને શ્રમ પ્રત્યે માનની ભાવના જન્માવે છે. આ આખો ખ્યાલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) ના એક મુખ્ય લક્ષ્ય સાથે સીધો જોડાયેલો છેઃ નીતિમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ધોરણ 6થી 8માં જ વ્યવસાયલક્ષી શિક્ષણ (Vocational Education) અને ઇન્ટર્નશિપ શરૂ કરવી, જેમાં સ્થાનિક કારીગરો સાથે જોડાણનો પણ સમાવેશ થાય છે. જાદુઈ શાળામાં રસોઈ બનાવવી, ગૌશાળાનું નિર્માણ કરવું કે ખેતીના પ્રયોગો કરવા એ જ NEP-2020ની વ્યાવસાયિક તાલીમનું જીવંત અને પ્રારંભિક સ્વરૂપ હતું.

જાદુઈ શાળામાં રસોઈ બનાવવાની પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓ આહાર શાસ્ત્ર, ઘરનું અર્થશાસ્ત્ર અને પાકશાસ્ત્ર શીખ્યા. આ અનુભવ ફાઈનાન્સ મૅનેજમેન્ટ, ટીમવર્ક અને હેલ્થ મૅનેજમેન્ટ જેવી બિન-શૈક્ષણિક કુશળતા આપે છે. આ શિક્ષણ શ્રમ પ્રત્યે માનની ભાવના જન્માવીને બાળકને માત્ર સારો નાગરિક જ નહીં, પણ આત્મનિર્ભર અને રોજગારલક્ષી વ્યક્તિ બનાવે છે, જે NEP-2020 દ્વારા અપેક્ષિત 'શ્રમનું ગૌરવ' નો વિચાર મજબૂત કરે છે.

**શિક્ષણનું સર્વાંગી પાસું કલા, સંસ્કૃતિ અને મૂલ્યનિર્માણ :**

ગાંધીજીની કેળવણીની પદ્ધતિમાં રવીન્દ્રનાથ ટાગોરના કલાપ્રેમનું મિશ્રણ થવાથી જાદુઈ શાળામાં મૂલ્યનિર્માણનું કાર્ય પણ સહજતાથી થતું હતું. 'સંતોનો મેળો' જેવા કાર્યક્રમો દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, અને જાહેરમાં વક્તવ્ય આપવાનું કૌશલ્ય વિકસે છે.

NEP-2020 પણ કલા સંકલિત શિક્ષણ અને રમકડાં આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે, જે જાદુઈ શાળાના 'સંતોનો મેળો' કે 'નાટક દ્વારા શિક્ષણ'ના પ્રયોગો સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ પદ્ધતિ બાળકને વિષયના લેબલોમાં બાંધતી નથી, પરંતુ જીવનના પ્રવાહમાં વહેતી મૂકે છે, જેથી વિદ્યાર્થી સાંસ્કૃતિક સમજ અને સંવાદ કૌશલ્ય સાથે વૈશ્વિક સ્તરે સફળ કારકિર્દી માટે તૈયાર થઈ શકે.

**વર્ગખંડનું લચીલાપણું અને વ્યક્તિકેન્દ્રી શિક્ષણની સંકલ્પના :**

જાદુઈ શાળાનો સૌથી અનોખો પ્રયોગ વર્ગની લચીલી કલ્પના હતી. આધુનિક શિક્ષણશાસ્ત્ર જેને વ્યક્તિકેન્દ્રી શિક્ષણ કહે છે, તે અહીં વર્ષો પહેલાં અમલમાં મુકાયું હતું. વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા અને સ્તર અનુસાર જુદા જુદા વિષય શીખવા માટે જુદા જુદા વર્ગમાં બેસવાની છૂટ હતી. આના પરિણામે, એક જ વર્ષમાં વિદ્યાર્થી સાતમા ધોરણનું અંગ્રેજી, નવમાનું ગણિત અને દસમાનું મરાઠી શીખી શકતો હતો. NEP-2020ના મલ્ટિડિસિપ્લિનરી અભિગમ અને વિષય પસંદગીની

લવચીકતાના સિદ્ધાંતો આ જાદુઈ શાળાની ફિલસૂફીમાં ઊંડે સુધી મૂળ ધરાવે છે. આ પદ્ધતિ બાળકને જ્ઞાન, વિજ્ઞાન, ઈતિહાસ અને ભૂગોળ જેવાં ક્ષેત્રોમાં વધારે કુશળ બનાવે છે, જે આજના કૌશલ્ય આધારિત નોકરી બજારની મુખ્ય માંગ છે.

**આદર્શનો લોપ અને નોકરીલક્ષી વિચારધારાનો પ્રભાવ :**

આદર્શ અને પ્રગતિશીલ હોવા છતાં, જાદુઈ શાળાનું અંતિમ સત્ય દુઃખદાયક છે. ગાંધીજીની ગ્રામોદ્યોગની કલ્પનાને સરકારી પ્રોત્સાહન ન મળ્યું અને તે મોટા ઉદ્યોગોની હરીફાઈમાં હારી ગયા. શાળાને કોઈ સરકારી માન્યતા ન હોવાથી તેનાં બાળકોના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગ્યું.આ ઘટના એ દર્શાવે છે કે શિક્ષણ પ્રત્યેનો સમાજ અને વાલીઓનો દૃષ્ટિકોણ હજી પણ જ્ઞાન, મૂલ્યો અને શ્રમના સર્વાંગી વિકાસને બદલે માત્ર 'સરકારી માન્યતાપ્રાપ્ત સર્ટિફિકેટ' અને 'સલામત નોકરી' લક્ષી જ રહ્યો છે. વાલીઓએ બાળકોને ઉઠાડી લીધાં, કારણ કે તેમને ડર હતો કે આ શાળાનું શિક્ષણ તેમનાં બાળકોને સ્પર્ધાત્મક યુગમાં નોકરી નહીં અપાવી શકે. નોકરી અને સફળતાને માત્ર પરંપરાગત ડિગ્રી સાથે જોડી દેવાની આ સામાજિક વિચારધારાને કારણે જ આ આદર્શનો લોપ થયો.

''અભય બંગની મારી જાદુઈ શાળા'' અને ''ગાંધીજીની કેળવણીના વિચારો'' બાળકેળવણીના બે એવા ધ્રુવો છે, જે આજના શિક્ષણજગતને એક મજબૂત સંદેશ આપે છેઃ જીવનથી વિમુખ થયેલું શિક્ષણ નિરર્થક છે. આ બંને ધ્રુવોની ફિલસૂફી એ છે કે બાળકનું શિક્ષણ માત્ર કારકિર્દીલક્ષી ન હોવું જોઈએ, પરંતુ તે શારીરિક શ્રમ દ્વારા કૌશલ્ય અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહિત કરનારું હોવું જોઈએ.

આજે જ્યારે ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અમલમાં મૂકી છે, ત્યારે તે ગાંધીજીની નઈ તાલીમ અને જાદુઈ શાળાના વિચારોનું આધુનિક સ્વરૂપ છે. NEP-2020નું મિશન પણ એ જ છે કે શિક્ષણને નોકરીલક્ષી સર્ટિફિકેટનું માધ્યમ બનાવવાને બદલે, તે કૌશલ્યલક્ષી, જીવનલક્ષી અને આત્મનિર્ભરતા પ્રદાન કરનારું બને. આ નીતિમાં સમાવિષ્ટ 'વ્યાવસાયિક શિક્ષણ', 'અનુભવજન્ય શિક્ષણ' અને 'લવચીક અભ્યાસક્રમ' એ જાદુઈ શાળાની ભૂતકાળની સફળતાઓના સ્વીકાર સમાન છે.આ 'જાદુઈ શાળા' ભલે આજે ભૌતિક રૂપે અસ્તિત્વમાં ન હોય, પરંતુ તેના વિચારોને આજના શિક્ષણમાં પુનર્જીવિત કરવાની તાતી જરૂર છે. આ પુનર્જીવન માત્ર નીતિઓ બનાવવાથી નહીં, પણ શિક્ષણ પ્રત્યેના આપણો સામાજિક દૃષ્ટિકોણ બદલવાથી શક્ય બનશે-જ્યાં કારકિર્દીનો અર્થ માત્ર સરકારી નોકરી નહીં, પણ કોઈ પણ ક્ષેત્રમાં સ્વાવલંબન અને નિપુણતા ગણાય. આ રીતે જ આવનારી પેઢીનું બાળપણ પણ જ્ઞાન, આનંદ અને આત્મનિર્ભરતાથી ભરેલું ''જાદુઈ બાળપણ'' બની શકશે.

## સાબરમતી કે સંત

વિદ્યાર્થી અવસ્થામાં સારા અક્ષર લખવાની જરૂર નથી એવા ખોટા ખ્યાલના કારણે છેક સુધી ગાંધીજીના અક્ષરો ખરાબ રહ્યા. તે વાતનો તેમને ભારોભાર પસ્તાવો રહ્યો અને તેમણે લખ્યું કે... 'નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.' લગભગ બાપુ બાર તેર વર્ષના હશે અને તેમને બીડી પીવાનો શોખ વળગ્યો. છુપાઈને તેઓ બીડી પીતા. સમયાંતરે તેમના મનમાં આ બાબતે એક ડંખ રહ્યો કે માતા-પિતાને અંધારામાં રાખીને આવું ઘોર પાપ કઈ રીતે કરી શકે. ત્યારબાદ અપરાધ ભાવમાં આપઘાત કરવાનો વિચાર આવે છે. અને તેઓ આપઘાત માટે ધતુરાના ડોડવાનાં બી ખાવાનું વિચારે છે તેમને બે ચાર બી ખાધાં પણ ખરાં પણ મૃત્યુનો ડર પેદા થતાં તે વિચાર પડતો મૂક્યો. અને આનું સારું પરિણામ એ આવ્યું કે તેમણે બીડી છોડી દીધી. અને ક્યારેય ત્યારબાદ માતાપિતાને છેતર્યાં નહીં. આથી જ, આપણે કહી શકીએ સાબરમતી કે સંત તુંને કર દિયા કમાલ.

# બાળકેળવણીકારો અંગેનાં સંશોધનોનો સારાંશ



- સંદીપ પટેલ "કસક"
શ્રીમતી એમ. જે મેવાડા શિવશક્તિ
વિદ્યામંદિર, તા. ઈડર જિ. સાબરકાંઠા)
મો. ૯૪૨૯૭૪૫૨૨૯

બાળકેળવણી એ બાળકના જીવનના પ્રથમ આઠ વર્ષો દરમિયાન આપવામાં આવતું પાયાનું શિક્ષણ છે. આ તબક્કો બાળકના સર્વાંગી વિકાસ – શારીરિક, માનસિક, સામાજિક, ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસ માટે સૌથી મહત્ત્વનો છે. બાળકેળવણી દ્વારા બાળકોમાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા, અને વિવેચનાત્મક વિચારસરણીના ગુણો વિકસાવવામાં આવે છે. આ શિક્ષણ મોટાભાગે રમત, ગીતો, વાર્તાઓ અને પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવે છે, જે આનંદદાયક હોય છે. બાળકેળવણીનું મુખ્ય ધ્યેય બાળકને શાળાના ઔપચારિક શિક્ષણ માટે તૈયાર કરવાનું છે. આનાથી બાળકોમાં સામાજિક કૌશલ્યો જેમકે વહેંચણી, સહકાર અને એકબીજા સાથે વ્યવહાર કરવાની સમજ વિકસે છે. બાળકોના ભાષા વિકાસ અને સંચાર કૌશલ્યને મજબૂત બનાવવામાં બાળકેળવણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સમયગાળા દરમિયાન બાળકોના મગજનો વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે, તેથી પોષણ અને સુરક્ષિત વાતાવરણ અનિવાર્ય છે. ગિજુભાઈ બધેકા, મારિયા મોન્ટેસરી અને ફ્રોબેલ જેવા કેળવણીકારોએ બાળ કેળવણીના પાયાના સિદ્ધાંતો આપ્યા છે. નવી શિક્ષણ નીતિ (NEP 2020)માં પણ બાળકના મજબૂત ભવિષ્ય માટે ગુણવત્તાયુક્ત બાળકેળવણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

બાળકેળવણી એ રાષ્ટ્રના ભવિષ્યનો પાયો છે. ભારતીય અને વૈશ્વિક કેળવણીકારોએ માત્ર શિક્ષણની પદ્ધતિઓ જ નહીં, પણ બાળકના અસ્તિત્વ, વિકાસ અને શીખવાની પ્રક્રિયા પર ઊંડો વિચાર કરીને પાયાના સિદ્ધાંતો આપ્યા છે. આ સિદ્ધાંતો આજે પણ આધુનિક સંશોધનનો વિષય છે. આ લેખમાં મુખ્ય કેળવણીકારોના ચિંતનનો સારાંશ, તેમના પ્રદાન પર થયેલા સંશોધનનાં તારણો અને તેની સમકાલીન શિક્ષણ પ્રણાલીમાં સુસંગતતા અંગે ચર્ચા કરવામાં આવી છે.

**વૈશ્વિક કેળવણીકારોનું ચિંતન અને સંશોધન તારણો :**

આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્રોબેલ, મોન્ટેસરી અને પિયાજે જેવા કેળવણીકારોના ચિંતન પર વ્યાપક સંશોધન થયું છે.

**મારિયા મોન્ટેસરી :**

મોન્ટેસરીએ 'તૈયાર વાતાવરણ' અને 'સ્વ-શિક્ષણ'ના સિદ્ધાંત પર ભાર મૂક્યો. તેમનું પ્રદાન એ છે કે બાળકને યોગ્ય સામગ્રી અને સ્વતંત્રતા મળે તો તે પોતે જ શીખી શકે છે.

**સંશોધનનો સારાંશ :**

યુ.એસની જર્નલ સાયન્સમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ  મોન્ટેસરી પદ્ધતિનાં બાળકોમાં પાંચ વર્ષની ઉંમરે કાર્યકારી યાદશક્તિ અને અભિનિર્વાહક કાર્ય (એક્ઝિક્યુટિવ ફંકશન) પરંપરાગત શાળાનાં બાળકો કરતાં વધુ સારાં હતાં. આ તેમની સ્વ-સુધારક સામગ્રી પર આધારિત શિક્ષણની સીધી અસર છે. મોન્ટેસરી પદ્ધતિ પર થયેલાં સંશોધનો (દા.ત., શૈક્ષણિક મનોવિજ્ઞાન જર્નલ્સ) દર્શાવે છે કે આ પદ્ધતિમાં વપરાતી સ્વ-સુધારક સામગ્રી બાળકોની કાર્યકારી યાદશક્તિ અને એકાગ્રતામાં સુધારો કરે છે. સંશોધન સૂચવે છે કે મોન્ટેસરી વાતાવરણમાં બાળકોમાં આત્મ-શિસ્ત અને સ્વાવલંબનનો વિકાસ પરંપરાગત શિક્ષણ કરતાં વધુ ઝડપથી થાય છે.

ભારતમાં મોન્ટેસરી પદ્ધતિ મોટાભાગની ખાનગી પૂર્વ-પ્રાથમિક શાળાઓમાં વ્યાપકપણે અપનાવવામાં આવે છે. તેના પ્રભાવ હેઠળ, વર્ગખંડોમાં વ્યક્તિગત ગતિએ શીખવું અને નિરીક્ષણ-આધારિત મૂલ્યાંકન જેવી પદ્ધતિઓનો ઉપયોગ વધ્યો છે. આ પદ્ધતિ 21મી સદીનાં

કૌશલ્યો, જેમકે સમસ્યા-નિરાકરણ અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે અસરકારક માનવામાં આવે છે.

**જીન પિયાજે :**

પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના તબક્કાઓ પર વિશ્વભરમાં થયેલાં સંશોધનો (ખાસ કરીને 'કન્ઝર્વેશન ટાસ્ક' પરના અભ્યાસો)એ સાબિત કર્યું છે કે બાળકો અમૂર્ત વિભાવનાઓને અમુક ઉંમર પહેલાં અસરકારક રીતે શીખી શકતા નથી. આ તારણોએ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ક્રાંતિ લાવી છે. પિયાજેએ બાળકના જ્ઞાનાત્મક વિકાસને સમજાવ્યો. તેમણે બાળકના માનસિક વિકાસને વિવિધ તબક્કામાં (સંવેદનાત્મક, પૂર્વ-ક્રિયાત્મક, મૂર્ત-ક્રિયાત્મક અને અમૂર્ત-ક્રિયાત્મક) વિભાજિત કર્યો.

**સંશોધનનો સારાંશ :**

ભારતમાં NCF (નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક) અને NEP 2020ની સંપૂર્ણ રચના પિયાજેના સિદ્ધાંત પર આધારિત છે. ઉદાહરણ તરીકે, ધોરણ 3 સુધી માત્ર રમત આધારિત શિક્ષણ અને ધોરણ ૬ પછી જ અમૂર્ત વિષયોનો પરિચય એ સ્પષ્ટપણે પિયાજેના મૂર્ત-ક્રિયાત્મક તબક્કાના સિદ્ધાંતને અનુસરે છે. પિયાજેના સિદ્ધાંતો પર થયેલા વ્યાપક સંશોધનોએ આધુનિક અભ્યાસક્રમ ઘડતરને માર્ગદર્શન આપ્યું છે. સંશોધકોએ સાબિત કર્યું છે કે બાળક તર્ક અને વિચારધારાને તબક્કાવાર જ શીખે છે, તેથી શિક્ષણ આ તબક્કાઓ અનુસાર હોવું જોઈએ. સંશોધન પત્રો પિયાજેના સિદ્ધાંતને સમર્થન આપે છે કે બાળક નિષ્ક્રિય શ્રોતા નહીં, પણ પોતાના જ્ઞાનનો સક્રિય નિર્માતા છે. આનાથી શિક્ષણમાં અનુભવજન્ય શિક્ષણનું મહત્ત્વ વધ્યું છે.

શિક્ષકો હવે બાળકોને નિષ્ક્રિય શ્રોતાને બદલે જ્ઞાનના સક્રિય નિર્માતા તરીકે જુએ છે. અનુભવજન્ય શિક્ષણ, પ્રોજેક્ટ આધારિત કાર્ય અને શોધખોળ જેવી પદ્ધતિઓનો વ્યાપક ઉપયોગ એ પિયાજેના સિદ્ધાંતનો જ પ્રભાવ છે. પિયાજેનો સિદ્ધાંત આધુનિક શિક્ષણશાસ્ત્રનો આધારસ્તંભ છે, જોકે કેટલાક સંશોધકો માને છે કે તેમનું મૉડેલ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભને ઓછો આંકતું હતું.

**ફ્રેડરિક ફ્રોબેલ :**

ફ્રોબેલે કિન્ડરગાર્ટન (બાળકોનો બગીચો)ની સ્થાપના કરી, જ્યાં બાળકો ફૂલની જેમ ખીલે. તેમનું મુખ્ય ધ્યાન રમત અને ફ્રોબેલની ભેટો પર હતું, જે બાળકોને આકાર, સંખ્યા અને સંબંધો શીખવે છે.

**સંશોધનનો સારાંશ :**

બાળ મનોવિજ્ઞાનનાં સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે નિર્ધારિત રમત બાળકના સ્થૂળ અને સૂક્ષ્મ સ્નાયુ વિકાસ અને સામાજિક-ભાવનાત્મક વિકાસ માટે કરોડરજ્જુ સમાન છે. સંશોધનોએ સાબિત કર્યું છે કે ફ્રોબેલના ભૌમિતિક બ્લોક્સનો ઉપયોગ ગણિત અને અવકાશી જાગૃતિને નાની ઉંમરે જ મજબૂત કરે છે.

આધુનિક સંશોધકો ફ્રોબેલને 'રમત આધારિત શિક્ષણ'ના આદ્યપ્રણેતા માને છે, જેના સિદ્ધાંતો આજે પણ તમામ પૂર્વ-શાળાઓમાં અમલમાં છે.

**ભારતીય બાળકેળવણીના જ્યોતિર્ધરોનું ચિંતન :**

ભારતીય સંદર્ભમાં બાળકેળવણીના ક્ષેત્રે મહાત્મા ગાંધી, ગિજુભાઈ બધેકા અને રવીન્દ્રનાથ ટાગોરનું યોગદાન અદ્વિતીય છે. તેમના ચિંતન પર થયેલાં સંશોધનોનો મુખ્ય સારાંશ નીચે મુજબ છેઃ

**મહાત્મા ગાંધી :**

ગાંધીજીનું ચિંતન 'હસ્તકલા કેન્દ્રી શિક્ષણ' પર આધારિત છે. તેમનો સિદ્ધાંત બાળકનું મન (Head), હૃદય (Heart) અને હાથ (Hand) – આ ત્રણેયનું સંકલિત શિક્ષણ સૂચવે છે.

**સંશોધનનો સારાંશ :**

અનેક શૈક્ષણિક સંશોધનો (દા.ત., NCERTના અભ્યાસો) એ દર્શાવ્યું છે કે 'નઈ તાલીમ' દ્વારા સામાજિક જવાબદારી, સ્વાવલંબન અને શ્રમ પ્રત્યે આદર જેવાં મૂલ્યોનું ઘડતર શક્ય છે. સંશોધન દર્શાવે છે કે વ્યવસાયલક્ષી શિક્ષણ બાળકમાં માત્ર કૌશલ્ય જ નહીં, પણ આત્મસન્માન પણ વધારે છે. ગાંધીજીનો આ વિચાર વર્તમાન નવી શિક્ષણ નીતિ (NEP 2020) માં પણ કાર્ય-આધારિત શિક્ષણ તરીકે સ્વીકારાયો છે.

NEP 2020 ગાંધીજીના ચિંતનને સીધો ટેકો આપે છે. 1) ધોરણ 6 પછી વોકેશનલ એજ્યુકેશન શરૂ કરવું. 2) સ્કિલ ઇન્ટિગ્રેશન અને ઇન્ટર્નશિપ પર ભાર. 3) મન, હૃદય અને હાથના સંકલનનો ઉલ્લેખ. આ ગાંધીજીના 'કરાવીને શીખવવું' (Learning by Doing)ના સિદ્ધાંતોનું જ આધુનિક સ્વરૂપ છે. આધુનિક સંશોધકો માને છે કે જોકે શુદ્ધ ગાંધીવાદી 'નઈ તાલીમ' વર્તમાન યુગમાં અપનાવવી મુશ્કેલ છે, પરંતુ તેનો મૂળ સિદ્ધાંત ''ઉત્પાદક કાર્ય દ્વારા શિક્ષણ'' આજે પણ સાર્વત્રિક રીતે સુસંગત છે.

**ગિજુભાઈ બધેકા 'મુછાળી મા' :**

ગિજુભાઈનું ચિંતન બાળકેન્દ્રી શિક્ષણ અને મોન્ટેસરી પદ્ધતિના ભારતીયકરણ પર આધારિત છે. તેમણે 'બાળકના માલિક' નહીં પણ 'બાળકના બેલિફ' બનવાનો સંદેશ આપ્યો.

**સંશોધનનો સારાંશ :**

સંશોધન પરથી જણાય છે કે ગિજુભાઈની સૂચવેલ શિક્ષણ પદ્ધતિની સર્જનાત્મકતા અને ભાષાના વિકાસ પર અસર થાય છે. ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગ દ્વારા થયેલાં સંશોધનો (દા.ત., 'ભારતીય બાલમંદિરોમાં ગિજુભાઈના વાર્તાકથન અને રમકડાંની પદ્ધતિનો પ્રભાવ') દર્શાવે છે કે, ગિજુભાઈની પદ્ધતિથી શીખતા બાળકોમાં મૌખિક અભિવ્યક્તિ અને શબ્દભંડોળ પરંપરાગત શિક્ષણ મેળવતાં બાળકો કરતાં 20% વધુ છે.

મોન્ટેસરી અને ભારતીય સંદર્ભ : સંશોધનોએ સાબિત કર્યું છે કે ગિજુભાઈએ સૂચવેલાં રમકડાં, બાળગીતો અને વાર્તાકથનનો ઉપયોગ ભારતીય બાલમંદિરોમાં બાળકના સર્વાંગી વિકાસ માટે અત્યંત અસરકારક છે. ગિજુભાઈની વાર્તાકથન પદ્ધતિ પર થયેલા સંશોધનો (દા.ત., પ્રાદેશિક યુનિવર્સિટીઓના PhD થીસિસ) દર્શાવે છે કે આનાથી બાળકોની કલ્પનાશક્તિ અને ભાષા-વિકાસમાં નોંધપાત્ર સુધારો થાય છે. ગિજુભાઈનું બાળકેન્દ્રીય શિક્ષણ અને રમત આધારિત શિક્ષણ એ NEP 2020ના 'ફાઉન્ડેશનલ સ્ટેજ' (3 થી 8 વર્ષ)નું મૂળ છે. નીતિમાં નિર્ધારિત બહુઆયામી, રમત-આધારિત, અને શોધ-આધારિત શિક્ષણ ગિજુભાઈના 'દિવાસ્વપ્ન'ના સિદ્ધાંતો સાથે સીધું સંકળાયેલું છે.

સંશોધકો માને છે કે ગિજુભાઈનું પ્રદાન આધુનિક પૂર્વ-શાળા શિક્ષણ માટે બ્લૂપ્રિન્ટ સમાન છે, જે સ્વતંત્રતા અને શિસ્તનું સંતુલન જાળવવાનું શીખવે છે.

**રવીન્દ્રનાથ ટાગોર :**

ટાગોરે શિક્ષણને પ્રકૃતિ સાથે જોડીને અને કલા-સંગીત દ્વારા બાળકની સર્જનાત્મક શક્તિને ખીલવવા પર ભાર મૂક્યો. તેમનો ઉદ્દેશ્ય મુક્ત વાતાવરણમાં સર્વવ્યાપી માનવનું સર્જન કરવાનો હતો.

**સંશોધનનો સારાંશ :**

શૈક્ષણિક વાતાવરણઃ શાંતિનિકેતન મૉડેલ પર થયેલાં સંશોધનો દર્શાવે છે કે ખુલ્લા આકાશ નીચેનું શિક્ષણ બાળકના તણાવને ઘટાડીને શીખવાની ક્ષમતાને વધારે છે. આર્ટ એજ્યુકેશન પરના અભ્યાસો સાબિત કરે છે કે ટાગોરે સૂચવ્યા મુજબ અભ્યાસક્રમમાં નૃત્ય, સંગીત અને ચિત્રકલાનું સંકલન બાળકોના ભાવનાત્મક અને સૌંદર્યલક્ષી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

આધુનિક સંશોધન ટાગોરના ઇકો-પેડાગોજીના વિચારને સમર્થન આપે છે, જે પર્યાવરણીય જાગૃતિ અને સર્વસમાવેશક શિક્ષણ માટે અત્યંત આવશ્યક છે.

**ચિંતન અને સંશોધનનું સંકલન :**

આધુનિક શિક્ષણ પ્રણાલી પર પ્રભાવ. આ મહાન કેળવણીકારોના ચિંતન પર થયેલાં સંશોધનોએ વર્તમાન બાળકેળવણીને નીચે મુજબ અસર કરી છે :

**રમત અને અનુભવ આધારિત શિક્ષણ :**

સંશોધન દર્શાવે છે કે ફ્રોબેલ, ગિજુભાઈ અને મોન્ટેસરીના સિદ્ધાંતોને અનુસરીને, પૂર્વ-શાળામાં રમતને અભ્યાસક્રમનો અનિવાર્ય ભાગ બનાવવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમ માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ સંખ્યા જ્ઞાન, સંવાદ કૌશલ્ય અને ભાવનાત્મક નિયમન પણ શીખવે છે.

# ગિજુભાઈ બધેકાનું બાળકેળવણી સંદર્ભે માર્ગદર્શન



- હસમુખ બોરાણિયા
વ્હાઈટ પેલિકન, દહેગામ સર્કલ પાસે,
સરદાર પટેલ રિંગ રોડ, અમદાવાદ
મો. ૯૯૭૯૨૩૭૨૫૯

એ સમય હતો જ્યારે બાળસાહિત્ય અને બાળઉછેર ક્ષેત્રે શૂન્યાવકાશ હતો. વલ્લભીપુર તાલુકાનાં વળા ગામના ગિરજાશંકર ભગવાનજી બધેકા ભણી ગણીને વકીલ બને છે. વકીલાતમાં રસ ના પડ્યો ને બાળકોના વકીલ બનીને આજીવન બાળઉછેર, બાળકેળવણી, બાળસાહિત્યને સમર્પિત રહ્યા, ને ગિજુભાઈ બધેકાના નામે પ્રસિદ્ધિ પામ્યા.

ગિજુભાઈ બધેકા બાળકેળવણી, બાળસાહિત્યના "ભીષ્મપિતા", બાળસાહિત્યના "બ્રહ્મા" કેમ કહેવાયા? "મુછાળી મા"નું બિરુદ કેમ મળ્યું? કારણ કે તેઓએ માતાપિતા અને શિક્ષકો માટે બાળઉછેર અને બાળકેળવણી ક્ષેત્રે પ્રવર્તતા અંધકાર વખતે પ્રકાશ પાથરવાનો ભગીરથ પ્રયાસ કર્યો, એક નવી કેડી કંડારી આ ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કર્યું.

કોઈ પણ કાર્ય કરવા માટે, નવી દિશા તરફ જવા માટે એક ધક્કો લાગવો જોઈએ. જે ધક્કો, બનાવ, માણસને સકારાત્મક દિશામાં વિચારવા પ્રેરે છે. આવો જ એક બનાવ ગિજુભાઈના જીવનમાં બને છે. વકીલાતની પ્રૅક્ટિસ વઢવાણમાં ચાલતી હતી. એમને ત્યાં પ્રથમ સંતાનમાં પુત્રરત્ન (પુત્ર નરેન્દ્ર)ની પ્રાપ્તિ થઈ. દીકરાની અભ્યાસની ઉંમર થતા શાળામાં ભણવા મૂકે છે. ત્યારની શિક્ષણ પદ્ધતિનો ઘરમાં અનુભવ થયો. બાળકને ચીલાચાલુ પદ્ધતિને બદલે અલગ પદ્ધતિથી શિક્ષણ મળે તેવી ઈચ્છા હતી. એ સમય હતોઃ 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ.' બાળકોને ટીંગાટોળી કરીને શાળાએ મૂકવા જવા પડતાં. બાળકો શાળાએ જતી વખતે ડરતાં ને રડતાં.

શાળામાં શિક્ષકોનો ડર લાગતો, સહેજ ભૂલ પડે કે જવાબ ન આવડે તો સોટી વડે માર મારવામાં આવતો. એક પ્રકારે ભયનો માહોલ રહેતો.

ગિજુભાઈએ વિચાર્યું, જો બાળકો સાથે આદરપૂર્વક વર્તન કરવામાં આવે, ડર દૂર કરવામાં આવે અને શીખવાની પૂરતી તકો આપવામાં આવે તો બાળકો શાળામાં હોંશે હોંશે આવશે. બાળક શાળામાં હસતું હસતું આવવું જોઈએ અને હસતું હસતું ઘેર જવું જોઈએ. બાળક ફૂલની જેમ ખીલવું જોઈએ, આ ખીલવવાની કળા શિક્ષક પાસે હોવી જોઈએ. શિક્ષક શાળા બાગનો માળી બને અને તો જ બાળપુષ્પો ખીલે!

પછીની વાત જાણીતી છે કે તેમણે તેમના વિચારો ઢસા દરબારસાહેબ શ્રી ગોપાલદાસને જણાવ્યા. દરબારસાહેબે મોતીભાઈ અમીનને મળવાનું સૂચન કર્યું. મોતીભાઈ અમીન, જે ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા તરીકે જાણીતા છે. આ મુલાકાત એવી હતી, કે એક પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતાની મુલાકાત બાળકેળવણીના, બાળસાહિત્યના પ્રણેતાનો ઉદય કરનાર બની રહી.

મોતીભાઈ અમીને ગિજુભાઈને મારિયા મોન્ટેસોરીનાં પુસ્તકો વાંચવા માટે આપ્યાં. આ વાંચને ગિજુભાઈનું જીવન પલટી નાખ્યું. અથવા એમ કહો કે ગુજરાતની કેળવણીની દશા અને દિશા બદલી નાંખી. મોટેરાઓ માટે કેસ લડતો વકીલ હવે બાળકોનો વકીલ બન્યો.

બાળઉછેર માટે અનેક પ્રયોગો હાથ ધર્યા. માતાપિતા બાળઉછેરમાં શું કરી શકે, શું કરવું જોઈએ તે વિચારીને, વિચારો અમલમાં મૂક્યા. પોતાના ઘેર પણ એ રીતે ઉછેર શરૂ કર્યો. બાળકો સાથે સંવાદ, જમતી વખતે દિનચર્યાની ચર્ચા, બાળકોને બધાં શાકભાજી ભાવે એ માટે શું કર્યું? આ નોંધ વાંચોઃ ગિજુભાઈ બધેકાનાં નાનાં દીકરી

શ્રીમતી નલિનીબહેન પાઠક સંભારે છે...' અમે બધાં ભાંડરડાં થોડું થોડુ બધું ખાતાં શીખીએ એમ ગિજુભાઈ માને. પરાણે શીખવવાની તો વાત જ નહીં. એટલે ગિજુભાઈ બધાં શાક થોડાં થોડાં કરાવે, ને થાળીમાં પિરસાવે. એટલે થાળીમાં બટેટાં હોય ને ગુવાર પણ હોય. દૂધી હોય ને કારેલાં પણ હોય. આથી અમને બધાં શાક ભાવતાં થઈ ગયેલાં - વળી બળજબરી વગર...'

'ઘર પુસ્તકાલય' પ્રવૃતિ શરૂ કરી, વાંચો આ નોંધ: ગિજુભાઈ બધેકાનાં સૌથી મોટાં દીકરી શ્રી સુશીલાબહેન ભટ્ટ સંભારે છેઃ ''મને એ યાદ આવે છે કે ઘરમાં એક પાટ પર નાનીનાની ચોપડીઓ ગોઠવી ગિજુભાઈએ અમારા માટે 'ઘર -પુસ્તકાલય' બનાવી આપેલું. અમે હોંશે - હોંશે તેમાંથી જે નવું વાંચ્યું હોય તે સાંજે કે રાત્રે, જ્યારે વખત મળે ત્યારે ગિજુભાઈને કહીએ. થોડા પ્રશ્નો પૂછીને ગિજુભાઈ અમને તેમાંથી શું - શું ગમ્યું તેની વાત કઢાવે. આમ વાંચવાની અને તેનો સાર ગ્રહણ કરવાની અને તે કહેવાની ટેવ નાનપણથી જ તેમણે અમારામાં પાડેલી.''

બાળકો માટે બાલમંદિર કેવું હોવું જોઈએ? તે માટે, કેળવણી માટે અનેક પ્રયોગો કરવાની તક મળી. નાનાભાઈ ભટ્ટે ભાવનગરમાં ''દક્ષિણામૂર્તિ''ની સ્થાપના કરી. ગિજુભાઈ તેમાં જોડાયા. અહીં કેળવણી પ્રયોગો માટે તક સાંપડી. બાળકો સાથે કામ કરવાનું મળ્યું. નવું વિચારવાની, વાંચવાની, નવી નવી શોધ કરવાની તક મળી. નવી દૃષ્ટિ મળી. બાલમંદિર સ્થાપ્યું. ગિજુભાઈએ સૂત્ર આપ્યુંઃ ''બાળદેવો ભવ :''

માતાપિતાને બાળઉછેર માટે માર્ગદર્શન મળી રહે તે માટે પુસ્તકો લખ્યાં, જેમાં ''મોન્ટેસોરી પદ્ધતિ'', ''આ તે શી માથાફોડ?'', ''માબાપ થવું અઘરું છે, વાર્તા કહેનારને'' મુખ્ય છે. બાળવાર્તા દ્વારા બાળઉછેર માટે બાળસાહિત્ય સર્જન કર્યું.

બાળકોને વાર્તાઓ સંભળાવી. બાળકોનો ઘરમાં પણ સારો ઉછેર થાય તે માટે કેળવણીના, બાળસાહિત્યના ૨૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં.

માતાપિતાને ઉદ્દેશીને ગિજુભાઈએ કહ્યું, ''બાળકનો દેહ નાનો છે, એમાં રહેલો આત્મા મહાન છે.''

- પ્રત્યેક બાળકનો સ્વીકાર કરો.
- બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે. (કેવું કાવ્યાત્મક?)
- બાળકોને રમત રમતાં જોવા એ દર્શન કરવા યોગ્ય છે.
- ઘડીભર છાપું વાંચવાનું છોડી, તારા બાળક સાથે રમ
- ઘડીભર રાજદ્વારી પ્રપંચ છોડી, તું તારા બાળક સાથે રમ.
- તું તારું બધું કામ છોડી, તારા બાળક સાથે રમ
- બાળકને માન આપો.
- બાળકને સ્નેહ આપો, સ્નેહાળ બનશે
- બાળકને પ્રેમ આપો, પ્રેમાળ બનશે.
- બાળકને ભય કે લાલચ ન આપો. ભય પમાડશો તો ભયભીત બનશે, લાલચ આપશો તો લાલચુ બનશે.
- બાળકને મારવું નહીં, મારવાથી બાળક સુધરી જશે એમ માનતા હો, તો એમ નહીં સુધરે, તમારે સુધરવું પડશે.
- બાળકોને કોઈ બાબતની ના કહો, પછી હા ન કહો, એક વાર ના કહી, હા કહેશો તો બાળકો જિદ્દી બનશે.
- બાળકને પોતાનું કામ જાતે કરવા દો. એ તારાથી ન થાય, છોકરાંથી છાશ ન પીવાય. આ બધું ભૂલી જાવ.
- બાળકને ભારેમાં ભારે નુકસાન ત્યારે થાય છે કે જ્યારે માબાપ વચ્ચે વિસંવાદ ચાલતો હોય છે. માબાપ એમ માને છે કે અને ગમે તેમ વર્તીએ તેમ છતાં અમારાં બાળકોને સંસ્કારી બનાવીશું, તો તેઓની તે મોટી ભૂલ છે.

# બાળકના હૃદયનો ધબકાર અને ભારતનું "દિવાસ્વપ્ન"



- વશરામભાઇ પટેલ
વંશ માલવી, સી.આર.સી.કો.ઓ.
થાવર, બનાસકાંઠા. મો. ૯૭૨૫૪૦૯૭૭૫

ભારતના શિક્ષણજગતમાં ગિજુભાઈ બધેકાનું સ્થાન માત્ર એક શિક્ષકનું નથી; તે એક યુગનું પ્રતીક છે. બાળકને કેન્દ્રમાં રાખીને,તેના મન-વર્તાવ-કુતૂહલ-આવડતને આધારે શિક્ષણ કેવી રીતે હોવું જોઈએ તેનું જીવંત મૉડલ આપણને ગિજુભાઈએ આપ્યું છે. વર્તમાન સમયમાં વધતી બાળકોની તણાવપૂર્ણ પરિસ્થિતિ, સ્પર્ધામાં દોડતા બાળપણ, તેમજ આત્મહત્યાઓ જેવા ગંભીર પ્રશ્નો સામે ગિજુભાઈનું શિક્ષણ દર્શન એક મજબૂત અને માનવીય વિકલ્પ તરીકે ઝળહળે છે.

**પ્રથમ દિવસની ઘટનામાં છુપાયેલું જીવનભરનું શિક્ષણ :**

જૂની કથા છે ,ધોરણ ચારમાં ગિજુભાઈનો પહેલો દિવસ. બાળકો ધમાલમાં, ભણવાની તો કોઈને વાત જ નહીં.બીજો શિક્ષક હોત તો કદાચ ગુસ્સે થઈ જાય, પરંતુ ગિજુભાઈએ કહ્યું: "આજે તમારે રજા. ઘેર જાઓ." આ શબ્દો પાછળની માનસિકતા એટલી ઊંડી કે આજની પેઢીને પણ ચોંકાવનાર. ગિજુભાઈ બાળકોનાં મનને સમજવા માંગતા હતા. દોડતા ઘોડાને દોરડાથી બાંધી નાંખવા કરતાં, તેને પ્રેમથી મારગ બતાવવો એ જ સાચું શિક્ષણ.

બીજે દિવસે બાળકો ફરી રજાની માંગણી કરવા આવ્યાં. ગિજુભાઈએ કહ્યું: "પહેલા એક વાર્તા સાંભળો, પછી રજા." આજથી "વાર્તા" તેમની શિક્ષણ-પદ્ધતિનું હૃદય બની ગઈ. બાળકો વાર્તાના રસમાં શાંત થવા લાગ્યાં, ગિજુભાઈની હાજરીની રાહ જોવાની શરૂઆત થઈ,અને શાળા છૂટ્યા પછી પણ ઘરે જવાની તેમની ઇચ્છા ઘટી ગઈ. આ ઘટના શીખવે છે; બાળકને શિસ્તથી નહીં, પરંતુ સમજથી જીતવું.

**'દિવાસ્વપ્ન' : શિક્ષકના હૃદયની ડાયરી :**

ગિજુભાઈનું 'દિવાસ્વપ્ન' નામનું પુસ્તક એ શિક્ષણજગતનો ચિરંજીવ ગ્રંથ છે.આ માત્ર અનુભવનું વર્ણન નથી, પણ શિક્ષકની આત્માત્મક યાત્રાનો સાહિત્યિક દસ્તાવેજ છે. પુસ્તક વાંચતાં લાગે કે;એક શિક્ષક પોતાનાં હૃદયનાં બારણાં ખોલીને બાળમનની નાની—નાની નાજુક લહેરોની અનુભૂતિ કરાવી રહ્યો છે. આજની શિક્ષણ પ્રણાલીમાં જે સમસ્યાઓ છે તે તમામના ઉકેલોનાં કિરણો પણ આ પુસ્તકમાં મળે છે.વાલીપણાની જવાબદારી,શાળાની ભૂમિકા,બાળકની માનસિકતા, અને શિક્ષકનો વળાંક.

**વાલીપણું : ગિજુભાઈની દૃષ્ટિએ સૌથી મોટું શિક્ષણ :**

ગિજુભાઈએ સ્પષ્ટ લખ્યું છે; "માબાપ થવું આકરું છે." આજની પેઢીના વાલીઓએ ત્રણ વર્ષના બાળકને પણ માર્ક્સ, સ્પર્ધા અને સિદ્ધિના બોજથી બંધનમય કરી દીધું છે. બાળકનું બાળપણ જેટલું નાજુક છે, તેટલું જ મહત્ત્વનું પણ. ગિજુભાઈ બધેકાની દૃષ્ટિએ વાલીપણું એ બાળક માટે સુરક્ષિત, નિર્ભય અને આનંદપ્રદ જગતનું નિર્માણ છે.જ્યારે વાલી એને નિષ્ફળતાથી ડરાવતા નથી, પરંતુ નિષ્ફળતાને સમજવામાં મદદ કરે છે,ત્યારે બાળકનું ભાવિ ઉજ્જવળ બને છે.

**રમત-રમતમાં વિદ્યાબોધ : ગિજુભાઈનું જીવંત શિક્ષણ :**

ગિજુભાઈ કહેતા;"શીખવું એટલે જીવવું. જીવવું એટલે અનુભવવું." તેમની પદ્ધતિઓમાં રમતો, બાળગીતો, વાર્તાઓ, નાટિકા, પ્રયોગો, કુદરત એ બધું જ શીખવાની પ્રક્રિયાનો ભાગ હતું. તેમણે ભાર વિનાના ભણતરને કેન્દ્રસ્થાને રાખ્યું.બાળક હસતાં—રમતાં, કરતાં—કરતાં, અને અનુભવતાં—સાંભળતાં શીખે ત્યારે જ તે સાચું શિક્ષણ બને છે. આજનાં બાળકો મોબાઈલ-સ્ક્રીનની આદત, સ્પર્ધાની હોડ, સામાજિક સરખામણીઓ, માનસિક દબાણ અને પરિવારના ઓછા સંવાદના બોજ હેઠળ તૂટી રહ્યાં છે.

# બાળકની ઓળખ : માતૃભાષા



- રઘુભાઈ એસ. રબારી
પીએચ.ડી. સ્કૉલર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
મો. ૭૦૪૬૪૩૫૫૪૩

ગિજુભાઈ બધેકા બાળશિક્ષણના ક્ષેત્રમાં એક ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા હતા. તેમનું શિક્ષણદર્શન બાળકેન્દ્રીય અને પ્રવૃત્તિમૂલક હતું. તેમનું મૂળભૂત માનવું હતું કે ભાષા એ માત્ર સંચારનું માધ્યમ નથી, પણ તે માનવીય અસ્તિત્વ, સંસ્કૃતિ અને ઓળખનો પાયો છે. ગિજુભાઈ બધેકાએ નૂતન પ્રયોગો, નવીનતમ અધ્યાપન શૈલી અને એક આદર્શ શિક્ષકની છબી ઊભી કરી છે. ગિજુભાઈ બધેકાની માતૃભાષા પ્રત્યેની ભાવના તેમના વિચારો અને વર્તનમાં દેખાય છે. માતૃભાષામાં અસરકારક શૈલીમાં પ્રભુત્વ ધરાવતી વાર્તાઓમાં તેમના બાળપ્રેમી વ્યક્તિત્વનાં દર્શન થાય છે. તેમાંથી ભાષાના પ્રત્યાયન માટેની વાતો અહીં રજૂ કરેલ છે. જે ગિજુભાઈના ભાષા અધ્યયન-અધ્યાપન સંદર્ભેના વિશિષ્ટ સિદ્ધાંતો અને પદ્ધતિઓનું વિશ્લેષણ કરે છે, જેમાં વ્યાકરણથી માંડીને શબ્દકોશના ઉપયોગ અને અક્ષર પ્રગતિ સુધીના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.

**ભાષાશિક્ષણના પાયાના સિદ્ધાંતો :**

ગિજુભાઈએ ભાષાશિક્ષણમાં માતૃભાષાના મહત્ત્વ પર ભાર મૂક્યો. ''માતાનું દૂધ જેટલું સ્વાભાવિક અને પોષક છે, એટલું જ માતૃભાષામાં મળતું શિક્ષણ બાળકના મન માટે પોષક છે.''

તેઓ માનતા કે જો બાળકને તેની માતૃભાષામાં શિક્ષણ મળે, તો તે જ્ઞાનને સહજતાથી અને આનંદપૂર્વક ગ્રહણ કરી શકે છે, કારણ કે તેના મૌલિક વિચારોનો ઉદય તેની માતૃભાષામાં જ થાય છે. આ સહજતા જ બાળકની ઓળખને મજબૂત બનાવે છે.

**ભાષાના સંવર્ધનના ક્રિયાત્મક આયામો :**

**વાર્તાકથન :**

ગિજુભાઈ એક શિક્ષણશાસ્ત્રી છે અને તેઓ વાર્તાકથન પર વિશેષ ભાર મૂકે છે. ગિજુભાઈ માનતા હતા કે વાર્તા દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી ભાષા શીખી શકે છે અને વાર્તા સાંભળવામાં અને વાંચવામાં ખૂબ જ રસ ધરાવે છે. તેથી શિક્ષક જો કોઈ એકમનું શિક્ષણ પહેલાં વાર્તાસ્વરૂપે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરે તો વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. વાર્તા દ્વારા વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન આવે છે અને ભાષાના નવા એકમ પ્રત્યે અભિમુખ કરી શકાય છે. વાર્તા એ વિદ્યાર્થીઓ માટે અદ્ભુત જાદુ સમાન છે એ વાતને તેઓ સાચી ઠરાવતા. વાર્તા દ્વારા શિક્ષણ કાર્ય શરૂ કરવાથી શિક્ષક વિદ્યાર્થીના સબંધો વધુ ગાઢ બને છે. શિક્ષક વિદ્યાર્થીનો પ્રેમ જીતી શકે છે. તેથી વિદ્યાર્થીઓ માટે શાળામાં ભાષાનાં સારાં એવાં વાર્તાનાં પુસ્તકો રાખવાં જોઈએ અને પુસ્તકાલયની વ્યવસ્થા કરવી જોઈએ. શિક્ષકે શુદ્ધ ઉચ્ચારથી વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાકથન કરવું જોઈએ. વાર્તાકથનથી વિદ્યાર્થીઓને ભાષાશુદ્ધિનો અને સાહિત્યનો પરિચય થાય છે તથા એકાગ્રતા જાળવી શકે છે. ગિજુભાઈએ વાર્તાકથનને શિક્ષણનું હૃદય ગણાવ્યું. તેમનું પુસ્તક 'વાર્તાનું શાસ્ત્ર' વાર્તા દ્વારા શબ્દભંડોળ, શ્રવણ શક્તિ અને કલ્પના-શક્તિના વિકાસ પર ભાર મૂકે છે. બીજુ, વાર્તામાં છુપાયેલા ઉપદેશ કે મૂલ્યો બાળક પર સીધી અસર કરે છે.

**કવિતાનું શિક્ષણ :**

ગિજુભાઈના મતે કવિતાના શિક્ષણનો પાયો જાણીતાં એવાં લોકગીતો દ્વારા નાખવો જોઈએ. આ માટે, શિક્ષકે પહેલાં લોકગીતો,બાલગીતો ગાવાં જોઈએ. ત્યારબાદ જાણીતાં અને વખણાતાં લોકગીતો-બાલગીતો ગાવાં જોઈએ અને વિદ્યાર્થીઓને લોકગીતો- બાલગીતોનું અનુગાન કરાવવું જોઈએ. અભિનય સાથે શિક્ષકે બાલગીતો ગાવાં જોઈએ અને વિદ્યાર્થીઓને પણ અભિનય

કરાવવો જોઈએ. બધા શિક્ષકો કુશળ ગાયક ન પણ હોય પરંતુ પોતાની રીતે પણ લોકગીત અને કવિતાનું ગાન કરાવવું જોઈએ. શિક્ષકે ભાષાનું જ્ઞાન વધે તે માટે વધુમાં વધુ ગીત, અભિનયગીત અને કવિતાનું ગાન અને અનુગાન કરાવવું. રોજ નવીનવી કવિતાઓ વિદ્યાર્થીઓ સામે ગાવી જોઈએ. કવિતા શિક્ષણને ગિજુભાઈએ રસદર્શનનો વિષય બનાવ્યો.તેમણે કવિતાનું વ્યાકરણની દૃષ્ટિએ પૃથક્કરણ કરવાને બદલે, બાળકોને જોડકણાં, બાલગીતો અને લયબદ્ધ ગાન દ્વારા કવિતાનો આનંદ લેતા શીખવ્યું. લય દ્વારા બાળકના ઉચ્ચારોમાં આપોઆપ સ્પષ્ટતા આવે છે.

**નાટક દ્વારા ભાષાનું અધ્યયન-અધ્યાપન :**

નાટ્યશિક્ષણ એ ભાષાને વ્યવહારુ બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ગિજુભાઈ બધેકા વિદ્યાર્થીઓને નાટક દ્વારા અધ્યયન-અધ્યાપન કાર્ય કરવાના હિમાયતી હતા. તેમના મતે પાઠમાં આવતી વિગતોને વાર્તાનું સ્વરૂપ આપી સમજાવ્યા પછી તેને વિદ્યાર્થીઓ નાટક સ્વરૂપે ભજવે તે ખૂબ જ અગત્યનું છે. વિદ્યાર્થી જયારે નાટક તૈયાર કરે ત્યારે વિષયવસ્તુ તેમને ઝડપથી યાદ રહે છે. ભાષામાં આવતા એકમોને શિક્ષકે નાટક સ્વરૂપે ભજવવા પ્રોત્સાહન આપી વિદ્યાર્થીઓને તૈયાર કરવા જોઈએ. આમ, નાટક દ્વારા અધ્યયન-અધ્યાપન કાર્ય ભાષાશિક્ષણને રસપ્રદ અને હળવાશવાળું બનાવે છે. શાળામાં કે વર્ગખંડમાં સાદી રંગભૂમિનું નિર્માણ કરીને વિદ્યાર્થીઓ નાટક ભજવે તે બાબતે તેમને પ્રેરણા અને પ્રોત્સાહન આપવું જોઈએ. શિક્ષકે ભાષાનાં પુસ્તકોમાં જે એકમ નાટક સ્વરૂપે ભજવી શકાય તે એકમોને પસંદ કરી વિદ્યાર્થીઓ સામે નાટક કરી બતાવવું જોઈએ. નાટક દ્વારા વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ અને જિજ્ઞાસાવૃત્તિ જાગૃત થાય છે.

સંવાદ કૌશલ્ય : નાટક દ્વારા બાળક આરોહ-અવરોહ સાથે સંવાદો બોલતા શીખે છે, જે ભાષાના વ્યવહારુ ઉપયોગ માટે અનિવાર્ય છે.

આત્મવિશ્વાસ : નાટક બાળકની સંકોચવૃત્તિ દૂર કરીને તેને જાહેર મંચ પર મુક્તપણે પોતાની ભાષામાં વ્યક્ત થવાની તાલીમ આપે છે.

વાંચન, લેખન અને અક્ષરજ્ઞાનની પદ્ધતિઓ :

ગિજુભાઈએ વાંચન અને લેખનને પરંપરાગત ગોખણપટ્ટીથી મુક્ત કરીને મનોવૈજ્ઞાનિક ક્રમ આપ્યો.

**અક્ષરોની સમજ અને લેખન :**

મોન્ટેસરીના સિદ્ધાંતો પર આધારિત, ગિજુભાઈએ લેખનને વાંચન કરતાં પ્રાથમિક સ્થાન આપ્યું.

**સ્નાયુઓની કેળવણી :**

બાળકને સીધી પેન પકડાવવાને બદલે, તેમણે આંગળીઓના સ્નાયુઓને કેળવવા માટે રેતીમાં આકારો દોરવા કે મોટા આકારો દોરવા જેવી પ્રવૃત્તિઓ કરાવવા પર ભાર મૂક્યો.

**સંવેદી અક્ષરજ્ઞાન :**

લાકડાના કે રેતીના કાગળ પર બનાવેલા અક્ષરો પર સ્પર્શ દ્વારા બાળકને અક્ષરના આકારનો અનુભવ કરાવવામાં આવતો, જેનાથી અક્ષરોની સમજ ઝડપથી અને દૃઢ થતી.

**ભાષામાં આવતા જોડાક્ષરો :**

જોડાક્ષરો ભાષાશિક્ષણમાં એક પડકાર છે. ગિજુભાઈએ જોડાક્ષરોને ગોખાવવાને બદલે, તેમને શબ્દોના ધ્વનિ દ્વારા શીખવવા પર ભાર મૂક્યો. તેમણે જોડાક્ષરોવાળા શબ્દોનો વારંવાર ઉપયોગ વાર્તાઓ અને ગીતોમાં કરીને, બાળકને તેના ઉચ્ચારણથી પરિચિત કરાવ્યા. ભાષાના પુસ્તકમાં આવતા જોડાક્ષરો આવડે તે માટે અઘરા જોડાક્ષરોની એક નોંધપોથી બનાવવી જોઈએ. આ માટે શિક્ષકે જે તે ધોરણમાં આવતા ભાષાના પુસ્તકનું વાચન કરી કયા શબ્દો જોડાક્ષરો છે તે શોધવું જોઈએ, પછી તેને તારવી અલગ એક પોથી બનાવવી જોઈએ. આવી પોથી વારાફરતી સૌ વિદ્યાર્થીઓને વાંચવા અને લખવા માટે આપવી જોઈએ. ગિજુભાઈ બધેકા માનતા હતા કે જોડણી અને જોડાક્ષરોની યાદી બનાવી વિદ્યાર્થીઓને ઉપયોગ કરવા માટે આપી શકાય છે અને આમ, ભાષામાં જોડાક્ષરોના અધ્યયન અને અધ્યાપન કાર્યને સુંદર બનાવે છે.

**આદર્શ વાચન અને મૂકવાચન :**

શિક્ષક દ્વારા સ્પષ્ટ અને અર્થસભર આદર્શ વાચન કરાવવામાં આવે, જેથી બાળકને શુદ્ધ ઉચ્ચાર અને વાક્યમાં વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ મળે. ગિજુભાઈએ મૂકવાચનને જ્ઞાન પ્રાપ્તિનું મહત્ત્વનું સાધન ગણાવ્યું છે. મૂકવાચનથી બાળકની એકાગ્રતા વધે છે અને તે ઓછા સમયમાં વધુ માહિતી ગ્રહણ કરી શકે છે.

ભાષાના અધ્યયન અને અધ્યાપન માટે શિક્ષકે વિદ્યાર્થીઓને મૂકવાચન કરતાં શીખવવું જોઈએ એવું ગિજુભાઈ બધેકા દૃઢપણે માનતા હતા. વિદ્યાર્થીઓને મૂકવાચનનો મહાવરો ન હોય તો શિક્ષકે આદર્શ વાચન પૂરું પાડવું જોઈએ. પ્રાથમિક કક્ષાએ જે વિદ્યાર્થીઓને વાંચતાં ન આવડતું હોય તે વિદ્યાર્થીઓને નજીક જઈ અથવા તો પાસે બોલાવીને શિક્ષકે કેવી રીતે વાંચવું જોઈએ, તે સંભળાવવું જોઈએ. આમ, આદર્શ વાચન એ વિદ્યાર્થીઓના મૂકવાચન માટે ખૂબ જ અસરકારક સાબિત થાય છે. શિક્ષકે વિદ્યાર્થીઓની સમક્ષ છટાથી, ભાવથી અને નિયમ પ્રમાણે વાચન કરવું જોઈએ. મૂકવાચન માટે વિદ્યાર્થીઓને અલગ અલગ બેસાડવા જોઈએ અને મનમાં વાંચે તેવું જણાવી શકાય. ભાષાના અધ્યયન અને અધ્યાપન માટે આદર્શ વાચન અને મૂકવાચન ખૂબ જ જરૂરી છે.

**શ્રુતલેખન :**

શ્રુતલેખનનો ઉપયોગ ગિજુભાઈએ ભાષાકીય કૌશલ્યના ચકાસણી સાધન તરીકે કર્યો. શ્રુતલેખન દ્વારા બાળકને વ્યાકરણની ભૂલો, જોડાક્ષરોની સમજ અને વિરામચિહ્નોના ઉપયોગનું જ્ઞાન આપવા પર ભાર મૂકવામાં આવ્યો. ભાષા પર પ્રભુત્વ મેળવવામાં શ્રુતલેખનનો ખૂબજ અગત્યનો ફાળો છે. શિક્ષકે ભાષાના અધ્યયન અને અધ્યાપન માટે શ્રુતલેખન કરાવવું જોઈએ. આ માટે જયારે શ્રુતલેખન ચાલતું હોય ત્યારે વિદ્યાર્થીઓને શિક્ષક શું બોલે છે અને કયા શબ્દો પછી અટકે છે તે જોવા અને સાંભળવા જણાવવું જોઈએ. ત્યારબાદ વિદ્યાર્થીઓ સમજીને શ્રુતલેખન કરે તો ભૂલો ઓછી પડે તેમ તેઓ માનતા હતા. શ્રુતલેખન થઈ ગયા પછી દરેક વિદ્યાર્થીઓનું લખાણ જોવું જોઈએ.

વિદ્યાર્થીઓની ભૂલો ન કાઢતાં તેઓ કેવી રીતે લખે છે અને ક્યાં ભૂલો કરે છે તે જાણવા શિક્ષકે પ્રયત્ન કરવો જોઈએ. તેઓ માનતા હતા કે વિદ્યાર્થીઓ લખે એ જ અગત્યનું છે. ત્યારબાદ વિદ્યાર્થીઓ ફરી લખે તે બાબતે પ્રોત્સાહિત કરવા જોઈએ. વિદ્યાર્થીઓ દરરોજ લખે તો આવડે જ. વિદ્યાર્થીઓની ભૂલો કાઢવામાં અને ચઢાઊતરી કે નંબર આપવામાં તેઓ માનતા નહિ. શ્રુતલેખનથી ભાષાનૂં અધ્યયન-અધ્યાપનનું કાર્ય સારી રીતે થાય છે.

**ભાષાના અધ્યયન-અધ્યાપનમાં વ્યાકરણ, શબ્દકોશ અને પુસ્તકો :**

**વ્યાકરણ શિક્ષણ :**

વિદ્યાર્થીને રમત ખૂબ જ પ્રિય હોય છે. ગિજુભાઈ બધેકા માનતા હતા કે રમત દ્વારા વ્યાકરણ શિક્ષણ ખૂબ જ સુંદર રીતે શીખવી શકાય છે. આ માટે શિક્ષકે પણ કેટલાક પ્રયત્નો કરી કઈ રીતે વ્યાકરણને સરળ રીતે શીખવી શકાય તેવી રીતનો ઉપયોગ કરવો જોઈએ. વિદ્યાર્થીઓને વ્યાકરણમાં આવતાં નામ, સર્વનામ, વિશેષણ, નરજાતિ, નારીજાતિ, નાન્યતરજાતિ, ક્રિયાપદ અને ક્રિયાવાચક શબ્દો વગેરેને રમત દ્વારા ખૂબ જ રસિક અને અસરકારક રીતે શીખવી શકાય છે. કોઈ ક્રિયા કરવાનું સૂચન કરીને પણ વ્યાકરણ શીખવી શકાય છે. સમયાંતરે વિદ્યાર્થીઓને કેટલું આવડે છે તેની નોંધ પણ કરાવી શકાય છે. શબ્દોની અંતકડી અને બીજી એવી અનેક રમતો રમાડીને શિક્ષક વ્યાકરણને રસપ્રદ બનાવી ભાષાના અધ્યયનને અસરકારક બનાવી શકે છે.

**ભાષાના અધ્યયન-અધ્યાપનમાં શબ્દકોશનો ઉપયોગ :**

શબ્દભંડોળ માટે શબ્દકોશનો ઉપયોગ અનિવાર્ય છે. ગિજુભાઈએ બાળકોને માત્ર શબ્દોના અર્થ શોધવા નહીં, પણ તેના સંદર્ભો, પ્રયોગો અને સમાનાર્થી શબ્દોને સમજવા માટે શબ્દકોશનો ઉપયોગ કરવાની ટેવ કેળવવાનો આગ્રહ રાખ્યો. આનાથી ભાષા પરની પકડ મજબૂત બને છે.

# બદલાતું પૅરેન્ટિંગ, શિક્ષક અને બાળકેળવણીકારો



- ડૉ. ઉષા એસ. શારડા
એસોસિયેટ પ્રોફેસર
એન. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન
આણંદ. મો. ૯

શિક્ષક બાળક માટે શાળામાં માતા-પિતા પછીના સૌથી મહત્ત્વપૂર્ણ માર્ગદર્શક હોય છે. આગામી 8-10 વર્ષમાં શિક્ષકની સ્પર્ધા એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સ સાથે થશે. જેમની તર્કક્ષમતા, યાદશક્તિ, ભાષાકીય જ્ઞાન અને અથાક ઊર્જા કોઈ પણ માનવી સાથે મેળ ખાઈ શકશે નહીં. આ રોબોટ્સ આપણા જેવા દેખાશે અને બોલશે. તેઓ દરેક બાળકને તેની ચોક્કસ જરૂરિયાતો અનુસાર શીખવશે. તેઓ ગુસ્સે થશે નહીં કે ઠપકો આપશે નહીં. તેઓ બાળક સાથે ગાશે અને હસશે. તેઓ જ્ઞાનના ઘમંડથી મુક્ત હશે. અને જો તેમાં ભૂલ કરશે, તો તેઓ નમ્રતાપૂર્વક માફી માંગશે. આ નવી દુનિયામાં ફકત તે માનવીય શિક્ષકો જ ટકી શકશે જેમની પાસે બાળકો પ્રત્યે સહાનુભૂતિ, શીખવા અને શીખવવાનો ઉત્સાહ અને ઘણાં ક્ષેત્રોનું જ્ઞાન હશે. ફકત તે શિક્ષકો જ દેશના ભવિષ્યને આકાર આપશે જે પોતાને શિક્ષક નહીં પણ આજીવન વિદ્યાર્થીઓ માનશે. માનસિકતા બદલવાથી સફળતાની શક્યતા વધે છે. એઆઇ અને એજીઆઇના કાળમાં ડેટાની સામે ડહાપણને ટકાવી રાખવા માટે આજના શિક્ષકે બાળકેળવણીકારોની બાબતો માટે મનોમંથન કરવું પડશે.

**મારિયા મોન્ટેસરીનું માર્ગદર્શન :**

Follow the child જેમનો મુદ્રાલેખ હતો તેવા મારિયા મોન્ટેસરીના મતે માતાપિતા અને શિક્ષકોની ભૂમિકા માર્ગદર્શકની છે, નિયંત્રકની નહીં. મોન્ટેસરી બાળકની આંતરિક પ્રેરણાને મહત્ત્વ આપે છે. તેમણે બાળકનાં કાર્યોનાં અવલોકન કરવા પર ભાર મૂક્યો છે. બાળક શું કરવા ઇચ્છે છે? કઈ ક્ષમતા દર્શાવે છે ? બાળક કોઈ કાર્ય કરે તે ઝડપથી પૂર્ણ થઈ જાય તે કરતાં વધુ મહત્ત્વનું છે કે બાળક પોતે કરે. બાળકને ભૂલો કરતાં રોકવું કે ટોકવું નહીં; બાળક ભૂલમાંથી શીખે છે. બાળકને સ્વગતિ, સ્વતંત્રતા અને પસંદગીનો અધિકાર આપવો જોઈએ. આજનાં માતાપિતા બાળકના રોજિંદા જીવનમાં આવતાં દરેક અવરોધને સંતાન સામનો કરે તે પહેલાં જ દૂર કરી દે તેવાં સ્નો-પ્લો પૅરેન્ટિંગ માટે મોન્ટેસરીનો એક સાનુકૂળ ઉપચાર છે બાળકોનાં કાર્યોમાં હસ્તક્ષેપ નહીં, માત્ર માર્ગદર્શન. શિક્ષકે માત્ર શીખવવા કરતાં બાળકોનું અવલોકન કરવું વધુ જરૂરી છે. દરેક બાળકની અનન્ય જરૂરિયાતોને સમજવી. બાળકની પ્રકૃતિ, રસ-રુચિ અને ક્રિયાઓનો જાણકાર હોવાની સાથે શિક્ષક ઉપકરણો અને પ્રયોગોથી પૂર્ણ પરિચિત હોવો જોઈશે. નમ્રતાના ગુણની સાથે બાળકને સતત હિમત અને પ્રેરણા આપનાર શિક્ષક જોઈશે.

**જીન પિયાજેનું માર્ગદર્શન :**

જીન પિયાજે જણાવ્યું કે બાળક વિકાસના ચોક્કસ તબક્કામાંથી (જેમકે ટોડલર્સ, બાલ્યકાળ, કિશોરાવસ્થા) પસાર થાય છે. વિકાસની વિવિધ અવસ્થાઓમાં માતાપિતાએ બાળક સાથે સંવેદનશીલતા અને ધૈર્યપૂર્ણ વર્તવું જોઈએ. બાળકની સમજના આધારે શું શીખવું જોઈએ? તેનો વિચાર કરવો, પોતાની માન્યતાને આધારે નહીં. પિયાજેના અનુસાર શિક્ષકોએ સંકલ્પનાઓ સમજાવવા કરતાં બાળકો જાતે શીખે તે માટે બાળકોને અનુભવ આપવા. નવી સંકલ્પના શીખવતાં પહેલાં વિષયની પાયાની બાબતો મજબૂત હોવી જોઈએ. શિક્ષકનું કાર્ય કોઈ સ્વતંત્ર તત્ત્વ ઉત્પન્ન કરવાનું નથી પણ સુષુપ્તને જાગૃત કરવાનું છે. NEP–2020માં સંરચનાવાદ અને અનુભવ આધારિત અધ્યયન એ પિયાજેનું જ અનુસંધાન છે.

**ફ્રેડરિક વિલહેલ્મ ઓગસ્ટ ફ્રોબેલનું માર્ગદર્શન :**

ફ્રોબેલ કહે છે બાળક સ્વતઃ પ્રેરણાઓ અને

ભાવનાઓને પૂર્ણ કરવા માટે પોતાના મનથી સક્રિય હોય છે. પ્રેરણાઓ અને ભાવનાઓની સાથે પ્રવૃત્તિઓ આપીને કાર્ય કરવાના અવસર આપવામાં આવે અથવા શૈક્ષણિક કાર્યક્રમ ગોઠવવામાં આવે તો તેમનું વ્યક્તિત્વ ખીલી ઊઠે, વાસ્તવિક પ્રગતિ થાય. રમતગમતના માધ્યમથી સંવેદનાત્મક વિકાસ થાય છે, પુસ્તકોનો ભાર લાગતો નથી. મોબાઈલ ફોન નિર્ભર બાળકોમાં રમતનું મહત્ત્વ ઘટતું જાય છે. ફ્રોબેલનો માતાપિતા માટેનો સંદેશ છે કે બાળકોને રમતાં અટકાવવાં નહીં તેમને અન્ય બાળકોના ગુણાંક, સ્પર્ધા, સરખામણીથી દૂર રાખવા. બાળપણની સ્વભાવગત ઊપજતી સર્જનાત્મકતા દબાવી ન નાખવી.

**ગુરુ રવીન્દ્રનાથ ટાગોરનું માર્ગદર્શન :**

સ્માર્ટફોન, ટૅબ્લેટ, કમ્પ્યૂટર અને અન્ય ડિજિટલ ઉપકરણોને લીધે કુદરતથી દૂર થતાં બાળકોમાં ચંચળતા, ચિંતાનું સ્તર વધતું જોવા મળે છે. ત્યારે સ્વને છોડીને પરને પ્યારું કરનાર પરગજુ ટાગોરનું માર્ગદર્શન અત્યંત સમકાલીન છે.

શિક્ષકે એક જ માપદંડથી તમામને માપવું નહિ, પ્રત્યેક બાળકની વિશિષ્ટતા સ્વીકારવી. શાળાના પરિસરમાં લીલાંછમ વૃક્ષો, ફળવાટિકા, કિચન ગાર્ડન અને ઔષધીય વનસ્પતિનો બગીચો કરવા અપાર ધીરજ અને કોઠાસૂઝથી વિદ્યાર્થીઓને વિવિધ જૂથોમાં વહેચીને બાગકામ, સ્વચ્છતા, યોગ જેવી જવાબદારી સોંપવી જેથી વિદ્યાર્થીઓ પ્રકૃતિ સાથે જોડાય. દરેક નાના કાર્યની નોંધ લઈને વિદ્યાર્થીઓને બિરદાવવા જોઈશે. ટાગોરના વિચાર પ્રમાણે કૃષિ, હસ્તકલા, સંગીત, નૃત્ય વગેરેનો અનુભવ બાળકને જીવનનો સાચો અર્થ શીખવે છે. શિક્ષણએ મનની અભિવ્યક્તિને અવરોધ ન કરે, બાળક બોલે, પૂછે, ચર્ચા કરે માટે બાળકને આંતરિક સ્વતંત્રતા આપવી જરૂરી.

**મહાત્મા ગાંધીજીનું માર્ગદર્શન :**

આજના યુગમાં થઈ ગયેલ બધીય વિભૂતિઓ કરતાં વધુ લોકપ્રિય અને સ્વીકૃત ગાંધીજી છે. મહાત્મા ગાંધીજી માટે શિક્ષણનો અર્થ- ત્રણ Hનો સમન્વય. Hand -કૌશલ્ય, Head -બુદ્ધિ અને Heart -વેદના-સંવેદના, લાગણી, પ્રેમ. બુદ્ધિ હોવાથી કોઈ બુદ્ધિશાળી બનતું નથી. બુદ્ધિને ઘસવાથી બુદ્ધિશાળી બને છે. માતાપિતાને માર્ગદર્શન આપતાં જણાવ્યું છે કે બાળકને શ્રમથી ક્યારેય બચાવવું નહીં; કામ પ્રત્યે ગૌરવ ભાવ પેદા કરાવવું. સરળતા અને સચ્ચાઈ ઘરમાં જ શીખવાય છે. પોતાની ભાવી પેઢીઓને વર્તમાન યુગના નવા પડકારો માટે તૈયાર કરવા માતાપિતાએ બાળકમાં નૈતિક મૂલ્યોનું સિંચન કરવું જોઈએ.

ગાંધીજી શિક્ષકો પાસે આગ્રહ રાખે છે કે બાળકોમાં બાલમંદિરથી જ હસ્તકલા, સ્વાવલંબન, સફાઈ, જવાબદારી-આ ગુણો સંસ્કાર સ્વરૂપે આપવા. શાળાના ક્રીડાંગણમાં ખો-ખો, કબડ્ડી, બાસ્કેટબૉલ જેવી રમતો રમાય તે માટે આયોજન કરવું. આદર્શ વર્ગખંડો-જયાં વિષયો વિદ્યાર્થીઓ માટે હોય, વિદ્યાર્થીઓ વિષયો માટે નહીં. ‘પરીક્ષા કેન્દ્રિત’ નહીં, ‘વ્યક્તિત્વ કેન્દ્રિત’ શિક્ષણની હિમાયત કરેલ છે. પુસ્તકીય જ્ઞાન ઉપરાંત વ્યવહારિક શિક્ષણ આપવું, જેમકે દુકાનમાંથી ભાવ જાણીને ગણિત શીખવું, ખેતરમાં હળનો ઉપયોગ સમજવો. વિદ્યાર્થીઓ યૂટ્યૂબથી નૃત્ય કે રમતો શીખે. તે માટે માતાપિતાનો સહયોગ લેવો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મદદ લેવી. શાળાઓ હવે બેગ-લેસ ડેમાં Life Skills અને Social-Emotional Learning તરફ આગળ વધી રહી છે-આ ગાંધીજીના વિચારોનું જ વિસ્તરણ છે.

**ગિજુભાઈ બધેકાનું માર્ગદર્શન :**

ગુજરાતના શ્રેષ્ઠ બાળકેળવણીકાર ગિજુભાઈએ માતાપિતાને ખૂબ સરળ શબ્દોમાં સમજાવ્યું છે કે બાળકને પહેલા પ્રેમ આપો, પછી કાયદો. શિખવાડો. બાળકો સાથે વાતચીત કરો, વાર્તાઓ કહો, રમતો રમો, સાથે જ તેમની દિનચર્યામાં રસ લો. આજ્ઞાથી નહીં, વાર્તાથી શિસ્તની સમજ આપવી. આજનાં માતાપિતા બાળકોને વાર્તાથી દૂર લઈ જાય છે, જ્યારે ગિજુભાઈ યાદ અપાવે છે કે સ્પષ્ટ ઉચ્ચારણો, યોગ્ય લાગણી-બંધો અને હૂંફ સાથે કહેવાથી સાંભળનાર બાળકનો IQ અને EQ બંને સુપેરે વિકસે છે. બાળક ચાલે ત્યાં સુધી તેની સાથે ચાલો.

જો બાળકને વિષયવસ્તુ પ્રેમ અને હૂંફપૂર્વક વાર્તા સ્વરૂપે ચહેરા અને હાથના હાવભાવનો ઉપયોગ કરીને શીખવવામાં આવે તો એના મગજના ભાષાકીય અને કલ્પના કરવાના કૌશલ્યમાં ઝડપી વિકાસ થાય છે. સંશોધન પ્રમાણે કોરી માહિતી સ્વરૂપે રજૂ થયેલી વિગતોમાંથી આશરે 40% વિગતો ચોવીસ કલાકમાં ભુલાઈ જાય છે, જ્યારે વાર્તા દરમ્યાન સરળ અને રસપ્રદ રીતે રજૂ થતી ઘટનાઓ મગજમાં કલ્પના, તર્ક અને અમૂર્ત વિચારણાના કેન્દ્રોને ઉત્તેજિત કરે છે. વાર્તાના અનુભવ દરમ્યાન મગજમાં વર્નિકસ, બ્રોકા અને ઇન્સ્યુલા વિસ્તાર ઉપયોગી કામગીરી કરે છે. શિક્ષકોએ અધ્યાપનને રમૂજમય બનાવવું. ડર, દંડ, ધમકી-આ ત્રણને વર્ગખંડમાંથી દૂર કરી વાર્તા, ગીત, ક્રિયા, સંગીત દ્વારા બાળકને કુદરતી રીતે શીખવા દેવું.

**જિદ્દુ કૃષ્ણમૂર્તિનું માર્ગદર્શન :**

બાળપણની દોસ્તીનું બદલાતું સ્વરૂપ, અનિયોજિત રમત-ગમતનો અભાવ, સતત ડિજિટલ જોડાણને લીધે આજનાં બાળકો અગાઉ કરતાં ઘણા વધુ એકલાં છે. તેમનામાં માનસિક દબાણ, તુલના, સ્પર્ધાનો બોજો વધારે છે. હરીફાઈની દુનિયામાં સહજ બન્યા રહેવા જે. કૃષ્ણમૂર્તિનો ‘ભયમુક્ત મન’ અભિગમ અત્યંત જરૂરી બન્યો છે. જે. કૃષ્ણમૂર્તિના મતાનુસાર શિક્ષક અને વાલી બંનેનું કાર્ય બાળકને પોતાની ઓળખ શોધવામાં મદદ કરવાનું છે. શિક્ષણ માત્ર જ્ઞાન નહીં પરંતુ મનુષ્યનો સંપૂર્ણ વિકાસ છે. ઘર અને શાળા બાળક માટે સુરક્ષિત જગ્યા હોવી જોઈએ. માતાપિતાને માર્ગદર્શન આપતાં તેઓ કહે છે કે બાળક પર પોતાની ઇચ્છાઓ લાદો નહીં. બાળકનો ડર દૂર કરો. ભય અને દબાણથી સર્જનાત્મક શક્તિ નાશ પામે છે. બાળકની સાથે પ્રેમ અને સમજણથી વાર્તાલાપ કરો.

શિક્ષણનો હેતુ-મુક્તિ, સ્વતંત્રતા, સ્વ-ઘટન. એવા શિક્ષક બનો કે બાળકો તમારાથી ડરે નહીં પણ સાથે રહીને આનંદ અનુભવે. શિક્ષક સતત સ્વ-ચિંતન, શાંતિ, સકારાત્મક અને વિચારશીલ હોવો જોઈએ. હમેશાં બાળકને એ રીતે શીખવો કે તે ખુશ, સ્વતંત્ર, નિર્ભય અને સંવેદનશીલ માનવી બની શકે.

**તારાબેન મોઢક અને મોતીભાઈ અમીનનું માર્ગદર્શન :**

ગુજરાતનાં અગ્રણીઓ અને બાળશિક્ષણના નૂતન વિચારો ધરાવતા તારાબેન મોઢક અને મોતીભાઈ અમીને બાળકેન્દ્રિત શિક્ષણ, શિસ્તમાં પ્રેમ, રમત દ્વારા શિક્ષણ અને બાળકના સર્વાંગી વિકાસની દિશા આપી છે. બાળકના વિકાસ માટે વાલી અને શિક્ષક વચ્ચે સતત વાતચીત અને સમજણ હોવી જોઈએ.

માતાપિતાને બાળકની ભાષાને સમજવાનું કૌશલ્ય વિકસાવવાનો તથા શિક્ષક બાળકની જિજ્ઞાસાને જીવંત રાખે અને રમત-ગમત પ્રવૃત્તિઓથી તેને વિકસાવે તેવો આગ્રહ તારાબેન રાખે છે. બાળકની કોઈ પણ બાબતે અન્ય સાથે તુલના કરવી નહીં કારણ કે તેનાથી તેનો આત્મવિશ્વાસ ઘટે છે. વાલી અને શિક્ષકોએ સારા શ્રોતા અને મૃદુ વક્તા બનવાનો પ્રયાસ કરવો.

શ્રી મોતીભાઈ અમીનના મતે પ્રકૃતિ બાળકની પ્રથમ અને શ્રેષ્ઠ શિક્ષક છે. બાળક ‘કુતૂહલ’થી શીખે છે તેથી માતાપિતાનું કાર્ય એ ઉત્સુકતાને વધારવાનું છે. પાત્રતા અને માનવતા ધરાવતા શિક્ષકે પ્રયોગ, અનુભવ અને હાથની પ્રવૃત્તિઓને અભ્યાસમાં જોડવા, આનંદ, શોધખોળ અને કલ્પનાશકિત દ્વારા બાળકને આગળ વધારવાની ભલામણ કરી છે.

વિશ્વના બાળકેળવણીકારો બાળઉછેરને સમજવાનો પ્રકાશપથ આપે છે.તેઓ સ્મરણ કરાવે છે- બાળકનું સૌ પ્રથમ શિક્ષણ ઘરથી શરૂ થાય છે. શાળા તેને સર્જનાત્મક ઉડાન માટે જગ્યા આપે છે. માતા-પિતા-શિક્ષકની ત્રિપુટી સંસ્કાર અને અનુભવો વડે તેને પરિપક્વ બનાવે છે. તેઓ આપણને શીખવે છે કે બાળકને ઘડવાના નથી, ફક્ત તેમને ‘‘ખીલવવા’’ માટેના વાતાવરણનું સર્જન કરવાનું છે. તેમના વિચારો બાળકને આત્મનિર્ભર બનાવી શકે તેમ છે. લેપટોપ અને મોબાઇલ હવે આપણા નવા મિત્રો બન્યા છે, પરંતુ બાળકેળવણીકારો જ વધુ સારા મિત્રો બની શકે છે.

# NEP 2020 અને ગિજુભાઈ બધેકાનું બાળકેન્દ્રી ચિંતન

- ભાવિકા પટેલ

ભારત એક વૈવિધ્યતાસભર દેશ છે. અહીં અલગ-અલગ ભાષાઓ, પરંપરાઓ અને સંસ્કૃતિઓ જોવા મળે છે. આ બધાને એકસાથે જોડતું સૌથી મુખ્ય સાધન છે - શિક્ષણ. સમય બદલાતા શિક્ષણની જરૂરિયાતો પણ બદલાય છે. હવે માત્ર પુસ્તક વાંચવું પૂરતું નથી. બાળકને વિચારવું, પ્રશ્ન પૂછવું, જાણવું, સમજવું, કલ્પના કરવી, સમસ્યા ઉકેલવી અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા શીખવવું પડે છે. ભારતમાં શિક્ષણ બદલાતા સમયમાં સતત બદલાતું રહ્યું છે. આજના સમયમાં શિક્ષણનું મુખ્ય ધ્યેય માત્ર પરીક્ષા પાસ કરાવવું કે રટણ કરાવવું નથી, પરંતુ બાળકને સંપૂર્ણ રીતે વિકાસ પામવામાં સહાયરૂપ થવું છે. આ રીતે ''બાળકેન્દ્રિત શિક્ષણ'' સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. ગુજરાતના મહાન શિક્ષણવિચારક ગિજુભાઈ બધેકાએ બાળકેન્દ્રિત વિચારધારાને ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવી. તેમના વિચારો એટલા પ્રેરક છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) માં પણ એ જ ભાવ સાથે અનેક પ્રાવધાનો ઉમેરવામાં આવ્યા છે. આ નીતિમાં ખાસ ધ્યાન ''બાળકેન્દ્રિત શિક્ષણ'' પર આપવામાં આવ્યું છે. બાળકેન્દ્રિત શિક્ષણ એટલે કે બાળકની જરૂરિયાતને આધારે શિક્ષણ. આ બાબત સૌથી પહેલાં ગુજરાતના મહાન શિક્ષક ગિજુભાઈ બધેકાએ કહી હતી. 100 વર્ષ પહેલાં તેમણે કહ્યું હતું કે- ''શાળામાં બાળક ખુશ હોવો જોઈએ, ડરેલો નહીં.''

ગિજુભાઈ બધેકાનું બાળકેન્દ્રિત ચિંતન અને NEP-2020નાં પ્રાવધાનો. ગિજુભાઈ બધેકા ભારતીય શિક્ષણને દંડ, ભય અને કઠોર શિસ્તમાંથી બહાર કાઢીને પ્રેમ, રમતાં-રમતાં અને સમજણ આધારિત શિક્ષણનું સ્વપ્ન સાકાર કર્યું. તેમનો પૂરો શૈક્ષણિક અભિગમ ''બાળકેન્દ્રિત શિક્ષણ'' પર આધારિત છે, એટલે કે શિક્ષણનું કેન્દ્ર શિક્ષક કે પુસ્તકો નહીં પરંતુ બાળક છે.

1. **શિક્ષણનું કેન્દ્ર - બાળક :**

ગિજુભાઈ માનતા હતા કે

- શિક્ષણની શરૂઆત બાળકની જરૂરિયાત, રસ, ક્ષમતા અને વિકાસની ગતિને ધ્યાનમાં રાખીને થવી જોઈએ.
- દરેક બાળક અલગ હોય છે, એટલે શિક્ષણ પણ વ્યક્તિગત હોવું જોઈએ.
- શિક્ષકનું કાર્ય માત્ર શીખવવાનું નહીં પરંતુ બાળકના વિકાસ માર્ગે માર્ગદર્શક બનવાનું છે.
- આ દૃષ્ટિએ તેમણે ભારતીય પ્રાથમિક શિક્ષણમાં નવી દિશા આપી.
- NEP-2020માં પણ શિક્ષણનું કેન્દ્ર બાળકને રાખવામાં આવ્યું છે. શિક્ષણનો અભિગમ ''Teacher-Centred''માંથી ''Child-centred'' તરફ પરિવર્તિત થયો છે. બાળકની વ્યક્તિગત ગતિ, રસ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શિક્ષણની રચના થાય એ બાબત પર ભાર મુકાયો છે. શિક્ષકની ભૂમિકા માર્ગદર્શક અને સુવિધાકારક તરીકેની રહી છે.

2. **રમતાં-રમતાં શીખવું :**

- ગિજુભાઈ કહેતા કે બાળકનો સ્વાભાવિક માર્ગ રમત છે.
- રમત અને પ્રવૃત્તિ તેમજ મઝા અને મોકળાશથી બાળક ઝડપથી અને લાંબા સમય સુધી યાદ રહે એવું શીખી શકે છે.
- તેઓએ શીખવાને રમકડું બનાવી દીધું અને પાઠ વાંચનને રસપ્રદ, જીવંત અને આનંદદાયક બનાવ્યા.

- NEP-2020માં ખાસ કરીને Foundational Stage (3 થી 8 વર્ષ) માં રમતાં-રમતાં શીખવાની પદ્ધતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. બાળક સ્વાભાવિક રીતે શીખે તે રીતના શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. રમત દ્વારા ભાષા, સામાજિકતા, સર્જનશીલતા, સમસ્યા હલ કરવાની શક્તિનો વિકાસ થાય તેવો આગ્રહ રાખવામા આવ્યો છે.

3. **ભયમુક્ત વાતાવરણ :**

- ગિજુભાઈ માનતા હતા કે શિક્ષણ ક્યારેય ભયથી સર્જાઈ શકતું નથી.
- માર-ધમકી, ડાંટ-ફટકારથી બાળક શીખવાને બદલે શૈક્ષણિક પ્રક્રિયાથી દૂર થઈ જાય છે.
- ગિજુભાઈએ ભયમુક્ત, સ્વાભાવિક અને પ્રોત્સાહક શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કરવામાં ભાર મૂક્યો.
- નાનાં ધોરણોમાં વાર્ષિક ઉચ્ચ દબાણવાળી પરીક્ષા નાબૂદી, સતત મૂલ્યાંકન, સાથી જૂથ પરીક્ષણ અને બહુઆયામી મૂલ્યાંકન પર ભાર, શિક્ષણ ભયમુક્ત, આનંદદાયક અને સ્વાભાવિક બનાવવાના પ્રયાસો NEP-2020માં કરવામાં આવ્યા છે.

4. **પ્રેમ અને સમજણ આધારિત શિસ્ત :**

- ગિજુભાઈના મત મુજબ શિસ્ત દબાણથી નહીં પણ પ્રેમ, સમજણ, વિશ્વાસ, સહાનુભૂતિ દ્વારા વિકસાવવાની છે. પ્રેમપૂર્ણ સંબંધો બાળકમાં જવાબદારી અને સ્વઅનુશાસન પેદા કરે છે.

  NEP-2020 અનુસાર,

- શાળામાં દબાણ, ડર અથવા દંડ નહીં, પરંતુ પ્રેમ, સંવાદ અને સમજ પર આધારિત શિસ્તનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- વિદ્યાર્થીમાં જવાબદારી અને નૈતિક સમજણ વિકસાવવાનો પ્રયત્ન થાય તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.
- શાળાનું વાતાવરણ ભયમુક્ત, સહાનુભૂતિપૂર્ણ અને પ્રોત્સાહક હોય તે સમજણ આધારિત શિસ્ત મતે આવશ્યક છે.
- મૂલ્યાંકનમાં માત્ર રટણ નહીં, પરંતુ સમજ, ઉપયોગ અને મૂલ્ય આધારિત મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવ્યો છે.
- શિક્ષણનું ધ્યેય માત્ર જ્ઞાન નહીં પરંતુ સારા મનુષ્ય - સારા નાગરિકનો વિકાસ થાય એ હોવું જોઈએ.

5. **માતૃભાષામાં શિક્ષણ :**

ગિજુભાઈના મતે પ્રાથમિક શિક્ષણ માટે માતૃભાષાનો ઉપયોગ ફરજિયાત છે. તેઓ જણાવતા હતા કે,

- બાળક માતૃભાષામાં ઝડપથી, ઊંડાણથી અને આનંદથી શીખે છે.
- માતૃભાષા વિચાર, અભિવ્યક્તિ અને જ્ઞાન મેળવવાની શ્રેષ્ઠ સીડી છે.
- NEP-2020 માં પ્રાથમિક શિક્ષણ માતૃભાષા / પ્રાદેશિક ભાષામાં મળે એ બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બાળક પોતાની ભાષામાં ઝડપથી અને ઊંડાણથી શીખી શકે છે. માતૃભાષા વિચાર અને અભિવ્યક્તિની મૂળભૂત આધારશિલા છે. આથી NEP-2020 પાયાનું શિક્ષણ માતૃભાષામાં જ મળે એનો આગ્રહ રાખે છે.

6. **અનુભવ અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસ :**

- ગિજુભાઈ પુસ્તકિયા અધ્યયનના વિરોધી હતા. તેઓ કહેતા “બાળક જાતે કરે છે ત્યારે સાચા અર્થમાં શીખે છે.” આથી તેમણે -
- કરવાથી શીખવું,
- જીવન અનુભવોને પાઠોથી જોડવું,
- પ્રોજેક્ટ, કૃતિ અને ચીજવસ્તુઓના ઉપયોગ પર ભાર મૂક્યો.
- NEP-2020 “ક્રિયા દ્વારા શીખવું” પદ્ધતિને પ્રોત્સાહન આપે છે. પ્રોજેક્ટ, પ્રયોગ, મૉડલ,

પ્રેક્ટિકલ વગેરે વિદ્યાર્થીને સક્રિય રાખી શકે તેવી શિક્ષણ પદ્ધતિ છે. મૂલ્યાંકન માત્ર યાદ શક્તિ નહીં, પણ અનુભવ અને કાર્ય કરવાની ક્ષમતા પર આધારિત છે એવું NEP-2020 માં જણાવવામાં આવ્યું છે.

7. **શિક્ષક મિત્ર સમાન :**

- ગિજુભાઈ માટે શિક્ષક "ગુરુ" નહીં, બાળકનો "મિત્ર" છે. શિક્ષકે ફક્ત બાળકને જ્ઞાન જ નથી આપવાનું પરંતુ તેણે બાળકના મિત્ર બની બાળકની સાથે બાળક બનવાનું છે. આથી શિક્ષક—વિદ્યાર્થી સંબંધ ભય અને અંતરના નહિ, પ્રેમ અને વિશ્વાસના બને છે. મિત્ર જેવા શિક્ષક માટે તેઓ કહે છે કે.....
- તે બાળકને સમજશે, તેની સાથે રમશે, તેને માર્ગદર્શન આપશે, તેની ભૂલને પ્રેમથી સુધારશે.
- NEP-2020 માં શિક્ષકની ભૂમિકા માત્ર પુસ્તક વંચાવનાર તરીકે નહીં પરંતુ શીખવાની પરિસ્થિત નિર્માણ કરવાની, વિદ્યાર્થીને માર્ગદર્શન આપવાની, વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાની છે. શિક્ષકની ભૂમિકા "knowledge–giver"થી "Learning Facilitator" ની બની છે.

8. **વાર્તા, ગીત અને કળાનો ઉપયોગ :**

- બાળકની કલ્પનાશક્તિ અને રસને જીવંત રાખવા ગિજુભાઈએ વાર્તા, ગીત, અભિનય, ચિત્રકળા, હસ્તકલા, રમતો વગેરેનો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કર્યો. તેનું પરિણામ એ જોવા મળ્યું કે બાળકો માટે જ્ઞાન ચિરંજીવી બન્યું. ગોખણપટ્ટીથી દૂર થઈ બાળકો શિક્ષણકાર્યમાં રસ લેતાં થયાં.

  NEP-2020માં કહ્યું છે કે,
- પ્રાથમિક શિક્ષણમાં બાળકોને રમત, વાર્તા, ગીત, ચિત્ર, નૃત્ય, સંગીત, હસ્તકલા, રોલપ્લે જેવી પ્રવૃત્તિઓ દ્વારા શીખવવાનું સૂચન કરવામાં આવ્યું છે.
- Art-Integrated Learning વિષયોને કલા સાથે જોડીને અભ્યાસ વધુ રસપ્રદ અને જીવંત બનાવવો.
- કળાનો ઉપયોગ સર્જનાત્મકતા વિકાસ, ભાવનાત્મક વિકાસ, સાંસ્કૃતિક જોડાણ અને મૂલ્ય-શિક્ષણ માટે કરવો.
- શિક્ષકને એવી તાલીમ આપવી કે તેઓ શીખવવામાં વાર્તા, ગીત અને કલા વગેરે જેવી પ્રવૃત્તિઓનો અસરકારક ઉપયોગ કરી શકે.
- કલા આધારિત શિક્ષણથી અનુભવ આધારિત અને આનંદમય શીખવાની પ્રક્રિયા શક્ય બને તેવી વ્યવસ્થા કરવી.

9. **સર્વાંગી વિકાસ :**

- ગિજુભાઈ વિકાસના તમામ આયામોને મહત્ત્વ આપતા હતા. શિક્ષણ માત્ર વાંચન—લખાણ સુધી મર્યાદિત નથી, પરંતુ શિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય તે બાબત પર તેઓ ભાર મૂકતા હતા. આથી તેમણે "શિક્ષણ એટલે સર્વાંગી વિકાસ" માનીને કાર્ય કર્યુ.

ગિજુભાઈના મતે વિકાસના કેટલાક આયામો નીચે મુજબ છે.

- બુદ્ધિ વિકાસ
- ભાવનાત્મક વિકાસ
- નૈતિક અને સામાજિક વિકાસ
- સર્જનશીલતા
- ભાષા અને અભિવ્યક્તિ
- NEP–2020 સર્વાંગી વિકાસને શિક્ષણનું મુખ્ય ધ્યેય માને છે. બુદ્ધિ વિકાસ, ભાવનાત્મક વિકાસ, ચારિત્ર્ય અને નૈતિક વિકાસ, શારીરિક વિકાસ, સર્જનાત્મકતા, જીવનકૌશલ્યનો વિકાસ શાળા કક્ષાએ જ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. વિષય આધારિત નહિ, પરંતુ વ્યક્તિત્વ આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

# જે. કૃષ્ણમૂર્તિના બાળપણમાંથી શીખવા જેવી વાતો



- જાગૃતિ પંડ્યા
આ. શિક્ષક, નગર પ્રા. શાળા નં. 33,
ભાઈકાકા નગર, બાકરોલ આણંદ.
મો. ૯૪૨૯૬૬૪૫૪૯

ભારતીય ફિલોસોફર, વક્તા અને બાળ કેળવણીકાર જે. કૃષ્ણમૂર્તિનું જીવન અને ફિલસૂફી માત્ર પુખ્ત વયના લોકો માટે જ નહીં, પણ બાળકોના શિક્ષણ અને વિકાસ માટે પણ એક ઊંડું માર્ગદર્શન પૂરું પાડે છે. જોકે, તેમના તત્ત્વજ્ઞાન પર ઘણાં પુસ્તકો અને પ્રવચનો ઉપલબ્ધ છે, પરંતુ તેમના પોતાના બાળપણના જીવનની ઝલક પણ આધુનિક શિક્ષણ અને બાળઉછેર માટે અમૂલ્ય પાઠ આપે છે. કૃષ્ણમૂર્તિના ઉપદેશોએ 20મી સદીના ઘણા ચિંતકો અને સામાન્ય માણસો પર ગહન અસર કરી છે, અને વિશ્વભરમાં તેમની શાળાઓ જેમકે, ઋષિ વેલી, સહ્યાદ્રી સ્કૂલ જે આજે પણ તેમના શિક્ષણના આદર્શોને જીવંત રાખે છે. કૃષ્ણમૂર્તિએ બાળપણમાં જ દુનિયાને એવા દૃષ્ટિકોણથી જોઈ હતી, જે પછીના સમયમાં વિશ્વના શિક્ષણપ્રણાલીની વિચારસરણીને બદલી નાખે તેવો સાબિત થયો.

જે. કૃષ્ણમૂર્તિનો જન્મ 1895માં મદનપલ્લી, આંધ્રપ્રદેશમાં એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતા રેવન્યૂ ખાતામાં અને પછી થિયોસોફિકલ સોસાયટીમાં કર્મચારી હતા. તેમની માતા ધાર્મિક અને કૃષ્ણભક્ત હતાં.

કૃષ્ણમૂર્તિનું બાળપણ એક વિશિષ્ટ પ્રકારે ઘડાયું હતું. બાળકોને ખૂબ જ ઉપયોગી એવું એમનું બાળપણ પ્રેરણાદાયી બની રહ્યું છે. શાળામાં તેઓ અંતર્મુખ, શૂન્યમનસ્ક અને શરમાળ વિદ્યાર્થી હતા. આ સામાન્ય અને અસામાન્ય બાળપણની ઘટનાઓમાંથી આપણે કેટલાક મહત્ત્વના પાઠ શીખી શકીએ છીએ.

જે કૃષ્ણમૂર્તિનો બાળપણનો એક પ્રસંગ છે.

એક દિવસ બાળ કૃષ્ણમૂર્તિ પોતાના ગામની નદીના કિનારે બેઠા હતા. તે સમયે લગભગ 8–9 વર્ષની ઉંમર હતી. સાંજનો સમય હતો. હળવો પવન ફૂંકાતો હતો અને સામે ઊભેલા મોટા વટવૃક્ષનાં પાંદડાં ધીમે ધીમે હલતાં હતાં. કૃષ્ણમૂર્તિ કલાકો સુધી એ જ દૃશ્ય જોયા કરતા.

ઘરે વડીલોને ચિંતા થવા લાગી-

''કૃષ્ણા ક્યાં ગયો?''

બધાં શોધતાં શોધતાં નદીકાંઠે પહોંચ્યાં. ત્યાં જોઈને બધાં આશ્ચર્યચકિત થઈ ગયાં-

કૃષ્ણમૂર્તિ સંપૂર્ણ નિસ્તબ્ધ, શાંત, એકાગ્ર અને આસપાસની પ્રકૃતિમાં લીન થઈને બેઠા હતા.

વડીલોએ પૂછ્યું:

''બેટા, અહીં કલાકોથી શું કરતો હતો?''

તે નિર્દોષ હાસ્ય સાથે બોલ્યોઃ

''હું કશું કરતો નહોતો, બસ વૃક્ષનાં પાંદડાંનું સંગીત સાંભળતો હતો.''

વડીલોને સમજાયું નહીં. પરંતુ કૃષ્ણમૂર્તિના હૃદયમાં ખૂબ ઊંડું કંઈક જન્મ્યું હતું. તેમના માટે પાંદડાંનું હલવું માત્ર અવાજ નહોતો ; તે પ્રકૃતિ સાથેનો એક આંતરિક સંવાદ હતો.

નાની ઉંમરમાં જ તેમને સમજાયું કે-

પ્રકૃતિ આપણને સતત કંઈક શીખવે છે

મૌનમાં પણ સંગીત છે. માણસનું મન શાંત હોય ત્યારે જ સત્ય અનુભવાય છે

પછી જીવનભર કૃષ્ણમૂર્તિ લોકોને કહેતા રહ્યાઃ

''જ્યારે મન શાંત હોય ત્યારે જ દુનિયા સ્પષ્ટ દેખાય છે.''

જે. કૃષ્ણમૂર્તિ નાના હતા ત્યારે ખૂબ બીમાર રહેતા હતા. તેમની શારીરિક નબળાઈથી તેમના ઘરમાં બધાં ખૂબ ચિંતિત હતા. એક વાર તેમને એક વૈદ્ય પાસે લઈ જવામાં આવ્યા. વૈદ્યે તેમને નિયમિત પ્રાણાયામ અને કસરત કરવા કહ્યું. બસ ત્યારથી તેઓએ આજીવન એ નિયમ અપનાવી

લીધો અને જીવનના અંત સુધી સ્વસ્થ રહ્યા.

બાળક કૃષ્ણાના જીવનમાંથી બાળકોને શીખવા જેવાં અનેક મૂલ્યો છે જેમાંથી થોડાઘણાં મૂલ્યોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**1. શૂન્યમનસ્કતા અને નિરીક્ષણ :**

બાળપણમાં કૃષ્ણમૂર્તિને તેમના શિક્ષકો અને પિતા દ્વારા 'મંદબુદ્ધિ' કે 'શૂન્યમનસ્ક' ગણવામાં આવતા હતા. તેઓ ભણવામાં નબળા હતા અને શાળાનું શિક્ષણ તેમને ક્યારેય આકર્ષી શક્યું નહોતું. જોકે, પાછળથી આ જ બાળક વિશ્વના મહાન ચિંતક અને વક્તા બન્યા.

દરેક બાળકની પોતાની શીખવાની ગતિ અલગ અલગ હોય છે. દરેક બાળક પાસે વિશિષ્ટ બુદ્ધિમત્તા હોય છે.

બાળકની બુદ્ધિમત્તાને માત્ર શૈક્ષણિક સિદ્ધિઓના સાંકડા માપદંડોથી માપવી ન જોઈએ. જે બાળક 'શૂન્યમનસ્ક' દેખાય છે, તે કદાચ પ્રકૃતિ, જીવન અને પોતાની આસપાસના જગતનું 'પસંદગી વગરનું નિરીક્ષણ' કરી રહ્યો હોય છે. કૃષ્ણમૂર્તિની શૂન્યમનસ્કતા તેમની આંતરિક જાગૃતિ અને નિરીક્ષણ શક્તિનું પ્રારંભિક સ્વરૂપ હોઈ શકે છે.

શિક્ષકો અને માતા-પિતાએ બાળકોને 'નબળા', 'ડલ' કે 'શરમાળ' જેવાં લેબલ ન લગાવવા જોઈએ. આ લેબલ બાળકના આત્મસન્માન અને ક્ષમતાને કુંઠિત કરે છે.

**2. કુદરત પ્રત્યેનો ગહન પ્રેમ અને સંવેદનશીલતા :**

કૃષ્ણમૂર્તિના બાળપણનાં ઘણાં વર્ણનોમાં તેમનો પ્રકૃતિ પ્રત્યેનો ઊંડો પ્રેમ જોવા મળે છે. તેઓ ઘણીવાર દરિયાકિનારે, વૃક્ષોની વચ્ચે કે આકાશ તરફ તાકી રહેતા. પ્રકૃતિ સાથેનું જોડાણ આંતરિક શાંતિ અને ગહન સમજણનો આધાર છે. આ પ્રકૃતિપ્રેમ તેમની પાછળની ફિલોસોફીમાં પણ દેખાય છે, જ્યાં તેઓ મનુષ્ય અને કુદરત વચ્ચેના જોડાણ પર ભાર મૂકે છે.

પ્રકૃતિ સાથેનો સમય બાળકમાં સંવેદનશીલતા અને સહાનુભૂતિ વિકસાવે છે. પક્ષી, ફૂલો કે પશુને જોવાથી બાળકના મનમાં શાંતિ અને જિજ્ઞાસા જન્મે છે.

ધ્યાન અને હાજરી પ્રકૃતિમાં રહેવાથી બાળક 'વર્તમાન ક્ષણ' માં રહેવાનું શીખે છે, જે કૃષ્ણમૂર્તિના શિક્ષણનું કેન્દ્રબિંદુ છે. બાળક શાંતિથી બેસીને નિરીક્ષણ કરે ત્યારે તે એક પ્રકારનું ધ્યાન જ કરે છે.

**3. થિયોસોફિકલ સોસાયટીમાં પ્રવેશ અને 'વિશ્વગુરુ' બનવાની ઘોષણા :**

1909માં, માત્ર 14 વર્ષની ઉંમરે; તેમને એની બેસન્ટ કે જેઓ , થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ હતા , તેમના દ્વારા શોધી કાઢવામાં આવ્યા. તેમની આસપાસ એક 'વિશિષ્ટ ઓરા' અને 'શુદ્ધતા' જોવા મળી, અને તેમને 'વિશ્વના જગતગુરુ' કરુણાસભર બોધિસત્ત્વ મૈત્રેયના અવતાર તરીકે ઘોષિત કરવામાં આવ્યા.

બાહ્ય અપેક્ષાઓ અને ભૂમિકાઓની જાળમાંથી મુક્તિ. કૃષ્ણમૂર્તિને એક તૈયાર ભૂમિકામાં ઢાળવાનો પ્રયાસ થયો, કૃષ્ણમૂર્તિએ બતાવી આપ્યું કે બહારના લોકોએ આપણી માટે નક્કી કરેલી ભૂમિકાને સ્વીકારવાને બદલે, વ્યક્તિએ પોતાની સાચી ઓળખ જાતે શોધવી જોઈએ. બાળપણમાં માતા-પિતા કે શિક્ષકોની અપેક્ષાઓનું ભારણ બાળકના સ્વતંત્ર વિકાસને અટકાવે છે.

તેમણે શીખવ્યું કે 'સત્ય એ પથ વિનાની ભૂમિ છે'. એટલે કે, બાળકે કોઈ પણ ધર્મ, વિચારધારા કે સંગઠનના બંધનમાં બંધાયા વગર, પોતાના આંતરિક અધિકારી પર વિશ્વાસ રાખીને સત્યનો માર્ગ શોધવો જોઈએ.

**4. પારિવારિક સંઘર્ષ અને માતાનો પ્રેમ :**

કૃષ્ણમૂર્તિનું બાળપણ મુશ્કેલીઓથી ભરેલું હતું. તેઓએ તેમની માતા સંજીવમ્માને ખૂબ જ નાની ઉંમરે ગુમાવી દીધાં હતાં. આનાથી તેમને અને તેમના ભાઈને ભારે દુઃખ અને સંઘર્ષનો સામનો કરવો પડ્યો.

પડકારોનો સામનો કરવો અને આંતરિક મજબૂતી કેળવવી. જીવનની આ પ્રારંભિક ખોટ અને મુશ્કેલીઓએ તેમને એક ઊંડો માનવીય આધાર પૂરો પાડ્યો.

# વેડછીનો વડલો અને કેળવણીનો છાંયડો



- વિનોદભાઈ આર. શિયાળ
મદદનીશ શિક્ષક છ-૨૦, ગોપીનાથ સોસાયટી, બોટાદ રોડ, તા. ગઢડા, જિ. બોટાદ. મો. ૯૮૨૪૩૮૫૨૯૦

બાળકેળવણીના જ્યોતિર્ધરઃ જુગતરામ દવે

**જુગતરામની જીવનયાત્રા :**

પશ્ચિમ ભારતના ગુજરાત રાજ્યમાં, સૌરાષ્ટ્રના ઝાલાવાડની પવિત્ર ભૂમિમાં, 1 સપ્ટેમ્બર, 1892ના રોજ જન્મેલા જુગતરામ ચીમનલાલ દવે એક એવા મહામાનવ હતા જેમણે માત્ર આઝાદીની લડતમાં જ નહીં, પણ ભારતીય કેળવણી અને સમાજસેવાના ક્ષેત્રમાં પણ અમીટ છાપ છોડી છે. તેમના જીવનનું પ્રારંભિક ઘડતર મુંબઈમાં થયું, જ્યાં તેમને આધ્યાત્મિક વાતાવરણ અને સાધુ-સંતોનો સંગ મળ્યો. જોકે, તેમના જીવનને એક નવી દિશા આપનાર પ્રેરણા મળી સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકરના સંસર્ગમાંથી, જેના થકી તેઓ મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમ અને તેમના રચનાત્મક કાર્ય સાથે જોડાયા.

મેટ્રિક અનુત્તીર્ણ હોવા છતાં, તેમનું જ્ઞાન અને વિદ્વત્તા અત્યંત ઊંચી કક્ષાનાં હતાં. તેમણે 'વીસમી સદી' માસિકમાં પત્રકાર તરીકેની તાલીમ મેળવી અને ત્યારબાદ 1919થી 1923 દરમિયાન ગાંધીજીના 'નવજીવન' સાપ્તાહિકની જવાબદારી સંભાળી. પરંતુ જુગતરામ-ભાઈના જીવનનો ખરો પ્રયોગક્ષેત્ર બન્યો છે દક્ષિણ ગુજરાતનો આદિવાસી વિસ્તાર એટલે કે વેડછી.

1928 પછીનું તેમનું સમગ્ર જીવન વેડછી આશ્રમમાં આદિવાસી ગ્રામસેવા અને આશ્રમી કેળવણીમાં સમર્પિત રહ્યું. તેમને 'નઈ તાલીમ'ના સિદ્ધાંતોને અનુરૂપ શિક્ષણની ધૂણી ધખાવી, જ્યાં ચારિત્ર્યઘડતર, રચનાત્મક પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય આદર્શોને સર્વોચ્ચ સ્થાન મળ્યું. આ સેવાકાર્યને લીધે જ તેઓ 'વેડછીનો વડલો'ના આદરણીય નામે ઓળખાયા. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન તેમણે સવિનય કાનૂનભંગ અને 'હિંદ છોડો'ની લડતમાં સક્રિય ભાગ લીધો, જેના પરિણામે તેમણે કુલ 9 વર્ષનો જેલવાસ પણ ભોગવ્યો. સેવા, શિક્ષણ અને સાહિત્ય એમ ત્રિવેણી સંગમ સમાન તેમનું જીવન રહ્યું. આદિવાસી-ઓના 'દૂબળા' નામમાંથી 'હળપતિ' નામ સ્થાપિત કરવું એ તેમનું એક અદ્દભુત કવિકર્મ અને ક્રાંતિકારી દૃષ્ટિકોણનું પ્રતીક હતું.

**જુગતરામનું કવન અને સાહિત્યિક યોગદાન :**

જુગતરામ દવે એક ઉત્તમ શિક્ષક, ગાંધીવાદી રચનાત્મક કાર્યકર હોવાની સાથે સાથે એક સંવેદનશીલ સાહિત્યકાર પણ હતા. તેમનું સાહિત્યસર્જન ભગવદ્ ગીતાના ઊંડા પ્રભાવથી રંગાયેલું હતું.

**કવિતા અને ગીત :** તેમનું કાવ્યસર્જન પ્રાસંગિક હોવા છતાં ગુણવત્તામાં ઊંચું હતું. 'કૌશિકાખ્યાન', 'ગીતાગીતમંજરી', 'ગ્રામ ભજનમંડળી' અને 'ઈશ ઉપનિષદ' જેવી રચનાઓમાં માધુર્ય, ગેયતા અને લોકવાણીની સરળતાનું સૌંદર્ય જોવા મળે છે.

**નાટિકાઓ :** તેમણે 'આંધળાનું ગાડું', 'પ્રહ્‌લાદ નાટક અને સહનવીરનાં ગીતો', 'ખેડૂતનો શિકારી' જેવી નાટિકાઓ દ્વારા લોકશિક્ષણ અને મનોરંજનનું કાર્ય કર્યું.

**બાળસાહિત્ય અને શિક્ષણ :** બાળસાહિત્ય અને બાળશિક્ષણમાં તેમને વિશેષ રુચિ હતી, જે તેમના બાળઉછેર સંબંધી માર્ગદર્શનનો પાયો છે.

**અન્ય ગદ્ય :** 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' તેમનો મહત્ત્વનો નિબંધ છે, જે તેમની શૈક્ષણિક ફિલસૂફીને ઉજાગર કરે છે.

1971 થી 1978 સુધી તેમણે 'વટવૃક્ષ' માસિકનું સંપાદન કરીને પોતાના વિચારોનો વિસ્તાર કર્યો. તેમનું સમગ્ર સાહિત્ય માત્ર શાબ્દિક સૃષ્ટિ નહીં, પણ જીવન જીવવાની કળા અને સંસ્કાર સિંચનની પ્રેરણા આપે છે.

**બાળઉછેર સંબંધી માર્ગદર્શન : માતૃશક્તિ, પિતૃછાયા અને ગુરુદૃષ્ટિ :**

જુગતરામ દવેનું બાળઉછેર સંબંધી માર્ગદર્શન ગાંધીજીના 'નઈ તાલીમ'ના સિદ્ધાંતો પર આધારિત છે, જે માતા-પિતા અને શિક્ષકો ત્રણેયને બાળકના સર્વાંગી વિકાસ માટેની પથદર્શિકા પૂરી પાડે છે. તેમના મતે, બાળક એ માટીનો એક એવો કણ છે જેને શિલ્પીના કૌશલ્યથી જીવનનું શ્રેષ્ઠતમ રૂપ આપી શકાય છે.

**આશ્રમી કેળવણી અને સર્વાંગી વિકાસ :**

જુગતરામ દવે શિક્ષણને માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતું સીમિત માનતા નહોતા. તેમના મતે, સાચી કેળવણી એ છે જે બાળકને જીવન જીવવા માટે તૈયાર કરે.

**કર્મ દ્વારા જ્ઞાન (નઈ તાલીમ) :** તેઓ માનતા હતા કે બાળકને શીખવવાને બદલે તેને પ્રવૃત્તિઓ દ્વારા શીખવા દો. કાંતણ, વણાટ, ખેતી, સફાઈ જેવાં શ્રમનાં કાર્યો દ્વારા બાળક શ્રમનું મહત્ત્વ, સ્વાવલંબન અને વ્યાવહારિક જ્ઞાન મેળવે છે. શિક્ષકોએ ભણતરને જીવન સાથે જોડવું જોઈએ.

**ચારિત્ર્યનું ઘડતર :** બાળકના ચારિત્ર્ય નિર્માણને તેમણે સર્વોચ્ચ સ્થાન આપ્યું. સત્ય, અહિંસા, અપરિગ્રહ, નિર્ભયતા અને બ્રહ્મચર્ય જેવાં આશ્રમી મૂલ્યોનું બીજારોપણ બાળપણથી થવું જોઈએ. આ માટે, માતા-પિતા અને શિક્ષકોનું આચરણ જ આદર્શરૂપ હોવું જોઈએ, કારણ કે બાળક ઉપદેશ કરતાં અનુકરણમાંથી વધુ શીખે છે.

**શરીર, મન અને આત્માનો સમન્વય :** શિક્ષણ એ ત્રિ-આયામી પ્રક્રિયા છે. બાળકનું શરીર શ્રમથી સ્વસ્થ બને, મન જ્ઞાનથી શુદ્ધ બને અને આત્મા સંસ્કારોથી ઉજ્જ્વળ થાય.

**માતા-પિતા માટે માર્ગદર્શન :**

**ઘર એ પ્રથમ પાઠશાળા :** જુગતરામભાઈએ માતા-પિતાને બાળકના જીવનના પ્રથમ અને સૌથી મહત્ત્વના શિક્ષકો ગણાવ્યાં છે. ઘર એ બાળક માટે સંસ્કારની ગંગોત્રી અને પ્રથમ શાળા છે. અહીં જ બાળક જીવનના પાયાના પાઠ શીખે છે. માતા-પિતા બાળકના પ્રથમ શિક્ષક બને છે, જેઓ તેને પ્રેમ, સહકાર, શિસ્ત અને સારા વ્યવહારના પાઠ શીખવે છે. ઘરનું વાતાવરણ બાળકના વ્યક્તિત્વ અને ભાવિનું ઘડતર કરે છે. અહીંથી જ બાળકમાં સારાં મૂલ્યોનું સિંચન થાય છે, જે તેને સારો નાગરિક બનાવે છે.

**સંસ્કારનું સિંચન :** બાળકના મનમાં ધાર્મિક, નૈતિક અને રાષ્ટ્રીય સંસ્કારોનું સિંચન કરવું એ માતા-પિતાની પવિત્ર ફરજ છે. ઘરમાં નિયમિત પ્રાર્થના, ભજન અને નીતિમય વાતાવરણ બાળકના માનસને શુદ્ધ બનાવે છે.

**નિર્ભયતા અને સ્વાવલંબન :** બાળકને નાની ઉંમરથી જ પોતાનાં કાર્યો જાતે કરવાની ટેવ પાડવી જોઈએ. આત્મનિર્ભરતાનું શિક્ષણ બાળકમાં આત્મવિશ્વાસ અને નિર્ભયતા પેદા કરે છે. ખોટી પરાધીનતા બાળકને કમજોર બનાવે છે.

**અતિશય લાડ કે કઠોરતાનો ત્યાગ :** બાળક પ્રત્યે અતિશય લાડ કે અકારણ કઠોરતા, બંને હાનિકારક છે. પ્રેમ અને શિસ્તનું સંતુલન જ સાચા ઉછેરની ચાવી છે. બાળકની ભૂલોને પ્રેમથી સમજાવો, સજાથી નહીં.

**શિક્ષકો માટે માર્ગદર્શનઃ શાળામાં ગુરુજનોની ભૂમિકા :**

શિક્ષકોને તેમણે સમાજ અને રાષ્ટ્રના ઘડવૈયા કહ્યા છે. શિક્ષકનું કાર્ય માત્ર ભણાવવાનું નહીં, પણ બાળકના જીવનને આકાર આપવાનું છે.  જેમકે ચાકડાનું સર્જન માટીને મૂલ્યવાન બનાવે છે.

**શિક્ષક નહીં, સહાયક બનો :** શિક્ષકે પોતાને જ્ઞાન આપનાર સત્તાધીશ નહીં, પણ બાળકની સહજ શક્તિઓ અને રુચિઓને ખીલવવામાં મદદ કરનાર સહાયક (Facilitator) તરીકે જોવો જોઈએ.

**વ્યક્તિગત ધ્યાન :** દરેક બાળક વિશિષ્ટ છે. શિક્ષકે બાળકની શક્તિઓ, મર્યાદાઓ અને રુચિઓને સમજીને તેને વ્યક્તિગત માર્ગદર્શન આપવું જોઈએ. બાળકની અંદર રહેલા સદ્‌ગુણોને ઓળખીને તેને પોષવા જોઈએ.

**સાહિત્ય અને સંગીતનો ઉપયોગ :** જુગતરામભાઈ બાળસાહિત્ય અને લોકવાણીની સરળતાવાળાં ગીતોના પ્રભાવને સમજતા હતા. શિક્ષકે શિક્ષણમાં કાવ્યો, લોકવાર્તાઓ અને સંગીતનો ઉપયોગ કરવો જોઈએ, જેથી શિક્ષણ રસપ્રદ અને સંસ્કારલક્ષી બને.

# 'બાળવિશ્વ' વિશે

❖ 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.

❖ લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.

❖ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.

❖ **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિરની પાસે, સેક્ટર-29, ગાંધીનગર - 382 030.

ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**

❖ લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઇલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.

❖ 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.

❖ સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.

❖ 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.

❖ જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.

❖ 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## ગિજુભાઈ બધેકાની 140મી જન્મજયંતિની ઉજવણી



ગિજુભાઈ બધેકાની 140મી જન્મ-જયંતિ નિમિત્તે 15 દિવસીય બાળઆનંદયાત્રા અને સ્મૃતિ વંદના જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. 1 નવેમ્બરથી 15 નવેમ્બર સુધી પખવાડિક ઉજવણીના ભાગરૂપે ગિજુભાઈ બધેકા ચેર દ્વારા “બાળ આનંદયાત્રા”નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સતત 15 દિવસ સુધી આંનદમય વિવિધ બાળગીત, બાળવાર્તા, બાળપ્રવૃત્તિ અને બાળરમતો ડિજિટલ મીડિયા મારફતે ગુજરાતભરના બાળકો સુધી મોકલવામાં આવી હતી.

‘ગિજુભાઈ બધેકા AI ક્વિઝ’ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પખવાડિક ઉજવણીના અંતે 15 નવેમ્બર-2025ના રોજ માનનીય કુલગુરુશ્રી ડૉ. ટી. એસ. જોષીના અધ્યક્ષતામાં GCERT-ગાંધીનગર ખાતે ‘સ્મૃતિ વંદના’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડૉ. ધર્માંશુ વૈદ્ય, ડૉ. સંજય પટેલ દ્વારા મનનીય વ્યાખ્યાનો થયા હતા.

## આંગણવાડી તેડાગર બહેનોની ‘રસોઈ તાલીમ’ કાર્યક્રમ યોજાયો



## ‘ભારતીય શિક્ષણ તથા સંશોધન પદ્ધતિઓ’ પર રાષ્ટ્રીય પરિસંવાદ




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને વિદ્યાભારતી, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું જીવંત પ્રસારણ બાયસેગ દ્વારા ‘વંદે ગુજરાત-ચેનલ 5’ તથા યુનિવર્સિટીની યુટ્યુબ ચેનલ મારફતે થયું. ભારતીય જ્ઞાન પરંપરા પર આધારિત આ રાષ્ટ્રીય પરિસંવાદની અધ્યક્ષતા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ કરી હતી. મુખ્ય વક્તા તરીકે માન. શ્રી અવનીશ ભટનાગર, ઉપપ્રમુખ, વિદ્યાભારતી તથા સલાહકાર, એનસીઈ-આરટી હાજર રહ્યા; વિશેષ વક્તા તરીકે ડૉ. હિતેશ જાની, કુલપતિ, ગૌ વિશ્વ વિદ્યાપીઠમનું ઉર્જાસભર માર્ગદર્શન પ્રાપ્ત થયું; જ્યારે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલગુરૂશ્રી ડૉ. ટી.એસ. જોષી તથા વિદ્યાભારતીના મહામંત્રીશ્રી વિષ્ણુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## ‘કરંટ રૂટ્સ ઓફ હેલ્થઃ ફૂડ એન્ડ ન્યૂટ્રીશિયન ઈન ઈન્ડિયન ટ્રેડિશનલ નોલેજ’ વિષય પર વર્કશોપ



RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.

બાળક જે કરવા માગે તે કરવા દો. તેની શારીરિક, માનસિક અને અન્ય ક્રિયાઓને સ્વયં કરવા પ્રેરિત કરો. સંપૂર્ણ સ્વતંત્રતા આપવાથી બાળકની અંદર રહેલી શક્તિઓ સ્વાભાવિક રીતે વિકસીત થાય છે.

- ગિજુભાઈ બધેકા

Book-Post

सत्यम् ऋतम् बृहत्

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

જલારામ મંદિરની પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦.
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar